પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૪-૦૨-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી ખેડૂતોને નુકસાન નહીં : ગોયલ

## લોકસભામાં ખેડૂતોના હિતોના રક્ષણ અંગે વાણિજયમંત્રી ગોયલે ખાતરી આપી : વિપક્ષી સભ્યોએ હંગામો મચાવતા ગૃહ બપોર સુધી સ્થગિત



નવી દિલ્હી, તા. ૪

લોકસભામાં બોલતા કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ ખેડૂતોના હિતોનું રક્ષણ કરે છે. એક વર્ષની વાટાઘાટો પછી આ ડીલ થઈ છે. ગોયલે કહ્યું- ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી ખેડૂતોને કોઈ નુકસાન થશે નહીં.

પીયૂષ ગોયલે કહ્યું- ફેબ્રુઆરી ૨૦૨૫માં પીએમ મોદીની અમેરિકા મુલાકાત પછી, બંને દેશો ડીલ પૂર્ણ કરવા માટે સતત ચર્ચા કરતા રહ્યા. બંને પક્ષોના વાટાઘાટકારોએ વિવિધ સ્તરે ચર્ચા કરી.

ભારત તેના કૃષિ અને ડેરી ક્ષેત્રોના હિતોનું રક્ષણ કરવામાં સફળ રહ્યું છે, જે બંને દેશોના હિતમાં અને તેના પોતાના અર્થતંત્રમાં પણ છે. યુનાઈટેડ સ્ટેટ્સે ભારત પર અન્ય ઘણા દેશો કરતા ઓછા ટેરિફ લાદ્યા છે.

વિપક્ષના આઠ સસ્પેન્ડ કરાયેલા સાંસદો સંસદના મકરા ગેટ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સાંસદો એવા પોસ્ટરો લઈને ઉભા છે જેના પર લખેલું છે- પીએમ ઈઝ કોમ્પ્રોમાઈઝ્ડ.આ દરમિયાન, લોકસભામાં બજેટ સત્રના છઠ્ઠા દિવસે કાર્યવાહી શરૂ થતાં જ, વિપક્ષે અમેરિકા-ભારત ટ્રેડ ડીલ પર હોબાળો મચાવ્યો. સ્પીકરે સાંસદોને પ્રશ્નકાળ દરમિયાન હોબાળો ન કરવા જણાવ્યું. તેમણે ગૃહની શિષ્ટાચાર જાળવી રાખવી જોઈએ.

ત્યારબાદ સ્પીકર બિરલાએ ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધું. ગૃહ ફક્ત પાંચ મિનિટ માટે જ ચાલ્યું. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ યુએસ ટ્રેડ ડીલ પર ગૃહમાં સંબોધન કરશે.રાષ્ટ્રપતિના અભિભાષણ પર સાંજે ૫ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગૃહમાં સંબોધન કરશે. આ દરમિયાન, ચીની ટેન્ક ઘૂસણખોરીના મુદ્દા પર રાહુલ ગાંધીના ભાષણને કારણે છેલ્લા બે દિવસથી હોબાળો ચાલી રહ્યો છે.

બુધવારના કાર્યસૂચિ મુજબ, સાંસદ જય પ્રકાશ અને બાલાશૌરી વલ્લભનેની ૨૦૨૫-૨૬ માટે જાહેર હિસાબ સમિતિનો અહેવાલ રજૂ કરશે. આમાં રેલવે, OCI કાર્ડ ફી, વિદેશમાં સાંસ્કૃતિક કેન્દ્રો અને પાક વીમા યોજના સંબંધિત બાબતોના અહેવાલોનો સમાવેશ થાય છે.

રેલ્વેમાં ટ્રેનો સમયસર ચાલી રહી છે કે કેમ: ભારતીય રેલવેમાં ટ્રેનોની સમયસરતા અને મુસાફરીના સમયની તપાસ અંગેનો ૩૬મો અહેવાલ ગૃહમાં રજૂ કરવામાં આવશે.

OCI કાર્ડ ફીમાં ગડબડી: ઓવરસીઝ સિટિઝનશિપ ઓફ ઈન્ડિયા (OCI) કાર્ડ માટે ફી નક્કી કરતી વખતે લાગુ કરાયેલા ખોટા વિનિમય દરોને કારણે સરકારને ઘટાડો થયો. આ બાબતે રિપોર્ટ દાખલ

અનુસંધાન પાના ૭ પર

# ઉધમપુરમાં ગુફામાં છૂપાયેલા બે આતંકીઓને ઘેરી લેવાયા

### સુરક્ષાદળો સાથેની અથડામણમાં એક આતંકવાદીને ગોળી વાગી

નવી દિલ્હી, તા. ૪

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લાના બસંતગઢ વિસ્તારમાં મંગળવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ. આ અથડામણ ઓપરેશન 'કિયા' દરમિયાન થઈ.

સેનાની વ્હાઈટ નાઈટ કોર હેઠળ CIF ડેલ્ટા, જમ્મુ-કાશ્મીર પોલીસ અને CRPFની સંયુક્ત ટીમે આતંકવાદીઓ છુપાયાની માહિતી મળ્યા બાદ બસંતગઢ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

મંગળવારે બપોરે લગભગ ૪ વાગ્યે જંગલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન છુપાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો. જવાનોએ તરત જ જવાબી કાર્યવાહી કરી, ત્યારબાદ અથડામણ શરૂ થઈ.

રામનગરના જોહપર-મર્તા ગામમાં શંકાસ્પદ લોકોની અવરજવર અંગે સુરક્ષા એજન્સીઓને વિશેષ ગુપ્ત માહિતી મળી હતી. ત્યારબાદ વિસ્તારમાં કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું.

આતંકવાદીઓના ભાગી જવાની આશંકાને ધ્યાનમાં રાખીને સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. તમામ એક્ઝિટ પોઈન્ટ સીલ કરી દેવામાં આવ્યા છે અને વધારાના સુરક્ષા દળોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. ઓપરેશન હજુ ચાલુ છે.PTI મુજબ, સેના, પોલીસ અને ઝઈહ્નની સંયુક્ત ટીમે રામનગરના જાફર જંગલ વિસ્તારમાં એક ગુફાની અંદર બે જૈશ-એ-મોહમ્મદ આતંકવાદીઓને શોધી કાઢ્યા. લગભગ એક કલાક સુધી ચાલેલી અથડામણ દરમિયાન એક આતંકવાદીને ગોળી વાગી, પરંતુ તે તેના સાથી સાથે ગુફાની અંદર જતો રહ્યો.

અધિકારીઓ અનુસાર, મંગળવારે સાંજે લગભગ ૭:૩૦ વાગ્યે આતંકવાદીઓએ અંધારાનો લાભ ઉઠાવીને ગુફામાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન ફરીથી ફાયરિંગ થયું અને જોરદાર ધડાકાનો અવાજ સંભળાયો. ત્યારબાદ વધારાના સુરક્ષા દળોને વિસ્તારમાં મોકલવામાં આવ્યા અને ઘેરાબંધી વધુ કડક કરવામાં આવી.વ્હાઈટ નાઈટ કોરે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે ઈન્ટેલિજન્સ આધારિત સંયુક્ત ઓપરેશન હેઠળ CIF ડેલ્ટાના જવાનોએ જમ્મુ-કાશ્મીર

અનુસંધાન પાના ૭ પર

# 'સર'ના મુદ્દે મુખ્યમંત્રી મમતા બેનરજી ખુદ સુપ્રિમ કોર્ટ પહોંચ્યા

### મમતાએ ચૂંટણીપંચ સામે છેડેલી લડાઈમાં મહત્વનો પડાવ

નવી દિલ્હી, તા. ૪

ચૂંટણી પંચની મતદાર યાદી ગહનપુનઃ નિરીક્ષક કાર્યવાહી જેને `SIR' તરીકે ઓળખવામાં આવે છે તેમાં સર્જાયેલા વિવાદમાં લડાઈ છેક સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી છે. તેમાં આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ખુદ સુપ્રિમ કોર્ટમાં દલીલો રજુ કરે તેવા સંકેત છે.મમતા બેનરજી સુપ્રિમ કોર્ટમાં પહોંચી ગયા છે અને તેઓ મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની ખંડપીઠ સમક્ષ `SIR'ની કાર્યવાહીમાં જે રીતે મતદારના મોટાપાયે નામ કમી થઈ રહ્યા છે તે અંગે દલીલો કરશે.મમતા બેનરજીની સાથે તેમના ભત્રીજા અભિષેક બેનરજી પણ મોજુદ છે એ પ્રથમ વખત બની રહ્યું છે કે દેશના કોઈ મુખ્યમંત્રી સુપ્રિમ કોર્ટ સમક્ષ અરજદાર તરીકે દલીલ કરવા પહોંચ્યા હોય `SIR' મુદ્દે જે ત્રણ અલગ-અલગ અરજીઓ થઈ છે તેની એક સાથે આજે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી થઈ રહી છે અને તેમાં એક અરજીમાં મમતા બેનરજી ખુદ અરજદાર છે.

તેઓને સુપ્રિમ કોર્ટમાં દલીલો કરવાનો અધિકાર છે જેના આધારે મમતા બેનરજી `SIR'ની પ્રક્રિયાથી લોકશાહી સામે સૌથી મોટો ખતરો સર્જાશે તેવા મંતવ્ય સાથે દલીલ કરે તેવા સંકેત છે. અગાઉ જ સુપ્રિમ કોર્ટે `SIR' પ્રક્રિયા મુદ્દે ચૂંટણી પંચને અનેક વખત ટપાર્યું છે. વાસ્તવમાં મમતા બેનરજી ખુદ ધારાશાી છે તેણે કલકતાની કોલેજમાંથી કાનૂનની ડીગ્રી લીધી છે અને તેઓ ૨૦૦૩ સુધી સુપ્રિમ કોર્ટ સહિતની અદાલતોમાં હાજરી આપી ચૂક્યા છે.

મમતા બેનરજીએ ૨૪-જૂન-૨૦૨૫ અને ૨૭ ઓક્ટોબર

અનુસંધાન પાના ૭ પર

### કોરિયન લવ ગેમને રવાડે ચટેલી

# ત્રણ સગીર સગી બહેનો ૯મા માળ પરથી એક સાથે કૂદી પડી

### હવે તમને અહેસાસ થશે કે અમે ગેમને કેટલો પ્રેમ કરતા હતા : સુસાઈડ નોટ

નવી દિલ્હી, તા. ૩

ગાઝિયાબાદમાં ત્રણ સગી બહેનોએ નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી. મંગળવારે રાત્રે ૨ વાગ્યે ત્રણેય બહેનો બાલ્કનીમાંથી કૂદી પડી હતી. ત્રણેયે આત્મહત્યા કરતા પહેલા રૂમને અંદરથી બંધ કર્યો હતો, પછી સ્ટૂલ મૂકીને એક પછી એક બાલ્કનીમાંથી પડતું મૂક્યું હતું.ત્રણેય બહેનોની ઉંમર ૧૨ થી ૧૬ વર્ષની વચ્ચે છે. ત્રણેયને ટાસ્ક-બેઝ્ડ 'કોરિયન લવ ગેમ'ની લત હતી. પિતાના જણાવ્યા અનુસાર, ત્રણેય હંમેશા એકસાથે રહેતી હતી. સાથે જ નાહવા અને ટોયલેટ જતી હતી. ગેમની લત એવી હતી કે તેમણે સ્કૂલ પણ છોડી દીધી હતી.

પિતાએ તેમને ગેમ રમવાની ના પાડી અને ઠપકો આપ્યો હતો, જેના કારણે ત્રણેય બહેનોએ આ પગલું ભર્યું. ત્રણેય બહેનો જે રૂમમાં સૂતી હતી, ત્યાં ડાયરીના ૧૮ પેજની સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે-આ ઘટના ભારત સિટી બી-૧ ટાવરના ફ્લેટ નંબર ૯૦૭ની છે. એડિશનલ પોલીસ કમિશનર (લો એન્ડ ઓર્ડર) આલોક પ્રિયદર્શીએ જણાવ્યું હતું કે- અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે ત્રણેયે આત્મહત્યા કરી છે. ત્રણેય મોબાઈલથી ગેમ રમતી હતી. કયાં સંજોગોમાં આત્મહત્યા કરવામાં આવી તેની તપાસ કરવામાં આવી રહી છે.

ત્રણેય બાળકીઓના નામ નિશિકા (ઉં.વ.૧૬), પ્રાચી (ઉં.વ.૧૪) અને પાખી (ઉં.વ.૧૨) છે. પિતા ચેતન ઓનલાઈન શેર ટ્રેડિંગનું કામ કરે છે. પરિવારમાં પત્ની, એક પુત્ર અને ત્રણેય બાળકીઓ હતી. જે ફ્લેટમાં પરિવાર રહે છે, તેમાં બે રૂમ અને એક હોલ છે.

ઘટના સમયે પતિ-પત્ની પુત્ર સાથે સૂતા હતા. બાળકીઓ બીજા રૂમમાં સૂતી હતી. પરિવારજનોએ જણાવ્યું- દીકરીઓએ પહેલા રૂમનો દરવાજો અંદરથી બંધ કર્યો, પછી કૂદી ગઈ. અમે અવાજ સાંભળીને દોડ્યા. જોયું તો રૂમ બંધ હતો. ત્યારબાદ દરવાજો તોડવામાં આવ્યો. જોયું તો દીકરીઓ ત્યાં નહોતી. પછી

અનુસંધાન પાના ૭ પર

# બાાંગ્લાદેશમાં હિન્દુઓ પર દમન અમેરિકાના ૨૫ શહેરોમાં પ્રદર્શન




### લઘુમતિઓની સુરક્ષાના મુદ્દે ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન યોજાયા

નવી દિલ્હી, તા. ૪

બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર થઈ રહેલા હિંસા સામે અમેરિકામાં વિરોધ પ્રદર્શન ચાલુ છે. છેલ્લા કેટલાક દિવસોમાં અમેરિકાના ૨૫ શહેરોમાં શાંતિપૂર્ણ જાગૃતિ રેલીઓ યોજાઈ હતી. કડકડતી ઠંડી, બરફ અને થીજી ગયેલા રસ્તાઓ છતાં, બાંગ્લાદેશમાં ધાર્મિક રીતે લક્ષિત હિંસાના પીડિતો સાથે એકતા વ્યક્ત કરવા માટે મોટી સંખ્યામાં લોકો આ રેલીઓમાં જોડાયા હતા. પ્રદર્શનકારીઓ સિટી હોલ અને નાગરિક કેન્દ્રો પર ભેગા થયા હતા, તેમના પ્રયાસોને બિન-રાજકીય અને માનવતાવાદી ગણાવ્યા હતા.

# સોનામા ૬ હજાર અને ચાંદીના ભાવમાં રૂ. ૧૫ હજારનો ઉછાળો

### વૈશ્વીક બજારોમાં ભાવે ભડકે બળતા ભારતીય બજારોમાં તેજી

મુંબઈ, તા. ૪

સોના-ચાંદીમાં ચારેક દિવસના કડાકા બાદ ફરી વખત તેજીનું વાવાઝોડુ શરૂ થયું હોય તેમ આજે સતત બીજા દિવસે જોરદાર ભાવ વધારો થયો હતો. વિશ્વ બજારમાં ફરી વખત સોનુ ૫૦૦૦ ડોલરની સપાટીને કુદાવી ગયું હતું જયારે લોકલ માર્કેટમાં સોનામાં ૬૦૦૦ તથા ચાંદીમાં ૧૫૦૦૦નો ઉછાળો નોંધાયો હતો.

રાજકોટમાં આજે હાજર સોનુ ૧,૬૪,૫૦૦ થયું હતું જયારે કોમોડીટી એકસચેંજમાં ૧,૯,૬૧૦ સાંપડયુ હતું. ઉંચામાં ૧,૬૦,૭૫૫ સુધી પહોંચ્યુ હતું. વર્લ્ડ માર્કેટમાં સોનુ ફરી વખત ૫૦૦૦ ડોલરની સપાટી વટાવીને ૫૦૬૦ ડોલર સાંપડયુ હતું.આ જ રીતે હાજર ચાંદીનો ભાવ ઉંચકાઈને ૨,૮૯,૪૦૦ થયો હતો. કોમોડીટી એકસચેંજમાં ૨,૮૧,૯૦૦ હતો જે ઉંચામાં ૨,૮૪,૦૯૪ થયો હતો. વિશ્વ બજારમાં પણ આગ લાગી હોય તેમ ચાંદીનો ભાવ ૮૭.૭૬ ડોલર સાંપડયો હતો. સોના-ચાંદીમાં ફરી વખત જોરદાર તેજીને પગલે સટોડીયાઓ, ટ્રેડરો, વેપારીઓ સ્તબ્ધ થઈ ગયા છે. છેલ્લા ચાર દિવસમાં બંને મેટલમાં અભુતપૂર્વ કડાકો સર્જાયો હતો હવે ફરી વખત તેજીની ગાડીમાં ચડી જતા નવેસરથી રેકોર્ડબ્રેક લેવલે પહોંચવાની આશા

અનુસંધાન પાના ૭ પર

### સોનાનો ભાવ બે લાખે પહોંચવા જે.પી. મોર્ગને કરેલી આગાહી

નવી દિલ્હી, તા. ૪

સોના-ચાંદી ફરી વખત તેજીના માર્ગે દોડવા લાગ્યા છે અને આવતા દિવસોમાં હવે ટ્રેન્ડ કેવો રહેશે તેવી વિશે અટકળો ચાલી રહી છે. તેવા સમયે વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેંકીગ કંપની જે.પી.મોર્ગને જબરદસ્ત આગાહી કરી છે અને આવતા દિવસોમાં સોનુ બે લાખ રૂપિયાને પાર થઈ જવાનું અનુમાન દર્શાવ્યું છે. કંપનીએ પોતાના રીપોર્ટમાં એમ જણાવ્યું છે કે સોનામાં લાંબાગાળે મજબુત તેજી જોવા મળી શકે છે. વર્ષ ૨૦૨૬માં વિશ્વભરની સેન્ટ્રલ બેંકો ૮૦૦ ટન જેટલું સોનુ ખરીદ કરે તેવી શકયતા છે. ઉપરાંત વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના કારણે ઈન્વેસ્ટરો પણ સોના તરફ રોકાણનો ટ્રેન્ડ જાળવે તેવી સંભાવના છે.

# એમપી અને યુપીમાં વરસાદ ઉત્તરાખંડ-હિમાચલમાં હિમવર્ષા

### રાજસ્થાનમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું

નવી દિલ્હી, તા. ૩

ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં વરસાદ અને હિમવર્ષા ચાલુ છે. મંગળવારે ઉત્તર પ્રદેશના દસ જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો. લખનઉ અને કાનપુરમાં દિવસે અંધારું છવાઈ ગયું. ઉન્નાવ સહિત ચાર જિલ્લાઓમાં અડધા કલાક સુધી કરા પડ્યા. ૨૦ જિલ્લામાં ધુમ્મસ હતું, જેના કારણે ઉન્નાવ સહિત ૬ જિલ્લામાં ૧૫ ગાડીઓ અથડાઈ હતી.

મંગળવારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થવાને કારણે મધ્યપ્રદેશના આઠ જિલ્લાઓમાં વરસાદ પડ્યો. ગ્વાલિયર અને મંદસૌરમાં કરા પડવાથી પાકને નુકસાન થયું. શિવપુરી અને છતરપુરમાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા હતા.

મંગળવારે હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પિતિમાં બે સ્થળોએ હિમપ્રપાત થયો હતો, જેમાં અટલ ટનલ સાઉથ પોર્ટલ પર એક વાહન થોડા સમય માટે દટાઈ ગયું હતું. કિન્નૌર-લાહૌલના ઊંચા શિખરો પર હિમવર્ષા થઈ હતી અને સિમલા-મનાલીમાં વરસાદ પડ્યો હતો. લાહૌલ-સ્પીતિમાં તાબોમાં માઈનસ ૭.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઉત્તરાખંડમાં ઉત્તરકાશીના હરસિલમાં હિમવર્ષા થઈ હતી.હવામાન વિભાગે રાજસ્થાનના સાત જિલ્લાઓમાં વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. મંગળવારે સીકર અને જયપુર સહિત અનેક જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું.

# અમેરિકી યુદ્ધ જહાજ પાસે પહોંચી ગયેલું ઈરાનનું ડ્રોન તોડી પડાયું

### અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે ઈરાનના કૃત્યને આક્રમક વર્તન ગણાવ્યું

નવી દિલ્હી, તા. ૩

અમેરિકાએ મંગળવારે અરબી સમુદ્રમાં એક ઈરાની ડ્રોનને તોડી પાડ્યું. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, ઈરાનનું શાહેદ-૧૩૯ ડ્રોન અમેરિકી નૌકાદળના 'USS અબ્રાહમ લિંકન' એરક્રાફ્ટ કેરિયર (યુદ્ધ જહાજ) નજીક પહોંચી ગયું હતું.USS અબ્રાહમ લિંકન અમેરિકી નૌકાદળનું એક ન્યુક્લિયર-પાવર્ડ એરક્રાફ્ટ કેરિયર છે. તેને દુનિયાના સૌથી મોટા અને સૌથી શક્તિશાળી યુદ્ધ જહાજોમાંથી એક માનવામાં આવે છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના નિવેદન અનુસાર, અમેરિકી નૌકાદળે આત્મરક્ષામાં F-35C ફાઈટર જેટથી ઈરાની ડ્રોનને તોડી પાડ્યું.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે તેને ઈરાન તરફથી એક 'આક્રમક' વર્તન ગણાવ્યું છે. હાલમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે ડ્રોન કયા હેતુથી તૈનાત કરવામાં આવ્યું હતું. અમેરિકા અનુસાર, ડ્રોને કમાન્ડ દ્વારા કરવામાં આવેલા નોન-લેથલ ડિફ્યુઝન પ્રયાસો છતાં તેની દિશા બદલી ન હતી.આના કારણે બળનો ઉપયોગ કરવામાં આવ્યો. આ ઘટના પર ઈરાન તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. જોકે, અમેરિકા સાથેના તણાવને કારણે ઈરાને ૩૦ જાન્યુઆરીએ કહ્યું હતું કે તેણે જમીન અને સમુદ્રથી હુમલો કરનારા ૧૦૦૦ ડ્રોન તૈયાર કરી લીધા છે.આ ઘટના એવા સમયે બની છે જ્યારે અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ વધેલો છે અને વાટાઘાટો ફરી શરૂ કરવાના પ્રયાસો ચાલુ છે. બંને દેશો વચ્ચે શુક્રવારે તુર્કીયેમાં મહત્વપૂર્ણ બેઠક યોજાવાની અપેક્ષા છે.કેટલાક પ્રાદેશિક અધિકારીઓ અનુસાર, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દૂત સ્ટીવ વિટકૉફ, તેમના જમાઈ અને સલાહકાર જેરેડ કુશનર અને ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી આ બેઠકમાં સામેલ થશે.

અનુસંધાન પાના ૭ પર

# ચીને 3 વર્ષમાં સેનાના 30થી વધુ જનરલોને બરતરફ કર્યા

### હટાવી દેવાયેલા ઘણા ખરા સૈન્ય અધિકારીઓ ગાયબ થઈ ગયા

નવી દિલ્હી, તા. ૩

ચીનની સેનામાં છેલ્લા ત્રણ વર્ષમાં એવો બદલાવ આવ્યો છે, જે દેશના ઈતિહાસમાં પહેલા ક્યારેય જોવા મળ્યો નથી. રાષ્ટ્રપતિ શી જિનપિંગે છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦થી વધુ જનરલ અને એડમિરલને કાં તો બરતરફ કર્યા છે અથવા તેઓ અચાનક ગાયબ થઈ ગયા છે.જિનપિંગે ૨૦૨૩માં જે સેન્ટ્રલ મિલિટરી કમિશન (CMC) બનાવ્યું હતું, તેમાં પણ માત્ર એક જ જનરલ બચ્યા છે. હટાવવામાં આવેલાઓમાં ટોચના જનરલ ઝાંગ યુક્સિયા પણ સામેલ છે. તેમની જવાબદારી સેનાને યુદ્ધ માટે તૈયાર કરવાની હતી. તેમાંથી ઘણા પર ભ્રષ્ટાચારનો આરોપ છે. જોકે, જાણકારો અનુસાર આ અભિયાન જિનપિંગની વફાદારી નક્કી કરવાની પણ પ્રક્રિયા છે.ઝાંગ યુક્સિયાની સાથે જ જનરલ લિયુ ઝેનલીને પણ હટાવી દેવામાં આવ્યા છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ૨૦૨૩ની શરૂઆતમાં ચીન પાસે ૩૦ જનરલ અને એડમિરલ હતા જે વિશેષ વિભાગો અને થિયેટર કમાન્ડ્સ ચલાવી રહ્યા હતા. હવે ફક્ત સાત જનરલ જ સક્રિય ભૂમિકામાં બચેલા દેખાઈ રહ્યા છે.સેન્ટ્રલ મિલિટરી કમિશન (CMC)માં હવે ફક્ત એક જ જનરલ છે- ઝાંગ શેંગમિન. જિનપિંગના સૈન્ય સફાઈ અભિયાનોની દેખરેખ તેઓ જ કરી રહ્યા છે. આ સફાઈ અભિયાન શી જિનપિંગની તાકાત દર્શાવે છે.

ઝાંગ શેંગમિનની મોટાભાગની કારકિર્દી રોકેટ ફોર્સમાં ભ્રષ્ટાચાર વિરોધી અને રાજકીય અનુશાસન

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો.નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં લોખંડની ચોરી કરનાર ચાર ચોર પકડાયા

## ચોરીના કેસમાં એલ એન્ડ ટીના સાઇટ સુપરવાઈઝરથી પણ સંડોવણી

સુરત, તા.૪

સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા મળી છે. કીમ-કુડસદ વચ્ચે ચાલી રહેલા પ્રતિષ્ઠિત અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાઈટ પરથી લોખંડનો સ્ક્રેપ ચોરી કરી બારોબાર વેચાણ કરનારા નેટવર્કનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે L&T કંપનીના સાઈટ સુપરવાઈઝર સહિત કુલ ૪ આરોપીઓની ધરપકડ કરી ૮.૪૬ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, સાઈટના સિક્યુરીટી સુપરવાઈઝર મોહીત શુક્લાએ અન્ય શખ્સો સાથે મળીને પ્રોજેક્ટના લોખંડની ચોરીનું કાવતરું ઘડ્યું હતું. આ ચોરી કરેલો માલ ટેમ્પોમાં ભરીને બગુમરા ગામની સીમમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં ઉતારવામાં આવતો હતો. LCB ના જવાનોને મળેલી ચોક્કસ બાતમીના આધારે બગુમરાના 'અમી વે-બ્રીજ' પાસે આવેલા ગોડાઉનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાનઃ ૧૨,૭૮૦ કિલો લોખંડનો સ્ક્રેપ મળી આવ્યો હતો. એક ટાટા ટેમ્પો (નંબરઃ જીજે-૨૧-ઉ-૭૫૯૧) કબજે કરાયો હતો. ૫ મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ ૮,૪૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપીઓમાં મોહીત બાલકૃષ્ણ શુક્લા L&T કંપનીમાં સિક્યુરીટી સુપરવાઈઝર, નાનાભાઈ તુતારામ દુસાણે, તસલીમ અત્તાઉર રહેમાન અંસારી, હરપ્રીતસિંઘ ગુરનામસિંઘ જાટનો સમાવેશ થાય છે. સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા અને ઈન્સ્પેક્ટર આર.બી. ભટોળના માર્ગદર્શન હેઠળ LCBની ટીમે CCTV ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી આ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. જેમાં એ.એસ.આઈ શૈલેષભાઈ, હેડ કોન્સ્ટેબલ ચિરાગભાઈ અને પ્રહલાદસિંહની મહત્વની ભૂમિકા રહી હતી. આ અંગે કીમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



# ઓલપાડની કોબા પ્રાથમિક શાળામાં દાતાઓ દ્વારા સ્વેટર વિતરણ કરાયું

સુરત, તા.૪

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની કોબા પ્રાથમિક શાળામાં શિયાળાની ઋતુને ધ્યાને રાખીને તમામ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવાનો સેવાભાવી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં દાતા નીરવભાઈ જોશી અને સ્વસ્તિક જોશી દ્વારા ઉદાર ભાવથી શાળાનાં દરેક બાળકને સ્વેટર આપવામાં આવ્યું હતું. આ તકે દરેક બાળકનાં ચહેરા પર આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળાનાં આચાર્ય, શિક્ષકગણ તથા ગ્રામજનોએ દાતાઓનાં સેવાકાર્યને બિરદાવી તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# કેન્દ્રીય વિદ્યાલય નંબર ત્રણનો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ

## વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામ અપાયા

સુરત, તા.૪

શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ કેન્દ્રીય વિદ્યાલય નંબર ૩, ONGC સુરત ખાતે એક ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત NCC કેડેટ્સ દ્વારા મુખ્ય મહેમાનનું સન્માનપૂર્વક સ્વાગત સાથે થઈ હતી.

મુખ્ય મહેમાન, શ્રી ચંદ્રશેખર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને પ્લાન્ટ મેનેજર, ONGC હજીરા પ્લાન્ટ, સુરત, અને અતિથિ વિશેષ, શ્રીમતી તનુજા બાલોદી, ફર્સ્ટલેડી, ONGC હજીરા પ્લાન્ટ, સુરત, હાજર રહ્યા હતા. આચાર્ય શ્રી રાજેશ કુમારે મહેમાનોનું સ્વાગત કર્યું. કાર્યક્રમની ઔપચારિક શરૂઆત દીપ પ્રગટાવીને અને લીલોતરીથી સ્વાગત સાથે થઈ. પ્રાચાર્યએ સ્વાગત ભાષણ આપ્યું, જેમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને શાળાની શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ધોરણ ૬ દ્વારા શાસ્ત્રીય નૃત્ય, ધોરણ ૧, ૨, ૩ દ્વારા પહાડી નૃત્ય અને ધોરણ ૪ અને ૫ દ્વારા સામાજિક સંદેશ સાથે શેરી નાટકનો સમાવેશ થતો હતો જેણે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પ્રાથમિક અને માધ્યમિક વર્ગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શૈક્ષણિક, રમતગમત અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ પુરસ્કારોનું



વિતરણ હતું. શ્રીમતી તનુજા બાલોદીએ વિશેષ પુરસ્કારો, CLA સ્પર્ધાઓ પુરસ્કારો, શ્રેષ્ઠ હાઉસ ટ્રોફી અને ડિસ્પ્લે બોર્ડ માટે શ્રેષ્ઠ હાઉસ ટ્રોફી પણ પ્રદાન કરી. ONGC સેન્ટ્રલ ગ્રાઉન્ડ ખાતે પ્રજાસત્તાક દિવસ કાર્યક્રમ અને ONGC દુર્ગા પૂજા ઉત્સવ ૨૦૨૫ માં ભાગ લેનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા હતા. "કાર્યક્રમ દરમિયાન એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે મુખ્ય મહેમાન અને શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ, શ્રી ચંદ્રશેખર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને પ્લાન્ટ મેનેજર, ONGC હજીરા પ્લાન્ટ, સુરત, ની નવી દિલ્હી બદલી કરવામાં આવી છે. આ પ્રસંગે, વિદ્યાર્થીઓએ તેમના સન્માનમાં હૃદયસ્પર્શી વિદાય ગીત રજૂ કર્યું, અને શિક્ષકોએ પ્રેરણાદાયી ભાષણ આપ્યું. કાર્યક્રમના અંતે, શાળા પરિવારે મુખ્ય મહેમાનને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી. મુખ્ય મહેમાન શ્રી ચંદ્રશેખરે પોતાની ભાવનાત્મક લાગણીઓ વ્યક્ત કરતા કહ્યું કે કેન્દ્રીય વિદ્યાલય ONGC ની મીઠી યાદો હંમેશા તેમના હૃદયમાં જીવંત રહેશે. તેમણે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા અને તેમને સખત મહેનત, શિસ્ત અને જીવન મૂલ્યોને અપનાવીને આત્મવિશ્વાસ સાથે સતત પ્રગતિના માર્ગ પર આગળ વધવાનો પ્રેરણાદાયક સંદેશ આપ્યો." પ્રીતિ શ્રીવાસ્તવ દ્વારા આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું. સમગ્ર સમારોહનું સંચાલન શ્રી દિલીપ કુમાર શર્મા અને શ્રીમતી દક્ષા ગુપ્તાએ કુશળતાપૂર્વક કર્યું.

# સુરતના ડો. જયેશ જરીવાલાને એવોર્ડ

સુરત, તા.૪

સુરતના શ્રી સ્વામિનારાયણ મિશન સ્કૂલ-લસકાણામાં સિનીયર ટ્રેનર, કાઉન્સેલર, મેન્ટર અને સ્કુલ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે સેવા આપતા ડૉ.જયેશ જરીવાલાને અમદાવાદના આનંદનિકેતન ઈન્ટરનેશનલ સ્કૂલ-સરખેજમાં યોજાયેલા National School Counsellro Awards -ARISE Mental Health Well-Being Summit ૨૦૨૬ દરમિયાન પ્રતિષ્ઠિત "Albert Ellis ARISE Award" થી સન્માનિત કરાયા હતા. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય વિકાસ, કાઉન્સેલિંગ ક્ષેત્રે ઉત્તમ કામગીરી, શિસ્ત વિકાસ, જીવનકૌશલ્ય તાલીમ, પેરેન્ટિંગ શિક્ષણ તથા શિક્ષક તાલીમ જેવા ક્ષેત્રોમાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ. જરીવાલાની રચનાત્મક અને વ્યાવહારિક પહેલોના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો માટે માનસિક સુખાકારીનું એક મજબૂત Student Well-being Framewrok વિકસ્યું છે. ડૉ.જરીવાલા સુરેખ હાઉસ ફાઉન્ડેશન સાથે પણ સંકળાયેલા છે. તેમણે શ્રી સ્વામિનારાયણ મિશન સ્કૂલના મેનેજમેન્ટ અને ટીમનો આભાર વ્યક્ત કરી આ રાષ્ટ્રીય સન્માનને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકમિત્રોને સમર્પિત કર્યું હતું.





# અંકલેશ્વર શહેર કોંગ્રેસ તાલુકા સમિતિની બેઠક મળી

અંકલેશ્વર, તા.૪

અંકલેશ્વર શહેર કોંગ્રેસ તાલુકા સમિતિ દ્વારા ગતરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા જન આક્રોશ યાત્રા આવી રહી છે જે સંદર્ભે એક મીટીંગ રાખવામાં આવી હતી આ યાત્રાની તૈયારી માટે કોંગ્રેસના તમામ આગેવાનો સહિત જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા ના નેજા હેઠળ આ રૂપરેખા આપવામાં આવી આ યાત્રા ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકા બાદ અંકલેશ્વર ખાતે કોસમડી ગામ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવશે તેમજ કોંગ્રેસના આગેવાની દ્વારા અંકલેશ્વર વાલીયા ચોકડી ખાતે સવગત કરવામાં આવશે આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગીરીશભાઈ પટેલ, માયનોરેટી ના ઈકબાલ ગૌરી, યુવા આગેવાનો વિનયભાઈ પટેલ, વસીમ ફડવાળા, રાજુભાઈ વસાવા, કોંગ્રેસ પ્રવક્તા નાજુ ફળવાલા સહિત કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# સ્ત્રી સશક્તિકરણ માટે પ્રયત્ન કરનાર રશ્મિ જોષીનું સન્માન

## આદિવાસી પરિવારોમાં ખુશીની મહેક પ્રસરાવનાર રશ્મિ જોષીની સેવાની કદર

અંકલેશ્વર, તા.૪

અંકલેશ્વરમાં રહીને રાજ્યના ડાંગ સહિતના આદિવાસી વિસ્તારોમાં મહિલાઓ માટે ઉત્કૃષ્ટ ક્રાંતિકારી પહેલ કરનાર રશ્મિ જોષીએ સાચા અર્થમાં સ્ત્રી સશક્તિકરણની વ્યાખ્યાને જીવંત બનાવી છે.તેઓના ઉમદા વિચારશીલ કાર્યને પરિણામે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

રશ્મિ જોષીની જીવનયાત્રા વિશે જોઈએ તો તેઓ મૂળ ભાવનગરના વતની છે,મુંબઈમાં જન્મેલા અને અંકલેશ્વરમાં સ્થાઈ થયા છે.રશ્મિ જોષીના જીવનમાં કેન્સરની બીમારીએ જીવન જીવવાની તેમની માનસિકતાને જ બદલી નાખી હતી.કેન્સર સામેની લડાઈ લડતા લડતા રશ્મિબેન ગુજરાતના છેવાડાના આદિવાસી પંથકમાં પહોંચી ગયા હતા.અને માનવસેવામાં પોતાનું દુઃખદર્દ સાવ ભૂલી ગયા છે.

સેવાકીય કાર્યો માટે રશ્મિબેને વર્ષ ૨૦૦૫માં "વિમેન્સ વેલ્ફેર ટ્રસ્ટ"ની શરૂઆત કરી હતી.અને સેવાકીય યજ્ઞનો પ્રારંભ કર્યો હતો.સૌ પ્રથમ તેઓએ ડાંગ જિલ્લામાં મહિલા કલ્યાણ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.અને મહિલાઓને રોજગાર મળે તે દિશામાં કામ શરૂ કર્યું હતું.જેમાં બેકરી, હેન્ડીક્રાફ્ટ, બ્યુટીપાર્લર, મીણબત્તી, અગરબત્તી, તથા સાબુ બનાવવા જેવા કામોની તાલીમ આપીને મહિલાઓને પગભર કરી છે.અત્યાર સુધીમાં અંદાજીત ૩૦૦૦ મહિલાઓને પગભર કરી છે. માત્ર ડાંગ પુરતુ જ નહી પરંતુ સેવાનો વ્યાપ વધારતા તેઓ પંચમહાલ, ગોધરા, છોટાઉદેપુર, કવાંટ, દાહોદ, નવસારી, સુરત, અને તાપી જિલ્લાના આદિવાસીઓ માટે પણ કામ કરી ચુક્યા છે. રશ્મિબેનની સેવાની યશકલગીની નોંધ સદા લેવામાં આવી છે,અને તેઓના આ ભગીરથ સેવાયજ્ઞની સુવાસને બિરદાવામાં આવી હતી.તાજેતરમાં તારીખ ૩૧મી જાન્યુઆરીના રોજ સુરતના સરસાના વિસ્તારમાં આવેલ SIECC કન્વેશન હોલ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રશ્મિ જોષીને એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ઉપ મુખ્યમંત્રી હર્ષ સંઘવી,કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. રશ્મિ જોષીએ આ અવસર તેઓના સેવાકીય જીવનને વધુ ચેતનવંતુ બનાવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.અને હરહંમેશ જરૂરિયાતમંદ મહિલાઓ માટે સ્ત્રી સશક્તિકરણ અનુસાર કાર્ય કરવા માટેની કટીબદ્ધતા તેઓએ વ્યક્ત કરી હતી.

# પૂ. મહંત સ્વામીજીની જન્મ જયંતિની ભવ્ય-દિવ્ય ઉજવણી



**BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વડોદરામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતિની ભવ્યતા અને દિવ્યતા સાથે ઉજવણી કરી. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ ખાસ મહેમાનો તરીકે હાજર રહ્યા હતા. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને "હિન્દુ ગ્રંથના સૌથી મોટા સમૂહ ગાયન" માટે સન્માન પ્રમાણપત્ર અર્પણ કર્યું.**

# સેતુ ફાઉન્ડેશાન અને ચેમ્બર દ્વારા એમએસએમઈ માટે બૌધ્ધિક સંપત્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



## IPR દ્વારા સુરતના MSMEને સશક્ત બનાવવાનો પ્રયાસ

સુરત, તા.૪

સુરત SETU ફાઉન્ડેશન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે સ્જીસ્ઈ મંત્રાલયની સ્જીસ્ઈ Innovative Scheme અંતર્ગતૈંઈ (Intellectual Property Rights) કોમ્પોનેન્ટ હેઠળ એક દિવસીય ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની થીમ "Empowering Surat MSMEs through Intellectual Property Rights" રહી હતી. SETU ફાઉન્ડેશનના ચેરમેન તથા SGCCIના પૂર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક વૈશ્વિક યુગમાં MSME ઉદ્યોગોએ પોતાના નવીન વિચારો, બ્રાન્ડ, ડિઝાઈન અને ટેક્નોલોજીનું સંરક્ષણ કરવું અત્યંત જરૂરી બની ગયું છે. IPR અંગેની યોગ્ય સમજ અને અમલથી MSME લાંબા ગાળે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ કરી શકે છે. Rights વિશે જાગૃત કરવું સમયની માંગ છે. SGCCI હંમેશા ઉદ્યોગોને માર્ગદર્શન અને

અનુસંધાન પાના ૭ પર

# બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

સુરત, તા.૪

પી. પી. સવાણી સ્કુલ, ગુજરાતી માધ્યમમાં તારીખ ૨ /૨ /૨૦૨૬ ને સોમવારના રોજ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિશેષ શુભેચ્છા સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.



શાળાના આચાર્યશ્રી રજનીકાંત પટેલે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી. જેમાં તેમણે જણાવ્યું કે શૈક્ષણિક કારકિર્દી કોઈ ક્ષેત્રે ઘડી શકાય છે શરત માત્ર એક જ છે કે તમારે એ ક્ષેત્રમાં પારંગત /અવ્વલ રહેશો તો જ તમારી વેલ્યુ થશે. વિદાય રહેલા વિદ્યાર્થીઓએ શાળામાં વિતાવેલી યાદો અને મિત્રતાના સંસ્મરણો વાગોળ્યા હતા. જુનિયર વિદ્યાર્થીઓએ સિનિયર્સ માટે મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવા માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવી હતી.



# લઘુ-મધ્યમ અને લાર્જ એન્ટરપ્રાઇઝ માટે સાયબર સિક્યુરિટી અંગે જાગૃતિ સેશન

## શ્રી ચેતનસિંહ પરમારે સાયબર સિક્યુરિટી પર વ્યવસાયિકોને વિશેષ માર્ગદર્શન આપ્યું

સુરત, તા.૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MSME તેમજ મોટા ઉદ્યોગોને વધતા સાયબર જોખમો સામે સજાગ અને સશક્ત બનાવવા માટે શુક્રવાર, તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે એસપીબી હોલ, સંહતિ, સરસાણા, સુરત ખાતે "Cyber Security & Cyber Resilience Framewrok (CSCRF)" વિષય પર એક મહત્વપૂર્ણ જાગૃતિ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વક્તા તરીકે એક્યુટાસ કેમિકલ્સ લિ.ના ચીફ ઈન્ફોર્મેશન સિક્યુરિટી ઓફિસર ચેતનસિંહ પરમારે સાયબર સિક્યુરિટી સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, ડિજિટલ યુગમાં વ્યવસાય માટે સાયબર સિક્યુરિટી માત્ર IT વિષય નથી, પરંતુ સમગ્ર સંસ્થાની જવાબદારી છે. MSME તેમજ લાર્જ એન્ટરપ્રાઈઝ માટે સાયબર હુમલાઓ એક ગંભીર પડકાર બની રહ્યા છે અને આ અંગે યોગ્ય જાગૃતિ અને તૈયારી અત્યંત આવશ્યક છે.

નિષ્ણાત વક્તા એક્યુટાસ કેમિકલ્સ લિ.ના ચીફ ઈન્ફોર્મેશન સિક્યુરિટી ઓફિસર ચેતનસિંહ પરમારે સાયબર સિક્યુરિટી સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ફિશિંગ, રેન્સમવેર, ડેટા લીકેજ જેવા સાયબર હુમલાઓ MSMEથી લઈને મોટા ઉદ્યોગોને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. તેમણે Cyber Resilience પર ભાર મૂકતા કહ્યું હતું કે, માત્ર સિક્યુરિટી પૂરતી નથી, પરંતુ સાયબર હુમલા બાદ બિઝનેસ સતત ચાલુ રાખવાની તૈયારી પણ એટલી જ જરૂરી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, CSCRF દ્વારા ઉદ્યોગો સાયબર હુમલાઓથી બચાવની સાથે સાથે સંકટ સમયે ઝડપથી પુનઃસ્થાપિત થવાની ક્ષમતા વિકસાવી શકે છે. તેમણે વાસ્તવિક ઉદાહરણો દ્વારા CSCRFના અમલ વિશે સરળ ભાષામાં વિસ્તૃત સમજણ આપી હતી.ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સેશન દ્વારા MSME તથા લાર્જ એન્ટરપ્રાઈઝને Cyber Secu

અનુસંધાન પાના ૭ પર

## લુપ્ત થવાની કગારે પહોંચેલી

# જરી કલાને ૧૨૦ વર્ષથી જીવંત રાખતો સુરતનો જરીવાલા પરિવાર

## સુરતના સગરામપુરાના એક જ પરિવાર દ્વારા પેઢીદર પેઢી સંવર્ધિત થતો પરંપરાગત જરી ઉદ્યોગ

સુરત, તા.૪

ભારત પોતાની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને પરંપરાગત હસ્તકળાઓ માટે વિશ્વવિખ્યાત છે. એમાં પણ ગુજરાત અને ખાસ કરીને સુરતની જરીકલા આગવી ઓળખ ધરાવે છે. ગ્રીક વિદ્વાન મેગેસ્થનીઝના ગ્રંથોમાં ઉલ્લેખિત થયેલી અને આજે GI ટેગ ધરાવતી સુરતની જરીકલા, જરી-જરદોશી વર્ક પ્રાચીન સમયથી ચાલતી આવતી એક અમૂલ્ય પરંપરા છે. આવી જ પરંપરાને સુરતના સગરામપુરાનો જરીવાલા પરિવાર છેલ્લા ૧૨૦ વર્ષથી વધુ સમયથી જીવંત રાખી રહ્યો છે.

સુરતની ઓળખ માત્ર ખાણીપીણી કે ઉદ્યોગોથી નહીં, પરંતુ જરી ઉદ્યોગ જેવી પરંપરાગત કલાઓથી પણ બનેલી છે. સુરતના સગરામપુરાના એક જ પરિવાર દ્વારા પેઢી દર પેઢી સંવર્ધિત થતા પરંપરાગત જરી ઉદ્યોગની શરૂઆત જેકીશનદાસ ચપડીયા દ્વારા કરવામાં આવી હતી. સમય બદલાતો ગયો તેમ પેઢીઓ બદલાતી ગઈ, પરંતુ જરીનો વારસો યથાવત રહ્યો. આજે આ પરિવારની નવી પેઢી પરંપરાગત જરીકળાને આધુનિક યુગની માંગ સાથે જોડીને સફળતાપૂર્વક આગળ ધપાવી રહી છે.એક સમય હતો જ્યારે સુરતની જરી શહેરની શાન ગણાતી હતી. મુઘલકાળ દરમિયાન સુરતમાં તૈયાર થતું જરીનું કાપડ વિદેશ સુધી નિકાસ

અનુસંધાન પાના ૭ પર

### જરી ઉદ્યોગ રોજગારી અને આત્મનિર્ભરતાનું પ્રતિક

જરિવાલા પરિવાર આજે માત્ર પોતાનો વ્યવસાય જ ચલાવી રહ્યો નથી, પરંતુ ૫૦થી વધુ લોકોને રોજગારી પણ આપી રહ્યો છે. લઘુગૃહ ઉદ્યોગ તરીકે શરૂ થયેલો આ વ્યવસાય 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના વિચારને સાકાર કરે છે. જરીવાલા પરિવાર માટે જરી માત્ર ધંધો નથી, પરંતુ વારસો, ઓળખ અને સાધના છે.

### જરી ઉદ્યોગનો ઇતિહાસ

જરી ઉદ્યોગ ભારતની અતિ પ્રાચીન અને વૈભવી હસ્તકળાઓમાંની એક છે. તેનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો હોવાનું માનવામાં આવે છે.

અનુસંધાન પાના ૭ પર

# નવચેતન અદાણી વિદ્યાલયમાં ‘રસોત્સવ’ની ઉત્સાહભરી અને વિચારપ્રેરક ઉજવણી





હજીરા, સુરત: નવચેતન અદાણી વિદ્યાલય, પ્રાથમિક વિભાગ, જૂનાગામ ખાતે “Together We Rise” થીમ અંતર્ગત ભવ્ય અને અર્થપૂર્ણ રસોત્સવનું આયોજન થયું. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા વિવિધ અભિનય, નૃત્યનાટિકા, ચર્ચાસભા, કવ્વાલી અને સર્જનાત્મક કૃતિઓ દ્વારા સામાજિક જાગૃતિ, મૂલ્યસંસ્કાર અને પ્રગતિશીલ વિચારોને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થી તથા વાલીઓમાં જાગૃતિ સાથે ‘‘સાથે મળીને વિકસીએ’’ નો સંદેશ પ્રસરાવવાનો રહ્યો.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને અદાણી હજીરા પોર્ટના એચઆર હેડ શ્રી રીતેશ સાહુએ કર્યુ હતું. વિશિષ્ટ મહેમાનોમાં વિલમારના એચઆર હેડ સોનલકુમાર, અદાણી હજીરા પોર્ટ કોર્પોરેટ અફેર્સ હેડ ભાવેશ ડોંડા, નવચેતન વિકાસ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી, મંત્રીશ્રી, હજીરાના PI પરમાર સાહેબ, જીવનભારતી મંડળના અજીત શાહ, PIUBAની ચેરપર્સન અને જીફ્ફૈં પ્રોફેસર વર્ષાબેન શાહ, SVNITના ટેક્નિકલ સ્ટાફ, હજીરા વિસ્તારની શાળાના આચાર્યશ્રીઓ તથા સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

બાળભવનથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓએ નાગરિક જવાબદારી, કચરાના સંચાલન, કારીગરોના મહત્વ, સૃષ્ટિચક્રનું સંતુલન, દેશના વિકાસમાં શિક્ષણનો ફાળો, પૌષ્ટિક આહાર, ભારતની સિદ્ધિઓ તથા અદાણી ગ્રુપના સ્થાપક શ્રી ગૌતમ અદાણીની પ્રેરણાદાયક યાત્રા જેવા વિષયો પોતાની કૃતિમાં રજૂ કર્યા. વિદ્યાર્થીઓમાં સંચાલન, આદર, નિયમિતતા, સહકાર અને ચોકસાઈ જેવા મૂલ્યો વિકાસ પામે તે હેતુથી યોજાયેલ આ રસોત્સવમાં સ્વચ્છતા, સંસ્કૃતિ સંરક્ષણ અને આધુનિક વિચારધારા સ્વીકારવા જેવા અનેક સંદેશને ઉપસ્થિત લોકો સુધી અસરકારક રીતે પહોંચાડાયુ હતું. કાર્યક્રમ દ્વારા “Together We Rise” એટલે કે મળીને આગળ વધીએ ત્યારે જ સાચી પ્રગતિ શક્ય છે એવો સશક્ત સંદેશ સફળતાપૂર્વક પહોંચાડવામાં આવ્યો.

## શું રોબો માણસ જેવા ભાવુક થઇ શકે?

રોબો ફેશિયલ રિકગ્નીશન, સેન્સર્સ તેમ જ આર્ટિફિશિયલ ઈમોશન, ઈન્ટેલિજન્સ વગેરેના સહયોગથી માનવીય ભાવનાઓને પીછાણી રહ્યા છે અને તેના પર પ્રતિક્રિયા પણ આપી રહ્યા છે પરંતુ શું આ યંત્રમાનવો માનવીય ભાવનાઓની વાસ્તવમાં અનુભૂતિ કરી શકશે અને તે અનુસાર પ્રતિભાવ આપી શકશે? જો આવું થાય તો શું થશે? આવા અનેક પ્રશ્નો રોબોની આત્મહત્યાથી ઊભર્યા છે. સંતોષજનક જવાબ ભલે ન મળે, પરંતુ પ્રશ્નોનો મારો વધતો જાય છે. ગયા મહિને દક્ષિણ કોરિયાની ગુમી સિટી કાઉન્સિલમાં કાર્યરત ત્યાંના વરિષ્ઠ પ્રશાસનિક અધિકારીએ વધુ પડતા કામકાજના બોજાને લીધે ટેન્શનમાં આત્મહત્યા કરી લીધી. ઑગસ્ટ ૨૦૨૩માં સેવા શરૂ કરનાર આ અધિકારી વાસ્તવમાં તો એક રોબો અર્થાત્ યંત્રમાનવ હતો. કામના વધુ પડતા બોજને કારણે ઊપજેલા દબાણ, તણાવ અને નિરાશાને કારણે લાખો લોકો આત્મહત્યા કરી રહ્યા છે. એવું મનાતું હતું કે મશીનો આવ્યા બાદ માણસો પરથી કામનો બોજો ઓછો થશે. રૂટિન કાર્યોથી છુટકારો મળશે, પણ ખુદ યંત્ર જ ભાર હેઠળ દબાઈને આપઘાત કરવા મજબૂર થઇ ગયું. એ પણ વર્ષનો ઓછો કાર્યકાળ અને માત્ર ૯ થી ૬ની બાંધેલી ડ્યૂટી છતાંય. હાલમાં તો રોબોની આત્મહત્યાનો આ પહેલો જ મામલો બહાર આવ્યો છે. પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંબંધિત દુનિયાભરના વૈજ્ઞાનિકો માટે આ ઘટના એક પડકાર બની ગઇ છે. આ ક્ષેત્રે તો અનેક પ્રશ્નો ઉઠ્યા છે સાથે સાથે સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રે પણ સવાલો ઉત્પન્ન થઇ રહ્યા છે. આજે પણ નિષ્ણાતોને આ મામલે કોઇ સંતોષકારક જવાબ નથી મળી રહ્યો.આ આત્મઘાતી રોબોના નિર્માતા કેલિફોર્નિયા સ્થિત બેયર રોબોટિક્સના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે કમાન્ડ દેવામાં ઘણી ભૂલો કરી હતી તેના પરિણામે આ આપઘાત થયો. આ કારણે જ તે માનસિકરૂપે ત્રસ્ત થયો અને આખરે છ ફૂટ ઊંચી સીડીથી પોતાની જાતને ધકેલી કામ તમામ કરી લીધુ. હવે સવાલ એ ઊભો થાય છે કે શું રોબો આવી માનવીય પ્રવૃત્તિઓ વિકસાવી શકે? પોતાના જીવનને લગતા સ્વતંત્ર નિર્ણય લેવાને લાયક બની શકે. પોતાનો નિર્ણય લઇ શકે તો શું બીજા લોકો વિશે આવું ન કરી શકે?

# ભારતની હેલિકોપ્ટર ઇકોસિસ્ટમના નિર્માણ માટે અદાણી ડિફેન્સ અને લિયોનાર્ડો વ્યૂહાત્મક ભાગીદારી

નવી દિલ્હી, ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬: અદાણી એન્ટરપ્રાઈઝીસ લિ.ની સંરક્ષણ અને એરોસ્પેસની મુખ્ય પાંખ અને ભારતના સંરક્ષણ ક્ષેત્રની અગ્રણી કંપની અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે સંરક્ષણ, એરોસ્પેસ અને સુરક્ષામાં વિશ્વની અવ્વલ ક્રમની લિયોનાર્ડો સાથે સીમાચિહ્નરૂપ ભાગીદારી માટેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવાની આજે જાહેરાત કરી છે. બન્ને કંપની વચ્ચેના સહયોગથી ભારતમાં નિર્માણ થનાર સંપૂર્ણ સંકલિત હેલિકોપ્ટર ઉત્પાદન ઈકોસિસ્ટમનું વધતી જતી લશ્કરી માંગને લક્ષ્યમાં લઇ દેશના હેલિકોપ્ટર ઉત્પાદનમાં આત્મનિર્ભરતા તરફના પ્રયાણને આગળ ધપાવશે.




વિશેષ કરીને લિયોનાર્ડોના અદ્યતન છ૩૧૬૯સ અને છ૩૧૦૯ ટ્રેકરસ હેલિકોપ્ટર માટે ભારતીય સશસ્ત્ર દળોની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને તબક્કાવાર સ્વદેશીકરણ, મજબૂત જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) ક્ષમતાઓ અને વ્યાપક પાઇલટ તાલીમ આ સહયોગ મારફત પૂરી પાડવામાં આવશે.

લિયોનાર્ડોની હેલિકોપ્ટરની ડિઝાઈન અને ઈજનેરી નિપૂણતા અને અદાણી ડિફેન્સની એન્ડ-ટુ-એન્ડ સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રમાં કુશળતા સાથે સંકલનની આ પહેલ આત્મનિર્ભર ભારતની દ્રષ્ટીને જોશ આપી રાષ્ટ્રીય સંરક્ષણ સજ્જતાને મજબૂત બનાવવા સાથે નાગરિક ઉડ્ડયનની એપ્લિકેશનો અને આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈનના એકીકરણ સુધી વ્યાપક વિસ્તરણ થવાની સંભાવનાઓ ધરાવે છે.

પરિવર્તનશીલ આર્થિક પ્રભાવનું વચન આપતી આ ઈકોસિસ્ટમ અંતર્ગત ઈજનેરી, ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને ટકાઉ સેવાઓમાં હજારો ઉચ્ચ-કુશળ નોકરીઓનું સર્જન કરવા ઉપરાંત હેલિકોપ્ટર ઉત્પાદન માટે ભારતને સ્પર્ધાત્મક કેન્દ્ર તરીકે ઉપસી આવવા મજબૂત બનાવશે.

અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના ડિરેક્ટર જીત અદાણીએ જણાવ્યું હતું કે લિયોનાર્ડો સાથેનો આ સહયોગ ભારતમાં સ્થિતિસ્થાપક, ભવિષ્યની નિશ્ચિત સંગીન હેલિકોપ્ટર ઈકોસિસ્ટમની દિશામાં એક મહત્વનું પગલું છે. વિશ્વની શ્રેષ્ઠતાને અમારી ઔદ્યોગિક ગતિ સાથે સાંકળીને અમે વૈશ્વિક એરોસ્પેસ ક્ષેત્રના પાવર હાઉસ તરીકે સ્થાપિત કરવા માટે ભારતને સ્થિર મૂલ્ય, ઉચ્ચ-કુશળ રોજગાર અને આત્મનિર્ભર ભારત સાથે જોડી આગળ ખેંચી જઈશું.

અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના સી.ઈ.ઓ આશિષ રાજવંશીએ ઉમેર્યું હતું કે આગામી દાયકામાં ભારતીય સશસ્ત્ર દળોનો એક હજાર થી વધુ હેલિકોપ્ટરની માંગનો અંદાજ છે, સાર્વભૌમ ઉત્પાદન માટેની અમારી કલ્પનાને સાકાર કરતો આ સહયોગ સ્વદેશીકરણને વેગ આપી પૂરવઠાની કડીને મજબૂત બનાવવા ઉપરાંત ભારતને વિશ્વકક્ષાના ઉત્પાદનના આધાર તરીકે સ્થાપિત કરશે.

લિયોનાર્ડો હેલિકોપ્ટરના મેનેજિંગ ડિરેક્ટર ગિઆન પિએરો કુટિલ્લોએ જણાવ્યું હતું કે ભારતના તેના રોટરક્રાફ્ટ ઉદ્યોગમાં વધતી જતી ભૂમિકાને વધુ મજબૂત કરવાના વિઝનમાં સહયોગી તરીકે અદાણી સાથે જોડાવાનો અમોને ખૂબ આનંદ છે. તેમણે ઉમેર્યું હતું કે આ સહયોગથી ભારતને આધુનિક ટેકનોલોજી અને કાર્યકારી ક્ષમતાના સ્તર સુધી પહોંચવા સક્ષમ બનાવવાના આ પ્રયાસમાં પ્રગતિ કરવા માટે અમે આતુર છીએ, બન્ને કંપનીઓ પૂરા પાડશે.

આ વ્યૂહાત્મક ભાગીદારી ભારતના એરોસ્પેસના નકશાને નવો આકાર આપી સંરક્ષણ સ્વાયત્તતાને સુદ્રઢ બનાવી હેલિકોપ્ટર ઉત્પાદન અને ટકાઉપણું માટે વિશ્વસનીય વૈશ્વિક કેન્દ્ર તરીકે ભારતને સ્થાન આપે છે.

# એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકે ટુ-વ્હીલર ધિરાણ માટે હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઇન્ડિયા સાથે ભાગીદારી કરી

### આ ભાગીદારીનો ઉદ્દેશ્ય સ્પર્ધાત્મક ધિરાણ દ્વારા ગ્રાહકો માટે હોન્ડા ટુ-વ્હીલરની સુલભતા વધારવાનો છે.




મુંબઈ, ૩ ફેબ્રુઆરી ૨૦૨૬: ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક અને યુનિવર્સલ બેંકમાં પરિવર્તિત થવા માટે એક દાયકા કરતાં વધુ સમયમાં પ્રથમ વખત સૈદ્ધાંતિક મંજૂરી મેળવનાર એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક (AU SFB) એ હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા (HMSI) સાથે વ્યૂહાત્મક સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સહયોગ સમગ્ર ભારતમાં ગ્રાહકોને હોન્ડા ટુ-વ્હીલર ખરીદવા માટે સસ્તું અને અનુકૂળ ધિરાણ વિકલ્પો પ્રદાન કરશે.

હોન્ડા ટુ-વ્હીલર્સ માટે પસંદગીના ફાઈનાન્સર તરીકે, એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક એકાઉન્ટ એગ્રીગેટર દ્વારા સમર્થિત STP-સક્ષમ, એનાલિટિક્સ-આધારિત ઝડપી ક્રેડિટ નિર્ણય પ્રક્રિયા પૂરી પાડશે. આ સાથે ડિજિટલ રિપેમેન્ટ સોલ્યુશન્સ પણ ઉપલબ્ધ કરાવાશે જેથી ધિરાણનો અનુભવ વધુ સરળ અને અનુકૂળ બને. આ ભાગીદારીમાં HMSI ડીલરશીપ અને એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકની શાખાઓમાં સંયુક્ત માર્કેટિંગ અને પ્રમોશનલ પ્રયાસોનો પણ સમાવેશ થાય છે.

ભાગીદારીના મુખ્ય મુદ્દાઓ:

પેપરલેસ પ્રક્રિયા: આ સહયોગ પ્રથમ વખત ટુ-વ્હીલર ખરીદનારા ગ્રાહકો સહિત તમામ વર્ગોના સપના પૂરા કરવામાં મદદ કરશે. પેપરલેસ પ્રક્રિયા દ્વારા લોન પાત્રતાનું મૂલ્યાંકન ઝડપથી થશે, જેનાથી વાહન ખરીદવું સરળ બનશે.

સ્પર્ધાત્મક યોજનાઓ: હોન્ડાના ગ્રાહકોને સ્પર્ધાત્મક યોજનાઓ, પ્રમોશનલ ઓફર્સ અને પ્રી-એપ્રુવ્ડ (પૂર્વ-મંજૂર) ઓફર્સ તેમજ બેંક દ્વારા ટેક-સક્ષમ લોન સપોર્ટનો લાભ મળશે.

ડિજિટલ સુવિધા: એયુ બેંકના ગ્રાહકો ઓનલાઈન અરજી, રીઅલ-ટાઈમ સ્ટેટસ ટ્રેકિંગ અને સરળ ધિરાણ પ્રક્રિયા દ્વારા હોન્ડાના મોટરસાઈકલ અને સ્કૂટર ખરીદી શકશે.આ પ્રસંગે ટિપ્પણી કરતા એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકના ઈડી અને ડેપ્યુટી સીઈઓ ઉત્તમ ટિબ્રેવાલએ જણાવ્યું હતું કે, "હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા સાથેની ભાગીદારી એયુ બેંકની દેશભરમાં મોબિલિટી ફાઈનાન્સના વિસ્તરણની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અમે યુનિવર્સલ બેંક બનવા તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે આવી ભાગીદારી અમારી રાષ્ટ્રીય વિતરણ શક્તિ અને ગ્રાહક-કેન્દ્રીય અભિગમને વધુ મજબૂત બનાવે છે."

હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગ ડાયરેક્ટર યોગેશ માથુરે જણાવ્યું હતું કે, "ફાઈનાન્સિંગ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવી એ HMSIના ગ્રાહક-કેન્દ્રીય અભિગમનું મુખ્ય પાસું છે. એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક સાથેનો આ સહયોગ ભારતભરની ડીલરશીપ પર ક્રેડિટ સોલ્યુશન્સમાં સુધારો કરવા માટે છે, જે ખરીદીની પ્રક્રિયાને સરળ, સસ્તી અને પારદર્શક બનાવશે."





# સુરતના હજીરા રો-રો ફેરી દરિયાઇ કાંઠા વિસ્તાર અને હજીરા દરિયાઇ લેન્ડિંગ પોઇન્ટ એન ફિશિંગ પોઇન્ટવિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા “ સઘન કોસ્ટલ પેટ્રોલીગ”

જયારે કોઈપણ આતંકવાદી ઘટના બને છે, ત્યારે તે સમયગાળો કટોકટીપૂર્ણ અને અગત્યનો હોય છે. તેજ પ્રમાણે આંતકવાદી ઘટના તુરંતબાદનો સમયગાળો હાઇ એલર્ટનો સમય હોઇ અગત્યનો હોય છે. ઉપરોક્ત બંને સમયગાળાઓ કરતાં પણ વધુ અગત્યનો સમયગાળો હાઇ એલર્ટ બાદ થાળે પડેલ અને નોર્મલ બનેલ પરિસ્થિતિ દરમિયાનનો હોય છે. કારણ કે, આ સમયગાળામાં જો પૂરતી તકેદારી રાખવામાં આવે તો ઉપર મુજબના કટોકટીપૂર્ણ સમયગાળાઓમાંથી પસાર થવું પડતું નથી. આ બાબતે ધ્યાને લઇ સુરતના હજીરા રો-રો ફેરી દરીયાઇ કાંઠા વિસ્તાર અને હજીરા દરીયાઇ લેન્ડીંગ પોઇન્ટ અને ફીશિંગ પોઇન્ટ વિસ્તારમાં એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટીના અધિક પોલીસ મહાનિદેશકશ્રી અમિતકુમાર વિશ્વકર્માસર તેમજ દરીયાઇ સુરક્ષા અને મરીન ટાસ્કફોર્સના પોલીસ મહાનિરીક્ષકશ્રી પી.એલ.માલસર તેમજ મરીન ટાસ્ક ફોર્સ હજીરાના પોલીસ અધિક્ષકશ્રી એસ.જે.પરમારના માગર્દશન હેઠળ પો.ઇ.શ્રી એમ.એમ.જાંબુકીયા, પો.સ.ઇ.શ્રી બી.આર.તડવી અને પો.સ.ઇ.શ્રી એસ.બી.પટેલ અને મરીન સેકટર હજીરાના તમામ મરીન કમાન્ડો દ્વારા સંયુક્ત રીતે તા.૦૩.૦૨.૨૦૨૬ ના રોજ ફુટ પેટ્રોલીંગ દ્વારા ‘‘સઘન કોસ્ટલ પેટ્રોલીંગ’’નું આયોજન કરવામં આવેલ હતું. આ ‘‘સઘન કોસ્ટલ પેટ્રોલીંગ’’ દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઈસમો, શંકાસ્પદ વાહનો, શંકાસ્પદ બોટો, અવાવરૂ જગ્યાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું.

## મૌન ક્યારેક વધારે અસરકારક નીવડે છે

કહી દેવું સારું છે, પણ ઘણી વાર મૌન રહેવું તેનાથી વધારે સારું રહે છે. શબ્દો સંબંધો જોડે છે, તો ક્યારેક તોડે પણ છે. જરૂર હોય ત્યારે જ બોલવું અને બને ત્યાં સુધી મૌન રહેવું વધારે જરૂરી છે. મનની વાત મુક્ત રીતે કહેવી વધારે સારું છે, પણ દરેક સ્થિતિમાં એવું શક્ય નથી. કોઈને વણમાગ્યે સલાહ આપવી કે બીજાની વાતને પોતાના સુધી જ મર્યાદિત ન રાખતા અન્ય કોઈની સાથે શેર કરવી તમારા વ્યક્તિત્વ પર અસર કરે છે. જો બે લોકો વચ્ચે કોઈ વાત અંગે દલીલ થતી હોય તો એમના કહ્યા વિના જાતે જ સલાહ આપવી યોગ્ય નથી. તમારા મનથી સારું- ખરાબ નક્કી કરીને કોઈ એકનો પક્ષ લેવો પણ યોગ્ય નથી. હા, જો તેઓ તમારી સલાહ માંગે તો ચોક્કસ જણાવો. ઘણી વાર અજાણતાં જ બીજાની વાત અન્ય કોઈ સાથે શેર થઈ જાય છે. જેમ કે,જો કોઈની કંઈ ખામી અથવા તેમની અંગત વાતનો તમને ખ્યાલ આવી જાય તો તે તમારા નિકટજનો અથવા મિત્રો સાથે શેર ન કરો. એટલું જ નહીં, જો કોઈ વ્યક્તિ પણ તમને બીજા કોઈના જીવન વિશે વાત કરે, તો પણ તેને અટકાવી દો. સામાન્ય રીતે સહકર્મચારીના ઘરે જઈએ તો તેઓ પોતાના બાળકોના અભ્યાસની ફરિયાદ જરૂર કરે છે. એવામાં બાળકમાં રહેલી ખામીઓ ગણાવવાને બદલે ચૂપ રહો તે વધારે સારું છે.

# બાયુયો વોલ્કેનો-જ્વાળામુખીની અંદર જ્વાળામુખી

‘કોર મેમરી માટે અમને હાલમાં મિત્રો વચ્ચે ગુજરાતી, હિંદી કે તમિળમાં કોઈ સારો શબ્દ નહોતો મળતો. જોકે દરેક પ્રવાસ, જિંદગીની મહત્ત્વની ઘટના ‘કોર મેમરી’ તો બનાવીને જ જાય છે. તે સમયે તો જાણે તે વાતો સાથે અમે અનોખી યાદો બનાવી રહ્યાં હતાં. અને વાત ક્યારે યાદશક્તિ પર પહોંચી ગઈ ખબર પણ ન પડી. અમારાં મિત્રો વરુણ અને વિવેક અને વરુણની પત્ની નમિતા સાથે બેસીને નોસ્ટાલજિયાની વાતો ચાલુ થઈ ગઈ હતી. એક સમયે તો સ્માર્ટ ફોન વિના મોટા થવાની વાત પણ નીકળી. ખાસ તો એક જમાનામાં અમને બધાંને કેવી રીતે ફોન નંબરો યાદ રહેતા હતા તે વાત પર બધાં વિચારે ચડી ગયેલાં, અને આજે તો ઘણું ભૂલી જવાનું થાય છે. આખી ને આખી નોલેજ બેન્ક જેવો ફોન ખિસ્સામાં લઈને ફરવામાં ઘણું યાદ રાખવાની જરૂર જ નથી પડતી. જોકે તેનો અર્થ એ નહીં કે કંઇ પણ ભૂલી જાઓ તો ચાલે.

હું ફુઅર્ટેવેન્ટુરા પહોંચવાની ફલાઈટ પર મારું ક્વિડલ ભૂલી ગઈ હતી. લુથાન્ઝાના લોસ્ટ એન્ડ ફાઉન્ડને મોકલેલા મેઈલનો કોઈ જવાબ નહોતો આવ્યો. અમને અપેક્ષા પણ ન હતી, પણ પાછાં પહોંચ્યા પછી એક દિવસ કુમાર પર એક અજાણ્યાં બેનનો ઈમેઈલ આવ્યો. તેમાં લખ્યું હતું, ‘ફલાઈટની સીટ પાછળ મારું ક્વિડલ મૂક્યું અને પાછું લેતી વખતે બે ક્વિડલ હાથમાં આવ્યાં. આ ઈમેલ પર ડિવાઈસ રજિસ્ટર થયેલું છે. સરનામું મોકલો તો તમને કુરિયર કરી દઉં.’

અમે તેમને સરનામા સાથે કુરિયરનો ખર્ચો અને ઘણો આભાર મોકલ્યો. કોઈ વસ્તુ ક્યાંક ભૂલી જવાનું તો જરાય નવું નથી, પણ લોકો માણસાઈ ભૂલ્યાં નથી તે વાતની પણ અમે મજા લઈ જોઈ. મારે ફુઅર્ટેવેન્ટુરાના અલગ ગ્રહનાં લેન્ડસ્કેપવાળાં સ્થળો અને બીચ પર બેસીને ક્વિડલ પર પુસ્તકો વાંચવા દરમ્યાન ફોન ભૂલી જવાનો પ્લાન હતો. હવે તે પ્લાન જ ભૂલી જવો પડે તેવું હતું. એવામાં જ્યારે વોલ્કેનો બાયુયો પર અડધેથી પાછી આવીને કારમાં બેસીને કુમારની રાહ જોતાં જોતાં ટાઈમપાસ કરતી હતી, ત્યારે ક્વિડલ ખાસ યાદ આવતું હતું.

કાર પાર્કની એક તરફ એક નાનકડો વોલ્કેનો હતો, બીજી તરફ વધુ એક નાનો વોલ્કેનો હતો. તેને ઓળંગીને તે વિસ્તારના સૌથી મોટા વોલ્કેનો બાયુયો પર ચઢવાનું હતું. હું બાયુયો પર જવાના રસ્તે ચઢી તો ગઈ, પણ જેવો રસ્તો વધુ ને વધુ વર્ટિકલ થતો ગયો, મને પાછાં આવવાનું કેટલું અઘરું બની જશે તે વિચારે આગળ વધવાનું જોખમી લાગ્યું. હું પાછી વળીને કારમાં બેસી કુમાર પાછો ફરે તેની રાહ જોવા લાગી. મેં ફોન પર આસપાસનો માહોલ અને વિચારો રેકોર્ડ કરવાનું ચાલુ કર્યું ત્યાં તો કુમારનો ફોન આવ્યો. તે મને કહે, તે ટોચ પરથી પાછો આવી ગયો છે, પણ હું જ્યાંથી પાછી ફરી હતી ત્યાં જરા થોડી વાર માટે પાછી આવી જાઉં.

## તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૪ ફેબ્રુઆરી ૨૦૨૬**

# સંસદની કાર્યવાહી ફરી ધાંધલમાં અટવાઇ ; સવાલ ગરિમા જાળવવાનો

ભારત વિશ્વનું સમૃદ્ધ અને સજીવ લોકતંત્ર ધરાવે છે. આપણી પાસે લોકતંત્રના સંસ્કાર પણ છે અને મધર ઓફ ડેમોક્રેટ્સના રૂપમાં ગૌરવશાળી પરંપરા છે. સંસદ ભવન લોકતંત્રનું મંદિર કહેવાય છે, પણ છેલ્લા બે દિવસ દરમ્યાન લોકસભાના બજેટસત્રમાં રાષ્ટ્રપતિનાં સંબોધન બદલ આભાર માનતા પ્રસ્તાવની ચર્ચા દરમ્યાન જે જોવા મળ્યું એ દેશના બૌદ્ધિકવર્ગને ખિન્ન કરનારું છે. સંસદના મંચ પર તંદુરસ્ત ચર્ચા થવી જોઈએ... દેશના વિભિન્ન વિસ્તારના મુદ્દા રજૂ થાય અને એનો સરકાર તરફથી ખુલાસોય થાય. કમનસીબે અત્યારના માહોલમાં રાજનીતિ સૌથી વધુ પ્રભાવક પરિબળ બની ગઇ છે. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે ચર્ચા દરમ્યાન લશ્કરના પૂર્વ વડા જનરલ એમ. એમ. નરવણેના અપ્રકાશિત પુસ્તક 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની'ના લખાણને ટાંકીને લદ્દાખમાં ચીની ઘૂસણખોરીનો મુદ્દો ઉઠાવ્યો એ પછી બે દિવસથી ગૃહમાં ધાંધલધમાલ મચી છે. રાહુલ અને વિરોધ પક્ષોનો આક્ષેપ છે કે, ગૃહમાં તેમનો અવાજ દબાવી દેવામાં આવે છે, પણ લોકસભામાં સ્પીકર અને વરિષ્ઠ મંત્રીઓનું સ્પષ્ટ કહેવું છે કે, રાહુલ સંસદના નિયમથી ઉપરવટ જઇ રહ્યા છે. નિયમાવલિ મુજબ કોઇ પુસ્તક કે અખબારમાં પ્રસિદ્ધ બાબત ઉપર ગૃહમાં ચર્ચા જ નથી થઇ શકતી. વળી, રાહુલ તો જનરલ નરવણેના એ પુસ્તકનો સહારો લેવા માગે છે, જે બૂક સ્વરૂપે અસ્તિત્વમાં જ નથી આવ્યું. આ લખાય છે ત્યારે બીજા દિવસે વધુ ધાંધલધમાલ થઇ. કોંગ્રેસી સભ્યોએ કાગળના ટુકડા અધ્યક્ષ તરફ ફેંક્યા અને આઠ સાંસદને આખા બજેટ સત્રની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વિરોધ પક્ષને આ મુદ્દો મળી ગયો છે, પણ રાજનીતિની લડાઇમાં સંસદનો કિંમતી સમય વ્યય થઇ રહ્યો છે જે અફસોસની વાત છે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને ગૃહમંત્રી અમિત શાહે અપ્રકાશિત પુસ્તકનો હવાલો આપવાની વાતનો વિરોધ કર્યો એ ખરેખર યોગ્ય છે, તો બીજીતરફ એક પ્રતિષ્ઠિત સૈન્ય અધિકારીના અનુભવોને આધારે સરકારની નીતિ અને નિર્ણયો સામે ઉઠાવાયેલા સવાલને સાંભળવા પણ લોકશાહીમાં સરકારની જવાબદારી છે, એવો વિપક્ષનો તર્ક પણ યોગ્ય છે. અખિલેશ યાદવે પણ ચીન સાથે જોડાયેલો મામલો દેશની સલામતીને લગતો છે અને તેના પર ચર્ચા થવી જોઇએ એવું કહ્યું છે. ખરેખર તો સાચી સમસ્યા માહિતી લેવાના સ્રોતની પ્રામાણિકતાની આવે. મુદ્દાની ગંભીરતા તો છે, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ વારંવાર નિયમોનો સંદર્ભ ટાંકીને રાહુલને સંયમમાં રહેવાની સલાહ આપી. વિપક્ષી નેતા હોવાને નાતે ગૃહમાં જે તથ્ય મૂકાય તે નિર્વિવાદ અને આધિકારિક હોય એ જોવાની વધુ જવાબદારી રાહુલ ગાંધીની છે. પ્રિયંકા ગાંધીનો ઉલ્લેખ કરીને અધ્યક્ષે સ્પષ્ટ સંકેત આપ્યો કે, તથ્ય પ્રામાણિક હોય તો તેને પટલ પર રાખવાની કોઇ સીમા નથી હોતી. ચીનની ઘૂસણખોરી, રેજાંગ લા : રેચિન લાની ઘટનાએ અને ૨૦૨૦ના તાણભર્યા સંજોગો દેશ અગાઉ પણ જોઇ ચૂક્યો છે. એવા સંજોગો કોઇ નિવેદન એના અને સરકાર વચ્ચેના સંવાદો માટે શંકા-કુશંકા પેદા કરે તો તેનો પ્રભાવ રાજનીતિ ઉપરાંત કૂટનીતિ અને રણનીતિમાં પણ પડી શકે છે. આ કારણે જ સત્તાપક્ષ એવો આગ્રહ રાખે છે કે, આ પ્રકારની વાતો સાર્વજનિક મંચ પર કહેવાથી તે પહેલાં તેની સંપૂર્ણ ખરાઇ થવી જોઇએ. સરકારનો પક્ષ પણ સમજી શકાય છે. અગ્નિવીર યોજના સંદર્ભે નરવણેના વિચારોનો ઉલ્લેખ પણ વિવાદનો મહત્ત્વનો મુદ્દો બની રહ્યો છે, પણ શું આવા દાવા આધિકારિક રીતે ઉપલબ્ધ છે કે માત્ર લીક થયેલા અંશો અને લેખો પર આધારિત છે, એવો સવાલ ઊઠવો સ્વાભાવિક છે. સંસદમાં ચર્ચા ભાવનાત્મક નહી પણ તથ્ય આધારિત હોવી જોઇએ. આ સમગ્ર ઘટનાક્રમથી એક વાત ચોક્કસપણે બહાર આવી છે કે, ગૃહની ગરિમા જાળવવાની જવાબદારી માત્ર અધ્યક્ષ કે સરકારની સાથે વિપક્ષોની પણ છે જ. લોકશાહીમાં સવાલ પૂછવાનો અધિકાર વિપક્ષને છે, પણ સાથે મર્યાદા અને નિયમોનું પાલન પણ અનિવાર્ય છે. સંસદનો ઉદ્દેશ હંગામો નહીં પણ પ્રશ્નોના સમાધાનમાં છે. રાષ્ટ્રીય સલામતી જેવા મુદ્દે રાજનીતિના બદલે ગંભીર તથ્યસભર અને જવાબદારીભરી ચર્ચા જરૂરી છે, તો જ સંસદ પોતાની ગરિમા જાળવી રાખશે અને લોકશાહીનો પાયો મજબૂત થશે.

# સુનેત્રા પવારની ટીકા શા માટે?

મહારાષ્ટ્રનાં પહેલા મહિલા નાયબ મુખ્ય પ્રધાન તરીકે સુનેત્રા પવારે શપથ લીધા પછી વિવાદ ઊભો કરાયો છે. પતિના નિધનના માંડ ત્રણ દિવસ થયા હતા ત્યાં સુનેત્રા અજિત પવારને શપથ લેવાની એવી તે શી ઉતાવળ હતી કે તેરમાની વિધિ પતી જાય ત્યાં સુધી તેઓ રાહ જોવા તૈયાર નહોતાં. ધર્મ, પ્રથા અને સામાજિક વહેવારની દુહાઈઓ આપી રાજકારણીઓ સુનેત્રા પવારના આ પગલાને વખોડી રહ્યા છે, જાણે તેમના આ પગલાથી ધરતી રસાતળ થઈ જવાની હોય કે આભ તૂટી પડવાનું હોય. એનસીપી (એસપી)ના સર્વેસર્વા અને અઠંગ રાજકારણી શરદ પવારે પત્રકાર પરિષદ બોલાવીને કહ્યું કે સુનંદા પરિવારને જાણ કર્યાં વિના શપથવિધિ માટે નીકળી ગયાં. જોકે, કેટલાક નિર્ણયો પરિસ્થિતિને આધિન હોય છે અને ધાર્મિક વિધિઓ તથા કર્મકાંડની છડેચોક ઠેકડી ઉડાડનારાઓ આ બાબતમાં ધર્મ વિરુદ્ધ થયું છે એવી કાગારોળ કરે છે ત્યારે શેતાન બાઈબલ ટાંકતો હોય એવું જણાય છે. છેલ્લા થોડા સમયથી એક નરેટિવ ચલાવવામાં આવી રહ્યું છે કે બંને એનસીપીનું એકીકરણ થવાનું છે. અજિત પવારે પણ આવો સંકેત આપ્યો હોવા છતાં સ્પષ્ટ કર્યું હતું કે માત્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માટે કેટલાંક સ્થળે બંને એનસીપીએ યુતિ કરી છે. ધારો કે બંધબારણે કાકા-ભત્રીજા વચ્ચે પક્ષના એકીકરણની વાત થઈ હોય તો પણ કાકાનો પક્ષ ભત્રીજામાં ભળે તો ભાજપના વડપણ હેઠળના એનડીએમાં રહેશે કે કાકા-ભત્રીજો વર્તમાન રાજકીય ગઠબંધન તોડશે એ સ્પષ્ટ નહોતું. અજિત પવાર હવે હયાત નથી અને શરદ પવાર બોલે એક, તેમના મગજમાં ચાલતું હોય બીજું અને તેઓ કરે કંઈક ત્રીજું અને તેમનો આશય કંઈક ચોથો જ હોય એવા કિસ્સાઓથી તેમનો ભૂતકાળ સભર છે. અત્યારે થઈ રહેલા હોબાળામાં કોનો હાથ અને ભેજું છે, એ માત્ર રાજકીય વિશ્લેષક કે નિરીક્ષક જ સમજી શકે એવું નથી. સુનેત્રા પવાર રાજકારણીઓના પરિવારમાંથી આવે છે, લગ્ન પછી તેઓ રાજકારણથી દૂર હતાં. પતિએ કાકા સાથે છેડો ફાડયો એ પછી સુનેત્રાને ચૂંટણીના રાજકારણમાં ઊતરવાની ફરજ પડી. અત્યારે પરિસ્થિતિ એવી છે કે વડા વિનાનો પક્ષ અને સત્તા વિનાના રાજકારણીઓના સમૂહને સાચવવા માટે તેમને તાકીદે શપથ લેવા પડયા. મહારાષ્ટ્રનું રાજકારણ એવું છે કે જરાસરખી ભૂલ કે વિલંબ થાય તો વિધાનસભ્યો તોડી લેવા બધા જ પક્ષો તત્પર બેઠા છે. એમાંય વળી, શરદ પવાર સહાનુભૂતિ કાર્ડ ઊતરે તો પતિના પક્ષનું અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ થઈ પડે. પવાર પરિવાર ધાર્મિક રીતે બહુ સક્રિય નથી, આથી જે લોકો હિન્દુ વિધિથી થયેલા અંતિમ સંસ્કાર અને તેર દિવસ સુધી રાહ જોવાની જરૂર હતી, એવી વાતોની દુહાઈ આપે છે, તેઓ ભૂલી જાય છે કે શાસ્ત્રોમાં આપદ ધર્મ નામનો એક વિચાર પણ છે. વળી, સુધારાવાદી ગણાતા પવાર પરિવારનાં પુત્રવધૂ પતિના નિધન બાદ તેમના પક્ષને બચાવવા માટે સક્રિય થયાં હોય તો એમાં ખોટું શું છે?

**ટ્રમ્પની જાહેરાત પ્રમાણે, ટ્રેડ ડીલ હેઠળ અમેરિકાએ ભારત પર ઠોકેલી પચીસ ટકા રેસિપ્રોકલ ટેરિફ ૭ ટકા ઘટાડીને ૧૮ ટકા કરી નાખી છે**

# ભારતે કાંડાં કાપીને આપી દીધાં કે ટ્રમ્પે જૂઠાણું ચલાવ્યું?

## બીજી એક મહત્ત્વની વાત, અમેરિકાના માલ પરની ટેરિફ ઝીરો કરવાની છે.

અંતે લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી એ ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર કરાર (ટ્રેડ ડીલ) થઈ ગયો હોવાની ટ્રમ્પે જાહેરાત કરી નાખી. ટ્રમ્પની જાહેરાત પ્રમાણે, આ કરાર પ્રમાણે, અમેરિકાએ ભારતના માલ પર લાદેલા ૫૦ ટકા ટૅરિફને ઘટાડીને ૧૮ ટકા કરી દીધી છે. ભારત અમેરિકાના માલ પરની

ડ્યૂટી ઘટાડવા તૈયાર નહોતું ને અમેરિકાની ઐસીતૈસી કરીને રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું પણ ચાલુ રાખેલું તેથી ગિન્નાયેલા ટ્રમ્પે ઑગસ્ટ ૨૦૨૫માં ભારત પર બે વાર ટૅરિફ ઠોકી દીધી હતી.

ટ્રમ્પે ૧ ઑગસ્ટે ભારતની અમેરિકામાં નિકાસ પર પચીસ ટકા રેસિપ્રોકલ ટૅરિફ લગાવી હતી. ટ્રમ્પનું કહેવું હતું કે, ભારત અમેરિકાના માલ પર તોતિંગ કર વસૂલે છે એટલે અમે પણ જેવા સાથે તેવા થઈને ભારતના માલ પર ૨૫ ટકા ટૅરિફ વસૂલીશું. ૨૭ ઑગસ્ટે ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ વધારાની પચીસ ટકા ટૅરિફ ઠોકી દેતાં ભારતના માલ પર કુલ ૫૦ ટકા ટૅરિફ થઈ ગઈ હતી.

ટ્રમ્પની જાહેરાત પ્રમાણે, ટ્રેડ ડીલ હેઠળ અમેરિકાએ ભારત પર ઠોકેલી પચીસ ટકા રેસિપ્રોકલ ટૅરિફ ૭ ટકા ઘટાડીને ૧૮ ટકા કરી નાખી છે જ્યારે રશિયન ક્રૂડ ખરીદવા બદલ લગાવાયેલા વધારાની પચીસ ટકા ટૅરિફ અંગે કોઈ ચોખવટ કરાઈ નથી. ટ્રમ્પના દાવા પ્રમાણે ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ નહી ખરીદવાની ખાતરી આપી છે એટલે પેનલ્ટી પેટે લગાવાયેલી પચીસ ટકા ટૅરિફ જતી જ રહેશે તેથી અસરકારક રીતે ભારતના માલ પર ૫૦ ટકા ટૅરિફના બદલે ૧૮ ટકા ટૅરિફ જ રહેશે.

આ કહેવાતા ટ્રેડ ડીલને પગલે મોદીભક્ત મીડિયા ઝૂમી ઉઠ્યું છે. મોદીની વિનંતીના પગલે ટૅરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી નાંખી તેના કારણે હવે ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ સહિતના દેશો કરતાં ભારત આગળ નિકળી ગયું છે એ પ્રકારના દાવા મીડિયામાં કરાઈ રહ્યા છે. અમેરિકા સાથેનો આ કરાર મોદી સરકારની બહુ મોટી સિદ્ધિ હોય એ પ્રકારનું પિક્ચર ઉભું કરવાની મથામણ શરૂ થઈ ગઈ છે.

આઘાતજનક વાત એ છે કે, ભારત સરકાર આ ટ્રેડ ડીલ વિશે ચૂપ છે. મોદીએ એવી પોસ્ટ કરી કે, હવે મેડ ઇન ઇન્ડિયા પ્રોડક્ટ્સ પર અમેરિકામાં ટૅરિફ ઘટીને ૧૮ ટકા થઈ જશે એ જાણીને આનંદ થયો પણ તેમની પોસ્ટમાં ટ્રેડ ડીલ અંગે કોઈ માહિતી અપાઈ નથી. મોદીએ ટ્રમ્પનો આભાર માન્યો ને દુનિયાની બે મોટી લોકશાહી સાથે મળે તો આમ થાય ને તેમ થાય એ બધી વાર્તાઓ કરી પણ ટ્રમ્પે કરેલા દાવા સાચા છે કે ખોટા એ વિશે સરકાર કશું બોલી રહી નથી એ જોતાં ટ્રમ્પની પોસ્ટને જ સાચી માનવી પડે.

ટ્રમ્પે કરેલી પોસ્ટ પ્રમાણે, અમેરિકાએ ટૅરિફ ઘટાડ્યા તેના બદલામાં હવે ભારત રશિયા કે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ નહી ખરીદે પણ અમેરિકા કહેશે એ રીતે ક્રૂડ ઓઈલની ખરીદી કરશે. હમણાં અમેરિકાએ વેનેઝુએલા પર કબજો કરેલો છે એટલે વેનેઝુએલા પાસેથી ભારત ક્રૂડની ખરીદી કરશે ને ભવિષ્યમાં અમેરિકા પાસેથી ખરીદી કરવી પડશે કેમ કે ટ્રમ્પે સાફ શબ્દોમાં કહ્યું છે કે, મોદી રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરીને અમેરિકા પાસેથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદવા સંમત થયા છે.

રશિયા પાસેથી ક્રૂડની ખરીદી ભારતના ફાયદામાં છે એવું મોદી સરકારે વારંવાર કહ્યું છે. હવે દેશને ફાયદો કરાવતી ખરીદીના બદલે અમેરિકાના ઈશારે ભારત ખરીદી કરે તેનો શો અર્થ થયો? એ જ કે ભારતે તેના સ્વમાનને કોરાણે મૂકી દીધું છે. આપણે કોની પાસેથી ક્રુડ ખરીદવું એ પણ અમેરિકા નક્કી કરે તો આપણા જેવો પાણી વિનાનો દેશ બીજો કોઈ ના કહેવાય.

ટ્રમ્પની પોસ્ટમાં બીજી મહત્ત્વની વાત એ છે કે, મોદીએ મોટા પ્રમાણમાં અમેરિકન માલ ખરીદવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ટ્રમ્પના દાવા પ્રમાણે તો ભારત અમેરિકા પાસેથી ૫૦૦ અબજ ડૉલરનાં એનર્જી, કોલસો, ટેકનોલોજી, કૃષિ ઉત્પાદનો અને બીજું બધું ખરીદશે. ટ્રમ્પની આ વાત સાચી હોય તો ભારતનું અર્થતંત્ર તબાહ થઈ જશે. ટ્રમ્પે ૫૦૦ અબજ ડૉલરનો માલ અમેરિકાનો માલ ભારત કેટલા સમયમાં ખરીદશે તેનો ફોડ પાડ્યો નથી પણ આ રકમ બહુ મોટી છે.

૨૦૨૪માં ભારતે અમેરિકામાં કુલ ૮૦ અબજ ડૉલરની નિકાસ કરી હતી. તેના કરતાં આ રકમ છ ગણી કરતાં પણ વધારે છે. અમેરિકા ભારત પાસેથી અત્યારે માલ ખરીદે છે એ સિવાયની આ ખરીદી હશે એવો ટ્રમ્પે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એ જોતાં અત્યારે ભારત અમેરિકા સાથેના વ્યાપારમાં સરપ્લસ છે તેના બદલે ખાધમાં આવી જશે. જો કે સૌથી મહત્ત્વની વાત એ છે કે, મોદીએ અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો ખરીદવા પણ પ્રતિબદ્ધતા દર્શાવી હોવાનું ટ્રમ્પે લખ્યું છે. ભારત પોતાના ખેડૂતોનાં હિતો સાચવવા માટે અમેરિકાનાં કૃષિ ઉત્પાદનોને એન્ટ્રી નહી આપવા અડી ગયેલું. હવે અમેરિકાનાં કૃષિ ઉત્પાદનો અહી આવશે તો આપણા ખેડૂતોની તો હાલત બગડી જશે.

બીજી એક મહત્ત્વની વાત, અમેરિકાના માલ પરની ટૅરિફ ઝીરો કરવાની છે. ટ્રમ્પે ધીરે ધીરે ટૅરિફ ઘટાડાશે અને નોન-ટૅરિફ બેરિયર્સ ઝીરો કરી દેવાશે એવું કહ્યું છે. ભારતમાં તેનો મતલબ એ કઢાયો કે, અમેરિકાના માલ પર કોઈ ટૅરિફ નહી લાગે પણ આ વાત સાચી નથી. સાચી વાત એ છે કે, ભારત તબક્કાવાર રીતે ટૅરિફ ઘટાડશે અને શૂન્ય પર લઈ જશે. નોન-ટૅરિફ અવરોધોમાં લાઈસન્સિંગ નિયમો, ક્વોટા, પ્રમાણપત્ર આવશ્યકતાઓ, સ્થાનિક સૉર્સિંગ ધોરણો અને નિયમનકારી મંજૂરીઓ વગેરે પ્રતિબંધોનો સમાવેશ થાય છે. આ તમામ અવરોધો પણ દૂર કરી દેવાશે. ટ્રમ્પે એ ક્યારે દૂર કરાશે તેનો ઉલ્લેખ કર્યો નથી પણ ટૅરિફ ઝીરો થાય ને નોન-ટૅરિફ અવરોધો દૂર થાય તેનો મતલબ એ થયો કે, અમેરિકાનાં ઉત્પાદનો માટે ભારતનું બજાર ખુલ્લું થઈ જાય. એ સંજોગોમાં અમેરિકા પોતાનાં ડેરી ઉત્પાદનો પણ ભારત મોકલવા માંડે ને કારો પણ વેચવા માંડે. તેના કારણે ભારતીય કંપનીઓની વાટ લાગી જાય.

ભારત સરકારે આ બધા મુદ્દે સ્પષ્ટતા કરવી જરૂરી છે. અત્યાર લગી ટ્રમ્પની ધમકીઓ સામે મોદી સરકાર ઝૂકતી નહોતી તેથી લાગતું હતું કે, મોદી સરકાર મરદ સાબિત થઈ છે પણ ટ્રમ્પની વાત સાચી હોય તો તેનો અર્થ એ થયો કે, આપણી સરકાર ટ્રમ્પનાં પગોમાં આળોટી જ ગઈ છે. ટ્રમ્પે સોમવારે સોશિયલ મીડિયા 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને આપેલી માહિતી પરથી લાગે કે, ભારતે અમેરિકાને કાંડાં કાપીને આપી દીધાં છે, મોદી સરકારે ડોનાલ્ડ ટ્રમ્પની નાલાયકીઓ સામે ઘૂંટણ ટેકવી દીધા છે.

**વિશ્વના સામાન્ય લોકો માટે તેલના ભાવ એ ચિંતાનો વિષય છે. અત્યારે તેલના ભાવમાં જે વધઘટ જોવા મળી રહી છ**

# ઈરાન સાથે યુદ્ધ કરવાની હિંમત નહીં કરે ટ્રમ્પ?

- **બીજી તરફ, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામનેઈએ આ ધમકીઓનો જડબાતોડ જવાબ આપતા ચેતવણી આપી છે કે જો અમેરિકા ઈરાન પર કોઈ પણ પ્રકારનો હુમલો કરવાની હિંમત કરશે તો આખું ક્ષેત્ર યુદ્ધમાં હોમાઈ જશે.**

ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધો ફરી એકવાર અત્યંત નાજુક અને જોખમી તબક્કે પહોંચી ગયા છે. આ તણાવે માત્ર મધ્ય પૂર્વ જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને ચિંતામાં મૂકી દીધું છે. આ બે દેશ વચ્ચેનો કોઈ પણ લશ્કરી સંઘર્ષ વૈશ્વિક અર્થતંત્ર અને શાંતિ માટે વિનાશકારી સાબિત થઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સત્તામાં પાછા ફર્યા બાદ ઈરાન પ્રત્યે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તેમણે ઈરાનને અણુ સંવર્ધન તાત્કાલિક બંધ કરવા અને એક નવા, વધુ મજબૂત અણુ કરાર પર હસ્તાક્ષર કરવા માટે કડક અલ્ટીમેટમ આપ્યું છે. ટ્રમ્પનું માનવું છે કે અગાઉના કરારો ઈરાનને અણુ હથિયારો બનાવતા રોકવામાં નિષ્ફળ રહ્યા હતા અને તેનાથી માત્ર ઈરાનને આર્થિક ફાયદો જ થયો હતો. ટ્રમ્પના આ આક્રમક વલણને કારણે પર્સિયન ગલ્ફ વિસ્તારમાં યુદ્ધનાં વાદળો ઘેરાવા લાગ્યાં છે.

બીજી તરફ, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામનેઈએ આ ધમકીઓનો જડબાતોડ જવાબ આપતા ચેતવણી આપી છે કે જો અમેરિકા ઈરાન પર કોઈ પણ પ્રકારનો હુમલો કરવાની હિંમત કરશે તો આખું ક્ષેત્ર યુદ્ધમાં હોમાઈ જશે. ખોમેની એ ઈરાની જનતા અને સેનાને '૨૦૦ ટકા તૈયાર' રહેવા આદેશ આપ્યો છે. ઈરાનનું વલણ સ્પષ્ટ છે કે એ દબાણ કે ધમકી હેઠળ કોઈ કરાર કરશે નહીં. આ નિવેદનબાજી માત્ર વાણી વિલાસ સુધી સીમિત નથી રહી, પરંતુ બંને દેશે પોતાની સૈન્ય શક્તિનું પ્રદર્શન પણ શરૂ કરી દીધું છે. અમેરિકાએ પર્સિયન ગલ્ફમાં પોતાની હાજરી મજબૂત કરવા માટે યુએસએસ અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપને તૈનાત કર્યું છે. આ વિશાળ યુદ્ધ જહાજ સાથે ત્રણ અત્યાધુનિક ડિસ્ટ્રોયર્સ અને પાંચમી પેઢીના એફ-૩૫સી ફાઈટર વિમાનોની ટુકડી પણ સામેલ છે. અમેરિકાની આ હિલચાલનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનને એ સંદેશ આપવાનો છે કે અમેરિકા લશ્કરી કાર્યવાહી કરવા માટે સંપૂર્ણ સજ્જ છે.આ સૈન્ય જમાવટમાં સૌથી મહત્ત્વનું પાસું 'ન્યુક સ્નિફર' તરીકે ઓળખાતા ડબ્લ્યુસી-૧૩૫ઈ કોન્સ્ટન્ટ ફિનિક્સ વિમાનનું આગમન છે. આ ખાસ વિમાન વાતાવરણમાં રહેલા કિરણોત્સર્ગી કણોને શોધી કાઢવાની ક્ષમતા ધરાવે છે, જેનો ઉપયોગ ઈરાનનાં ભૂગર્ભ અણુ મથકોમાં થઈ રહેલી પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે કરવામાં આવી રહ્યો છે. આ વિમાન યુકેમાં ઉતારવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે અમેરિકાના યુરોપિયન સાથી દેશો પણ આ બાબતને ગંભીરતાથી લઈ રહ્યા છે. જોકે, ઈરાને પણ વળતી રણનીતિ અપનાવી છે. ચીન અને રશિયા જેવા વૈશ્વિક હરીફો સાથે ઈરાને હાથ મિલાવ્યા છે. ફેબ્રુઆરીના મધ્યમાં ઉત્તરીય હિંદ મહાસાગરમાં 'મેરીટાઈમ સિક્યુરિટી બેલ્ટ' નામના સંયુક્ત લશ્કરી અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. ચીન અને રશિયાની નૌકાદળની હાજરી એ અમેરિકા માટે એક સીધો પડકાર છે. આ ત્રિપક્ષીય જોડાણ એ સાબિત કરવા માગે છે કે મધ્ય પૂર્વમાં અમેરિકાનું એકહથ્થુ શાસન હવે ચાલશે નહીં અને ઈરાન પાસે મજબૂત સાથીદારો છે.તાર્કિક રીતે વિચારીએ તો આટલો તણાવ હોવા છતાં અમેરિકા ઈરાન પર હુમલો કરશે નહી તેવી પ્રબળ શક્યતાઓ છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે ઈરાન પાસે મિસાઈલ ટેકનોલોજીનું વિશાળ નેટવર્ક છે. જો અમેરિકા હુમલો કરે તો ઈરાન તેના પ્રોક્સી જૂથો (જેમ કે હિઝબુલ્લાહ અને હુથી બળવાખોરો) દ્વારા ઇઝરાયલ અને સાઉદી અરેબિયામાં રહેલાં અમેરિકી હિતોને ભારે નુકસાન પહોંચાડી શકે છે. હોર્મુઝની સામુદ્રધુની, જે વિશ્વના તેલ વેપાર માટે જીવનરેખા સમાન છે, તેને ઈરાન સરળતાથી બંધ કરી શકે છે. જો આવું થાય, તો વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં અસહ્ય વધારો થશે અને વિશ્વની અર્થવ્યવસ્થા પડી ભાંગશે. ડોનલ્ડ ટ્રમ્પ એક બિઝનેસમેન તરીકે અર્થતંત્રને થનારા આ નુકસાનથી ભલીભાતી પરિચિત છે. તેમની રણનીતિ હંમેશાં 'મેક્સિમમ પ્રેશર' એટલે કે અત્યંત દબાણ ઊભું કરવાની રહી છે, જેથી કરીને પ્રતિસ્પર્ધી શરણે આવે, પરંતુ તેઓ પોતે નવા યુદ્ધો શરૂ કરવાના વિરોધી રહ્યા છે.બીજું મહત્ત્વનું પાસું ૨૦૨૫ના વર્ષનો અનુભવ છે. ૨૦૨૫માં જ્યારે અમેરિકાએ ઈરાનના અમુક અણુ મથકો પર મર્યાદિત સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી ત્યારે પણ પરિસ્થિતિ યુદ્ધમાં પરિણમી નહોતી. બંને પક્ષ જાણે છે કે સંપૂર્ણ કક્ષાનું યુદ્ધ બંને માટે આત્મઘાતી સાબિત થશે. હાલમાં તુર્કી, કતાર અને ઈજિપ્ત જેવા દેશો રાજદ્વારી મધ્યસ્થી તરીકે સક્રિય થયા છે. એવા અહેવાલો છે કે અમેરિકી અને ઈરાની રાજદ્વારીઓ વચ્ચે તુર્કીમાં છૂપી બેઠકો યોજાઈ રહી છે. આ વાટાઘાટોનો હેતુ એક એવો મધ્યમ માર્ગ શોધવાનો છે જેમાં ટ્રમ્પને તેમની શરતો મુજબનો કરાર મળે અને ઈરાનને આર્થિક પ્રતિબંધોમાંથી મુક્તિ મળે.ઈરાનની અમેરિકા સાથેની તંગદિલી ચરમ સીમાએ છે ત્યારે ઈરાને પહેલી વાર સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તે અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર છે. ઈરાનના પ્રમુખે મંગળવારે કહ્યું હતું કે મેં દેશના વિદેશપ્રધાનને સૂચના આપી છે કે તે અમેરિકા સાથે 'નિષ્પક્ષ અને ન્યાયસંગત વાતચીત'નો વિકલ્પ તપાસશે. પ્રમુખને ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા ખામનેઈને ટેકો મળ્યો છે. અગાઉ ૮૬ વર્ષના ધાર્મિક નેતાએ અમેરિકા સાથે વાતચીત કરવાનું નકારી કાઢ્યું હતું. તુર્કી પરદા પાછળ આ અઠવાડિયાના અંતમાં વાતચીત થાય એ માટે પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકાના મિડલઈસ્ટના એલચી સ્ટિવ વિટકોફ હાલમાં ઈઝરાયલની મુલાકાત છે અને ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને મળવાના છે.આ માનસિક યુદ્ધમાં મીડિયા અને સોશ્યલ મીડિયાનો પણ મોટો રોલ છે. ટ્રમ્પ તેમના 'ટ્રુથ સોશ્યલ' એકાઉન્ટ પરથી સતત ઈરાનને ધમકાવતા રહ્યા છે, જ્યારે ઈરાની મીડિયા તેમના સૈન્યના પરાક્રમો બતાવી રહ્યું છે. આ બધું જ જનતાના અભિપ્રાયને પ્રભાવિત કરવા અને વાટાઘાટોમાં પોતાનો પક્ષ મજબૂત કરવા માટે છે. મધ્ય પૂર્વના અન્ય દેશો પણ અત્યારે સાવચેતીપૂર્વક વર્તી રહ્યા છે. સાઉદી અરેબિયા અને યુએઈ જેવા દેશ, જે અગાઉ ઈરાન વિરોધી હતા, તે પણ હવે યુદ્ધ ટાળવા માટે પ્રયાસો કરી રહ્યા છે, કારણ કે યુદ્ધની સીધી અસર તેમના પર્યટન અને તેલ ઉદ્યોગ પર પડશે.

વિશ્વના સામાન્ય લોકો માટે તેલના ભાવ એ ચિંતાનો વિષય છે. અત્યારે તેલના ભાવમાં જે વધઘટ જોવા મળી રહી છે તે આ યુદ્ધની અફવાઓનું પરિણામ છે. જો શાંતિ જળવાઈ રહેશે, તો તેલના ભાવ સ્થિર થશે અને વૈશ્વિક અર્થતંત્રને રાહત મળશે. અંતે, એવું કહી શકાય કે અમેરિકા અને ઈરાન વચ્ચેનો આ તણાવ એક વ્યૂહાત્મક રમત છે. બંને દેશ પોતાની મર્યાદાઓ જાણે છે. અમેરિકા માટે ઈરાન સાથેનું યુદ્ધ ૨૦૨૬માં ફરીથી સત્તા સંભાળ્યા પછીના શરૂઆતના મહિનાઓમાં એક મોટું રાજકીય જોખમ બની શકે છે.

**આમ છતાં અગાઉના બયાન અને પોલીસ કેસ ડાયરીને આધારે અદાલતે જજમેન્ટ આપ્યું હતું.**

# અજમેર સેક્સકાંડમાં ૩૨ વર્ષે છને સજા, પણ ૧૨ ફરાર

- ૨૦૨૪ની વીસમી ઓગસ્ટે ચુકાદા અગાઉ પોલીસે પુરાવા તરીકે સેક્સકાંડમાં વપરાયેલા કોન્ડોમ, કેમેરા, ગાદલા, કપડાં અને વીડિયો કેસેટ્સ દાયકાઓ સાચવી રાખ્યા હતા.

સમગ્ર ભારતનું માથું શર્મથી ઝુકાવી દે એવા અજમેર કૌભાંડમાં ન્યાય તોળાવામાં ય ગજબનાક વિલંબ થયો. ૧૦૦થી વધુ કધયાઓ સાથે સામૂહિક બળાત્કાર અને બ્લેક મેઈલિંગના કેસમાં ૨૦૨૫ના ડિસેમ્બરમાં અદાલતનો ચુકાદો આવ્યો. આ વાસનાનો ભોગ બનેલી અધિકાશ બાળકીઓ સ્કૂલની વિદ્યાર્થિની હતી, તો ૩૨-૩૨ વર્ષ એમનાં પર અને વાલીઓ પર શું શું વીત્યું હશે એની કલ્પના જ થથરાવી મૂકે છે.

૨૦૨૪ની વીસમી ઑગસ્ટે ચુકાદા અગાઉ પોલીસે પુરાવા તરીકે સેક્સકાંડમાં વપરાયેલા કોન્ડોમ, કેમેરા, ગાદલા, કપડાં અને વીડિયો કેસેટ્સ દાયકાઓ સાચવી રાખ્યા હતા. ગાદલા અને કોન્ડોમ સડીને ભયંકર ગંધાતા હતા પણ સત્તાવાર દસ્તાવેજોમાં એની નોંધ હતી. એ મહત્ત્વના પુરાવા હતા એટલે એને સાચવવા સિવાય છૂટકો નહોતો.

૩૨ વર્ષની કાનૂની પ્રક્રિયા દરમિયાન ૧૨ સરકારી વકીલ બદલાઈ ગયા. આને લીધે ય વિલંબ થયો હોઈ શકે. પોલીસ મહામહેનતથી ૧૬ પીડિતાને સાક્ષી બનાવી શકી હતી,પરંતુ સામાજિક બદનામી અને આરોપીઓના ડરથી તેર કિશોરીએ અદાલતમાં પોતાના નિવેદન ફેરવી તોળ્યા હતા. આને એમની લાચારી કહેવી, કાનૂની પ્રક્રિયાની ઊણપ કે સામાજિક નપુંસકતા?

આમ છતાં અગાઉના બયાન અને પોલીસ કેસ ડાયરીને આધારે અદાલતે જજમેન્ટ આપ્યું હતું. જયપુરની સ્પેશ્યલ કોર્ટ ફોર પ્રોટેકશન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિઝ (પોક્સો એક્ટ)ના જજ રંજનસિંહે છ આરોપીને આજીવન સજા ઉપરાંત માથાદીઠ પાંચ લાખનો દંડ ફટકાર્યો હતો. આ ગુનેગારો હતા નફિસ ચિશ્તિ, નસીમ ઉર્ફે ટારઝન, ઈકબાલ ભાટી, સોહેલ ગની અને સઈદ ઝમીર. અલબત્ત, આ સજાથી પીડિતાઓની વેદના ભુંસાઈ જવાની નહતી કે બગડેલા ભવિષ્ય સુધરી જવાના નહોતા જ.આ તો ૧૮ આરોપીઓમાંથી છને સજા થઈ હતી. એ સમયે હજી એનાથી બમણા એટલે કે એક ડઝન આરોપી ફરાર હતા. આવા સંગીન અને શર્મનાક કાંડના ૧૨-૧૨ આરોપી ત્રણ દાયકાથી વધુ સમયમાં ન ઝડપાય એવી વ્યવસ્થા માટે શું કહેવું? દુર્ભાગ્યની બાબત એ છે કે પોલીસના હાથમાંથી નાસી છૂટવામાં સફળ રહેલા આરોપીઓમાં આ સેક્સકાંડનો માસ્ટર માઈન્ડ ફારુક ચિશ્તી પણ ખરો. હા, કેટલાંક આરોપી મરી ગયા એય ખરું.આ ખટલામાં અજમેરની સાવિત્રી સ્કૂલની બારમા ધોરણની વિદ્યાર્થિનીનું રૂંવાડા ઊભા કરી દે એવું બયાન જોઈએ. એ કિશોરીને રાજકારણમાં અને કૉંગ્રેસમાં જોડાવું હતું એ ઈચ્છાનો ચિશ્તી બંધુઓએ ભરપૂર ગેરલાભ લીધો. સૌથી પહેલા રાજકારણમાં પ્રવેશ માટે તૈયાર કરવાને બહાને નિકટતા સાધી. પછી બન્નેએ એના પર જાતીય આક્રમણ કર્યું. એના ફોટાને આધારે શરૂ કર્યું બ્લેકમેઈલિંગ. પોતાના સર્કલની યુવાન છોકરીઓને મદદ કરવાને બદલે પોતાની પાસે લઈ આવવાનું ચિશ્તીઓ દબાણ કરતા રહ્યા. પછી પોતાની વાનમાં આગંતુકોને લિફ્ટ આપીને પક્ષમાં પ્રવેશ માટે લઈ જવાની વાત કરતા. પક્ષની ઑફિસને બદલે છોકરીઓને ફાર્મ હાઉસ લઈ જઈને તેમના પર બળાત્કાર કરાતા હતા. આના ફોટા પાડીને બ્લેકમેલ શરૂ થતા. દરેક પિડીતને દબડાવાતી કે તારી ફ્રેન્ડને લઈ આવ નહિતર તારા અશ્લીલ ફોટા જાહેર થઈ જશે.આ વિષચક્ર ચાલતું રહ્યું. જો એક પત્રકારે પર્દાફાશ ન કર્યું હોત તો ન જાણે એ ક્યાં સુધી અનેકને અભડાવતા રહ્યા હોત? આ શૈતાનો ક્યારેક તો અમુક પીડિતાના ભાઈ તરીકે ભાવિ શિકારને મળતા અને મીઠામીઠા શબ્દો બોલીને તેમને પાર્ટી (મહેફિલ)માં જોડાવાનું આમંત્રણ આપતા. પ્રેમપૂર્વક આગ્રહ કરતા અને પછીપ૧૯૯૨ની ૨૧મી એપ્રિલે આ સેક્સકાંડનો રિપોર્ટર સંતોષ ગુપ્તાના સ્કૂપ થકી પર્દાફાશ કરનાર અખબાર 'દૈનિક નવજ્યોતિ'ના તંત્રી દેવબંધુ ચૌધરીએ કબૂલ કર્યું હતું કે આ અમે બ્રેકિંગ સ્ટૉરી આપ્યાના એકાદ વર્ષ અગાઉથી સ્થાનિક પોલીસને આ સ્કેન્ડલની જાણકારી હતી, પરંતુ તેઓ કદાચ સ્થાનિક રાજકારણીઓના દબાણને લીધે ચૂપ હતા. અંતે ચૌધરીને લાગ્યું કે સ્થાનિક વહીવટ તંત્રને આંચકો આપીને સક્રિય કરવા માટે સેક્સકાંડને અખબારને પાને પર્દાફાશ કરવું અનિવાર્ય છે.

અખબારે ધડાકો કર્યા બાદ પોલીસે સક્રિય થવું પડ્યું. એફઆઈઆર નોંધાઈ. લોકો શેરીઓમાં ઊતરી આવ્યા. કુકર્મ શર્મનાક હતું છતાં શહેર બે કોમી છાવણીમાં વહેંચાઈ ગયું ને માનવતા ડુસકું ભરતી રહી ગઈ. દેખાવો થયા, ધરણા યોજાયા, અખબારોની કોલમ ઊભરાઈ ગઈ પણ જે થવાનું હતું તે રિવર્સમાં થઈ શકે એમ નહોતું.બધા આરોપીઓ ન પકડાયા. પીડિતાઓને ધમકાવાયાં અને પાછા હટવા મજબૂર કરાયાં. ૩૨ વર્ષે ચુકાદો આવ્યો. આનાથી સમાજ, ખાસ તો બદમાશો પર કોઈ દાખલો બેઠો હશે ખરો?

# મારા પર્સમાંથી દુઆએ બે દિવસ પહેલાં ખાધેલું થેપલું મળ્યું : દીપિકા પાદુકોણ

## દીપિકા પાદુકોણે ગર્વથી કબુલ્યું કે તેને દુઆનું ઘેલું લાગ્યું છે

દીપિકા પાદુકોણ પોતાની અભિનય ક્ષમતાથી દુનિયા પર રાજ કરવામાં જ ધ્યાન આપતી હોય કે પછી એક દિવા અને આઈકોન તરીકે જાણીતી છે. પરંતુ મનથી તે સંપુર્ણ ભારતીય માતા છે, જેનું બધું જ ધ્યાન હાલ તેની દિકરી દુઆ પર છે અને તેને મોટી થતી નીહાળવામાં તે સમય વિતાવવા માગે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે કબુલ્યું છે કે તેને પોતાની દિકરી દુઆનું એવું ઘેલું લાગ્યું છે કે તે વારંવાર તેને ‘આઈ લવ યુ આઈ લવ યુ’ કહેતી સંભળાય છે.



દીપિકા માતા બન્યા પછી બ્રેક લીધા પછી ફરી લાઈમલાઈટમાં પાછી ફરી રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં તેણે દુઆ પાદુકોણ સિંઘને જન્મ આપ્યો હતો. ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં જ્યારે તેને પૂછવામાં આવ્યું કે હાલમાં તે કઈ બાબતથી ઓબસેસ્ડ છે, તો દીપિકાએ તરત કહ્યું હતું કે, “હાલમાં નહીં, હાલમાં શબ્દ જ હું કાઢી નાખવા માગું છું. મારી દિકરી મારું ઓબ્સેશન છે.”

દિકરીના કારણે માતાના બેગની સામગ્રી બદલાઈ જતી હોય છે, તો તેના બેગની સૌથી વિચિત્ર વસ્તુ અંગે પૂછાતા દીપિકાએ એક કિસ્સો યાદ કર્યો હતો. એક વખત દુઆ થેપલાનો ટુકડો હાથમાં લઈને ખાઈ રહી હતી અને તેને બે દિવસ પછી એની બેગમાંથી એનો ટુકડો મળ્યો હતો. માતા બન્યા પછી સંગીત દીપિકાનો સહારો બન્યું છે, જોકે, તેનું પ્લેલિસ્ટ બદલાઈ ગયું છે. પહેલાંથી અલગ હવે દીપિકા પણ નર્સરી રાઈમ્સની મજા લે છે અને તે પણ હેડ શોલ્ડર નીઝ એન્ડ ટોઝ ગીત સાથે સાથે ગાઈને તેની મજા લે છે.

આ ઈન્ટરવુમાં દીપિકા જો એક્ટર ન હોત તો શું હોત, તે મુદ્દે પણ ચર્ચા થઈ હતી. એક્ટિંગમાં પ્રવેશી તે પહેલાં દીપિકા બેડમિન્ટન રમતી હતી. તો ઘણા લોકો એવું વિચારે છે કે દિપિકા એક્ટર ન હોત તો બેડમિન્ટનમાં એવોર્ડ જીતતી હોત. પરંતુ દીપિકા આ મુદ્દે કહે છે કે તે કદાચ ઈન્ટેરિઅર ડિઝાઈનર બની શકી હોત. જોકે, આ ઈટરવ્યુમાં તેણે જણાવ્યું કે તેનો પતિ રણવીર સિંહ માને છે કે દીપિકા માટે વકીલ બનવાનો વિકલ્પ સારો રહ્યો હોત. જ્યારે તે કેવા વાક્ય વધારે બોલતી હોય છે, તે અંગે દીપિકાએ કહ્યું તે વારંવાર પોતાની દિકરીને “આઈ લવ યુ” કહેતી સાંભળવા મળે છે.

જો દીપિકાની આવનારી ફિલ્મોની વાત કરવામાં વે તો તે સિદ્ધાર્થ આનંદની શાહરુખ સાથેની ફિલ્મ કિંગ સાથે મોટા પડદે કમબૅક કરી રહી છે. જેમાં સુહાના ખાન, અભિષેક બચ્ચન, રાની મુખર્જી પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ ૨૪ ડિસેમ્બર ૨૦૨૬ના દિવસે રિલીઝ થઈ રહી છે.

## રણવીર સિંહનો ખતરનાક ફર્સ્ટ લુક રિલીઝ

# પોસ્ટર રિલીઝ કરવાની સાથે રણવીરે લખ્યું- અબ બિગડને કા વક્ત આ ગયા હૈ

દર્શકો "ધુરંધર ૨"ની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મના ટીઝરને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. ગઈકાલે, રણવીર સિંહે સંકેત આપ્યો હતો કે "ધુરંધર ૨"નું ટીઝર જલદી રિલીઝ થશે. હવે, ટીઝર પહેલા, રણવીર સિંહે "ધુરંધર: ધ રિવેન્જ"નું પહેલું પોસ્ટર રિલીઝ કર્યું છે.



ટીઝર રિલીઝના થોડા કલાકો પહેલા જ રણવીર સિંહે ’ધુરંધર: ધ રિવેન્જ’નું પહેલું પોસ્ટર રિલીઝ કર્યું છે. આ પોસ્ટરમાં રણવીર સિંહ લાંબા વાળવાળા લુકમાં જોવા મળી રહ્યો છે. લાલ બેકગ્રાઉન્ડમાં ભારે વરસાદ પડી રહ્યો છે અને રણવીર સિંહ વચ્ચે ઉભો રહીને એક ઘાતક લૂક આપતો જોવા મળી રહ્યો છે. આ પોસ્ટર શેર કરતી વખતે રણવીરે કેપ્શનમાં લખ્યું, ’હવે બગડવાનો સમય આવી ગયો છે.’ આ સાથે, ફિલ્મની રિલીઝ અંગેની બધી શંકાઓ પણ દૂર થઈ ગઈ છે. ’ધુરંધર: ધ રીવેન્જ’ ૧૯ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. પોસ્ટરમાં રણવીર અને હમઝા અલી મજારી મજબૂત અને ગંભીર લુકમાં જોવા

મળી રહ્યા છે.પોસ્ટર શેર કરતા, રણવીરે ઈન્ટરનેટ પર યાદ અપાવ્યું કે "ધુરંધર: ધ રિવેન્જ" નું ટીઝર જલદી રિલીઝ થશે. આ ફિલ્મ ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં હિન્દી, તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ ભાષામાં રિલીઝ થશે. ફિલ્મના પોસ્ટર વિવિધ ભાષાઓમાં રિલીઝ કરવામાં આવ્યા છે. "ધુરંધર: ધ રિવેન્જ" ના પહેલા પોસ્ટર રિલીઝ થયા પછી, લોકોમાં ફિલ્મ અને ટીઝર પ્રત્યે ઉત્સાહ વધુ વધી ગયો છે."ધુરંધર ૨" નું શૂટિંગ હજુ પણ ચાલુ છે. મુંબઈના તાજેતરના પડદા પાછળના ફોટામાં મેજર ઈકબાલ (અર્જુન રામપાલ) અને પોલીસ અધિક્ષક (એસપી) અસલમ ચૌધરી (સંજય દત્ત) તણાવપૂર્ણ પરિસ્થિતિમાં જોવા મળે છે, જેના કારણે ચાહકોમાં પ્લોટ વિશે અટકળો શરૂ થઈ ગઈ છે. આ સિક્વલ હમઝાના બદલો અને "બડે સાહેબ"ની સાચી ઓળખના ઉજાગર પર કેન્દ્રિત હશે. તે જસકીરત સિંહ રંગી (હમઝાનું સાચું નામ)ની પૃષ્ઠભૂમિમાં પણ ઊંડાણપૂર્વક જોવા મળશે.

# અદિતિએ ઇમ્તિઆઝ અલીની ‘ઓ સાથી રે’ને ઘણી ચેલેન્જિંગ ગણાવી

## અદિતિએ ઇન્ટરવ્યુમાં ઇમ્તિઆઝ અલી સાથે કામ કરવાની લાલચ વિશે વાત કરી



અદિતિ રાવ હૈદ્રી ફરી એક વખત ઈમ્તિઆઝ અલીની ફિલ્મમાં ચમકવા જઈ રહી છે. તેણે આ પહેલાં તેમની સાથે રોકસ્ટારમાં કામ કર્યું હતું, જોકે, તેમાં તેનો રોલ ખાસ લાંબો નહોતો. ત્યારે એક વર્ષ પહેલાં જ્યારે આ ફિલ્મની જાહેરાત થઈ તો દર્શકો ઉત્સાહમાં આવી ગયા હતા. અદિતિ ઈમ્તિઆઝ અલી સાથે ‘ઓ સાથી રે’ ફિલ્મમાં કામ કરી રહી છે. નેટફ્લિક્સ પ્રોડક્શન્સ દ્વારા આ ફિલ્મને એક મેટ્રોપોલિટન સિટીમાં વિન્ટેજ સ્ટાઈલમાં આકાર લેતી એક લાગણીસભર લવ સ્ટોરી ગણાવાઈ છે. આ ફિલ્મ વિશે એક ઈન્ટરવ્યુમાં અદિતિ રાવ હૈદ્રીએ વાત કરી હતી. તેણે ઈમ્તિઆઝ અલી સાથે કામ કરવાના અનુભવ વિશે વાત કરી હતી. અદિતિએ કહ્યું, “ઈમ્તિઆઝ અલી એવા ડિરેક્ટર છે, જેની સાથએ કામ કરવા માટે હું હંમેશા આતુર રહી છું. હું ટૂંકા સમય માટે રોકસ્ટાર હતી. તેથી તેમની સાથે એક આખી ફિલ્મ કરવાની લાલચ મારા મનમાં હંમેશા રહી છે. આ ફિલ્મમાં પણ તેઓ થોડા વખત માટે જ હાજર હતા, કારણ કે આ ફિલ્મનો ઘણો હિસ્સો આરીફ અલીએ ડિરેક્ટ કર્યો છે. ઈમ્તિઆઝ અલીએ આ ફિલ્મ લખી છે અને અંતિમ ભાગ ડિરેક્ટ કર્યો છે. તેઓ ક્ષણિક વારમાં જે રીતે વિચારીને નિર્ણય લઈ લે છે અને તેઓ જે રીતે વિચારે છે અને તેમની જે ઉર્જા છે. તેઓ મોનિટરમાં પણ બેસતા નથી. તેઓ ખરેખર તમારી સામે જોઈને બેસી રહે છે. મને એ બધાંમાં બહુ જ મજા આવે છે. એ એકદમ તત્પર રહે છે ને સતત તેમના આઈડિયા આવતા રહે છે. એની ઘણી મજા છે.

# રહેમાને વિવાદ પછી કહ્યું મારી વાત લોકો સુધી પહોંચતા દુષિત થઈ ગઈ

## દુનિયાની તકલીફ એ છે કે સંદેશ રસ્તામાં જ ભ્રષ્ટ થઈ જાય છે



ગયા મહિને બીબીસીને આપેલા એક ઈન્ટરવ્યુમાં કોમવાદી નિવેદનને લઈને સંગીતકાર એ આર રહેમાન વિવાદમાં ફસાયા હતા. તેણે કહ્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી થોડી વધુ કોમવાદી બની ગઈ છે. આ અંગે તેમણે સ્પષ્ટતા કરી છે કે લોકોએ તેમની વાતને ખોટી રીતે લીધી છે. રહેમાને એવું પણ કહ્યું કે ગણગણાટની રમતો ટીવી શો પર કેવી ભૂમિકા નીભાવે છે અને કઈ રીતે કોઈ વાત બદલાઈ જાય કે તેમાં કશુંક મિક્સ થઈ જાય, તેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ હતું. તાજેતરમાં એ.આર. રહેમાન કપિલ શર્માના શો પર આવ્યા હતા. જ્યાં તેણે આ મુદ્દે સ્પષ્ટતા કરતા કહ્યું, “આ એક સારી પ્રક્રિયા છે, જે આપણને સમજાવે છે કે કઈ રીતે કોઈ માહિતિ ગેરસમજ સર્જી શકે છે. અલગ માનસિક સ્થિતિ, અલગ પ્રદેશ અને અલગ સંસ્કૃતિઓ. સંદેશ રસ્તામાં જ ભ્રષ્ટ થઈ જાય છે, એ દુનિયાની તકલીફ છે.”તાજેતરમાં અદિતિ રાવ હૈદ્રી, વિજય સેતુપતિની ફિલ્મ ગાંધી ટોક્સ રિલીઝ થઈ છે, જે કિશોર પાંડુરંગ બેલેકરે ડિરેક્ટ કરી છે અને આ સાયલન્ટ ફિલ્મમાં રહેમાને સંગીત આપ્યું છે. તેમની સાથે તે કપિલના શોના મહેમાન બન્યા હતા. જેમાં તેણે લત્તા મંગેશકરના કસમ ખાઈને કહ્યું હતું કે તે સારા જવાબ જ આપશે. ફિલ્મના સંગીત વિશે તેમણે કહ્યું, “આ ફિલ્મમાં કોઈ ડાયલોગ નથી, તેમાં બસ સંગીતની ઉજવણી છે. કારણ કે તમારી પાસે સંગીત માટેની બધી જ સુવિધાઓ છે, પરંતુ ડર પણ લાગે છે કે લોકો શું વિચારશે. દરેક સુર પર લોકોનું ધ્યાન જશે. કિશોર પાંડુરંગ બેલેકર એવા ડિરેક્ટર છે, જેણે મને ક્યારેય આવીને કશું નેગેટીવ કહ્યું નથી, કે મને આ ન ગમ્યું. હું જે આપું એ એમણે લઈ લીધું છે.”

# ધુરંધરના કારણે ફ્લિપરાચીનાં FA9LAને ગિનેસ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મળ્યું




## ગીતના સફળતાનું શ્રેય ફ્લિપરાચીએ ધુરંધરને આપ્યું

બાહરીનના રેપર ફ્લિપરાચીનું ૨૦૨૪માં રિલીઝ થયેલું ગીત ‘FA9LA’ બોલિવૂડ ફિલ્મ ‘ધુરંધર’માં લેવાયા બાદ દુનિયાભરમાં આ ગીત ભારે હિટ થઈ ગયું છે. ખાસ કરીને ફિલ્મમાં અક્ષય ખન્નાના આઈકોનિક એન્ટ્રી સીન દરમિયાન આ ગીત ઉપયોગમાં લેવાતા જ તે વાયરલ થયું હતું. તેની એનર્જેટિક બીટ્સ અને આકર્ષક હુક સ્ટેપ્સના કારણે ગીત સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું હતું.

હવે ‘FA9LA’એ એક સાથે સૌથી વધુ બિલબોર્ડ ચાર્ટ્સ પર ટોચનું સ્થાન મેળવવાનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ પણ તોડી નાંખ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા એક વીડિયોમાં અરબ બિલબોર્ડ ટીમ અને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ્સ અરેબિયાએ રેપરને આ સિદ્ધિ અંગે સરપ્રાઈઝ આપી હતી. એક જ ગીત દ્વારા સૌથી વધુ બિલબોર્ડ ચાર્ટ્સ પર નંબર વન થવાનો રેકોર્ડ ફ્લિપરાચીના નામે નોંધાયો છે.

૧ જાન્યુઆરી સુધીમાં આ ગીત ચાર અલગ અલગ અરબી બિલબોર્ડ ચાર્ટ્સ પર ટોચ પર હતું. ત્યારે ફ્લિપરાચીએ ગીતની સફળતા માટે ફિલ્મ ‘ધુરંધર’ને શ્રેય આપીને આભાર માન્યો છે. રેપરે જણાવ્યું હતું, “જ્યારે મેં પહેલી વખત સોશિયલ મીડિયા પર ગીતને ધમાકેદાર રીતે વાયરલ થતું જોયું ત્યારે હું ચોંકી ગયો હતો. અચાનક અમને ત્યાંથી ડીલ મળી અને તેમણે કહ્યું કે ફિલ્મના એક સીન માટે ‘ë¤õ¶Ç¶’ એકદમ પરફેક્ટ છે. આ ગીત એવા એક્ટરની એન્ટ્રી સીનમાં મૂકાયું, જે લગભગ દસ વર્ષ પછી સ્ક્રીન પર જોવા મળ્યો. બસ, તેણે ગીત પર ડાન્સ કર્યો અને બૂમ!”

ઉલ્લેખનીય છે કે ‘FA9LA’ સૌ પહેલાં મે ૨૦૨૪માં રિલીઝ થયું હતું, ‘ધુરંધર’માં સામેલ થયા બાદ તેને અસાધારણ લોકપ્રિયતા મળી. ગીતની સફળતા બાદ ફ્લિપરાચીએ પોતાની ઈન્ડિયા ટૂરની જાહેરાત પણ કરી છે, જે ૧૪ માર્ચે બેંગલુરુમાં યોજાનારા UN40 મ્યુઝિક ફેસ્ટિવલથી શરૂ થશે.



# રોહિત શેટ્ટીએ ફાયરિંગની ઘટના પછી મિત્રોને પોતાના ઘેર ન આવવા કહ્યું

## બિશ્નોઇ ગેંગ દ્વારા આ ફાયરિંગની જવાબદારી લેવામાં આવી છે

રોહિત શેટ્ટીના ઘરની બહાર ફાયરિંગની ઘટના બાદ બિશ્નોઈ ગેંગ દ્વારા તેની જવાબદારી લેવામાં આવી હતી. ત્યારે હવે રોહિત શેટ્ટીએ તેના મિત્રોને તેને થોડા વખત માટે એકલો છોડી દેવા વિનંતિ કરી છે.

આ અંગે રોહિત શેટ્ટીની એક મિત્રએ નામ ન આપવાની શરતે કેટલાક અહેવાલોમાં જણાવ્યું છે, “એને એકલો છોડી દો..ભલે એ થોડું ખરાબ લાગે, પણ એ જ સત્ય છે. રોહિતે વ્યક્તિગત રીતે તેના દરેક મિત્રોને વિનંતિ કરી છે કે, હમણા કોઈ તેના ઘરે કોઈ તેને મળવા ન જાય. તમારે એ સમજવું જોઈએ, રોહિત ઈન્ડસ્ટ્રીનો એક જાણીતો વ્યક્તિ છે. જેવા તેના ઙર બહાર ફાયરિંગના સમાચાર ફેલાયા એવો તેના પર મેસેજ અને કોલના વરસાદ થઈ ગયો હતો. પોલિસે તેને બિલકુલ એકલા રહેવાની સલાહ આપી છે, જેથી તેઓ પોતાની તપાસ આગળ વધારી શકે.”

રોહિત શેટ્ટીનો અંગત મિત્ર અજય દેવગન પણ હાલ તેને મળવા જઈ શકે તેમ નથી. પરંતુ આ સ્થિતિમાં અજયે તેના મિત્રને દરેક પ્રકારની મદદ કરવાની બાંહેધરી આપી છે.

આ અહેવાલમાં આગળ કહેવાયું છે, “તમારે એ સમજવું જોઈએ કે આ લોકોને બસ ધંધાથી મતલબ છે. એ લોકો તેને મારવા માગતા હતા. રોહિતે બધાં જ જાહેર કાર્યક્રમો પણ રદ કરી નાખ્યા છે. આ ગેંગસ્ટર્સ ફરી એક વખત ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આતંક ફેલાવવા માગે છે, જેવું તેમણે ૧૯૯૯-૨૦૦૦માં કર્યું હતું.”

# આજે અફઘાનિસ્તાનને હરાવી ફાઇનલમાં પ્રવેશવા ભારત ફેવરિટ

## આઇસીસી અંડર-૧૯ વર્લ્ડ કપમાં અજેય રહેલી મ્હાત્રેની ટીમ સેમિફાઇનલમાં અફઘાન સામે રમશે, બપોરે ૧.૦૦થી પ્રારંભ

આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપમાં અત્યાર સુધી અજેય રહેલી ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમ બુધવારે અફઘાનિસ્તાન સામેની સેમિફાઈનલમાં રમશે ત્યારે તે ફાઈનલમાં પ્રવેશવા માટે ફેવરિટ રહેશે. આયુષ મ્હાત્રેની આગેવાની હેઠળની ટીમે અત્યાર સુધી મજબૂત પ્રદર્શન કર્યું છે. બુધવારે રમાનારી મેચ ભારતીય સમય મુજબ બપોરે ૧.૦૦ કલાકે શરૂ થશે.

આ વર્લ્ડ કપમાં ભારતે અત્યાર સુધીમાં તેના મોટા ભાગના ખેલાડીને અજમાવી લીધા છે અને તમામ નિરાશ કર્યા નથી. ૧૫મી જાન્યુઆરીએ અમેરિકાને હરાવ્યા બાદ ભારતની ટીમે બાંગ્લાદેશ, ન્યૂઝીલેન્ડ, યજમાન ઝિમ્બાબ્વે અને છેલ્લે કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવ્યું હતું.

બીજી તરફ અન્ય ગ્રૂપમાં બીજા ક્રમે રહેલી અફઘાનિસ્તાનની ટીમે ચારમાંથી એક મેચ હારી છે પરંતુ બાકીની ત્રણ મેચમાં તેને સફળતા મળી હતી. તેણે સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ, તાન્ઝાનિયા અને આયર્લેન્ડ સામે વિજય હાંસલ કર્યા હતા પરંતુ શ્રીલંકા સામે તેનો ચાર વિકેટે પરાજય થયો હતો.




માત્ર આ ટુર્નામેન્ટ નહીં પરંતુ આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત સૌથી સફળ ટીમ રહેલી છે. તેણે ૨૦૦૦, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૮ અને ૨૦૨૨ એમ પાંચ વાર ટાઈટલ જીતેલા છે. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયાનો ક્રમ આવે છે જેણે ચાર વખત ટાઈટલ જીત્યું છે. આ વખતે ભારત ફાઈનલમાં આવે તો તેનો મુકાબલો ઓસ્ટ્રેલિયા અથવા તો ઈંગ્લેન્ડ સામે થઈ શકે છે.

આ બંને ટીમ વચ્ચે મંગળવારે સેમિફાઈનલ રમાઈ રહી છે. ફોર્મ અને એકંદરે ટીમનું બેલેન્સ જોતાં બુધવારની મેચ જીતવા માટે અફઘાનિસ્તાન કરતાં ભારતનો હાથ ઉપર રહેશે. આ ટુર્નામેન્ટમાં વિકેટકીપર બેટર અભિજ્ઞાન કુન્ડુ ભારતના સ્ટાર ખેલાડી રહ્યો છે. આ ડાબેરી બેટરે અત્યાર સુધીમાં પાંચ મેચમાં બે અડધી સદી સાથે ૧૯૯ રન ફટકાર્યા છે. બિગ હિટર તરીકે જાણીતા બનેલા વૈભવ સૂર્યવંશીએ પાંચ મેચમાં ૧૯૬ રન ફટકાર્યા છે પરંતુ ભારતીય ટીમ મેનેજમેન્ટ અને કેપ્ટન આયુષ મ્હાત્રે તેની પાસેથી આ વખતે સદીની અપેક્ષા રાખશે કેમ કે સદી માટે જાણીતા વૈભવે હજી સુધી બે અડધી સદી ફટકારી છે પરંતુ સદી સુધી પહોંચી શક્યો નથી.

# વિમેન્સ ક્રિકેટમાં હજી પણ ઓસ્ટ્રેલિયા મજબૂત હોવાનો ગાર્ડનરનો દાવો

ઓસ્ટ્રેલિયાની સ્ટાર ઓલરાઉન્ડર એશ્લે ગાર્ડનર માને છે કે ઓસ્ટ્રેલિયા હવે ટી૨૦ કે વન-ડે ચેમ્પિયન નથી તેમ છતાં વિશ્વની શ્રેષ્ઠ ટીમ છે અને તેને વિશ્વાસ છે કે ફેબ્રુઆરીમાં બંને ટીમો ભારત પ્રવાસે આવશે ત્યારે તેમની હરીફાઈને વધુ મજબૂતી સાથે રજૂ કરશે.

ગાર્ડનરે જણાવ્યું હતું કે વિમેન્સ ટી૨૦ અને વન-ડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાના પરાજયથી ટીમને એવા દબાણનો સામનો કરવો પડ્યો હતો જેનાથી તે હજી સુધી ટેવાઈ નથી. અમારા પર તાજેતરમાં ચોક્કસપણે દબાણ આવ્યું છે. પરંતુ હું હજી પણ અહીં વિશ્વાસપૂર્વક કહી શકું છું કે અમે વિશ્વની શ્રેષ્ઠ ટીમ છીએ'' તેમ એશ્લે ગાર્ડનરે એક વેબસાઈટને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું.ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ ૨૦૨૬ના ફેબ્રુઆરી અને માર્ચ દરમિયાન ત્રણ ટી૨૦ ઈન્ટરનેશનલ અને એટલી જ વન-ડે મેચની સિરીઝ રમવા માટે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જનારી છે અને તેમાં તે એક ટેસ્ટ મેચ પણ રમશે. ઉલ્લેખનીય છે કે છેલ્લે બંને વચ્ચે રમાયેલી ટેસ્ટમાં ભારત સામે તેનો પરાજય થયો હતો. ભારત ઘણા આત્મવિશ્વાસ અમારી સામે રમશે કેમ કે તેઓ તેના હકદાર છે. ભારતીય વિમેન્સ ટીમે હરમનપ્રિત કૌરની આગેવાનીમાં તાજેતરમાં ખરેખર શાનદાર રમત દાખવી છે તેમ ગાર્ડનરે ઉમેર્યું હતું.




હરમનની ટીમે વર્લ્ડ કપ અગાઉની વન-ડે સિરીઝમાં પણ અમને ઘણો પડકાર આપ્યો હતો જોકે તેઓ જીતી શક્યા ન હતા પરંતુ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં તેમનો હાથ ઉપર રહ્યો હતો.

# ક્રિકેટમાં નવા નિયમો 'રોમાંચક' : લેમિનેટેડ બેટની છૂટ

## મેરીલેબોન ક્રિકેટ ક્લબ એ નિયમો માં ૭૩ બદલાવો કર્યા : ફિલ્ટરથી માંડીને વિકેટ કીપર તથા બેટ અને બોલને અસરકર્તા

મેરીલેબોન ક્રિકેટ ક્લબ (એમસીસી) એ ક્રિકેટના નિયમોમાં કુલ ૭૩ ફેરફારોની જાહેરાત કરી છે. જેમાં બહુ-દિવસીય મેચોમાં અંતિમ ઓવર દરમિયાન વિકેટ પડે તો સંપૂર્ણ ઓવર રમવાનું ફરજિયાત બનાવવાનો સમાવેશ થાય છે. નવા નિયમો આ વર્ષે ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે.

ઉત્સાહ જીવંત રાખો: MCC એ કહ્યું ૨૦૨૨ પછી પહેલી વાર બહાર પાડવામાં આવેલા ક્રિકેટના નિયમોની નવી નકલનો હેતુ નિયમોને સમય સાથે સુસંગત બનાવવાનો અને આધુનિક રમતને વધુ સમાવિષ્ટ કરવાનો છે.

MCC એ તેની વેબસાઈટ પર જણાવ્યું હતું કે બહુ-દિવસીય મેચોમાં દિવસની અંતિમ ઓવર હવે કોઈપણ સંજોગોમાં પૂર્ણ કરવામાં આવશે. આમ કરવામાં નિષ્ફળતા "રમતનો ઉત્સાહ" ઘટાડે છે.

એમસીસીએ કહ્યું કે આ યોગ્ય કહેવાશે કે જો દિવસમાં છેલ્લી ઓવરમાં બોલિંગ કરતી ટીમ વિકેટ



લે તો બેટિંગ કરતી ટીમે નવા બેટ્સમેનને મોકલવાની કોઈ જરૂર નથી. તેનાથી સમય પણ બચતો નથી, કારણ કે બાકીના બોલ બીજા દિવસે પૂરા કરવાના હોય છે. સાથે રમતનો ઉત્સાહ ઓછો થઈ જાય છે.

નવા બેટ્સમેનોને મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બચાવી લેવામાં આવે છે, જે સામાન્ય રીતે તે સમયે બોલરો માટે અનુકૂળ હોય છે. સ્ઝઝ એ લેમિનેટેડ બેટના ઉપયોગને પણ મંજૂરી આપી છે. અગાઉ, આવા બેટ ની પરવાનગી ફક્ત જુનિયર ક્રિકેટ માટે જ લાગુ હતી.

MCC એ જણાવ્યું હતું કે આ બેટના પરીક્ષણથી એવું સૂચવાયું નથી કે લેમિનેટેડ બેટ નોંધપાત્ર પ્રદર્શન લાભ પ્રદાન કરશે. જોકે, સિંગલ-પીસ વિલો બેટનો ઉપયોગ ટોચના સ્તરે ચાલુ રહેવાની શક્યતા છે.

'બન્ની હોપ કેચ'માં સુધારા: બાઉન્ડ્રી લાઈનની નજીક લેવામાં આવેલા કેચ માટે 'બન્ની હોપ કેચ' દૂર કરવામાં આવ્યો છે. ફિલ્ડર હવે બાઉન્ડ્રીની બહાર હોય ત્યારે હવામાં ફક્ત એક જ વાર બોલને સ્પર્શ કરી શકે છે, અને પછી બાઉન્ડ્રીની અંદર સંપૂર્ણપણે જમીન પર હોવો જોઈએ.

MCC એ જણાવ્યું હતું કે જો કોઈ ફિલ્ડર બાઉન્ડ્રીની બહારથી અંદર ઉભેલા સાથી ખેલાડી પર બોલ ઉછાળે છે, અને પછી પોતે બાઉન્ડ્રીની બહાર જાય છે, તો તેને બાઉન્ડ્રી ગણવામાં આવશે.

MCC એ વર્તમાન અને ભૂતપૂર્વ મહિલા ખેલાડીઓ સાથે પરામર્શ કરીને, જુનિયર અને મહિલા ક્રિકેટમાં વપરાતા બોલ માટે નવા ધોરણો અને હોદ્દાઓ પણ સ્થાપિત કર્યા છે. બોલને હવે સાઈઝ ૧, સાઈઝ ૨ અને સાઈઝ ૩ માં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. સાઈઝ ૧ (પરંપરાગત પુરુષોનો બોલ) યથાવત છે, પરંતુ ધોરણો હવે ત્રણેય શ્રેણીઓમાં સમાન છે.

MCC એ પહેલી વાર 'ઓવરથ્રો' ની પણ વ્યાખ્યા આપી છે. આ મુજબ, રન રોકવા અથવા રનઆઉટ કરાવવાના પ્રયાસમાં સ્ટમ્પ તરફ ફેંકવામાં આવેલ બોલને ઓવરથ્રો ગણવામાં આવશે, જ્યારે ફક્ત બોલને રોકવા અથવા તેને અન્ય ફિલ્ડરોને પાસ કરવામાં નિષ્ફળ જવાને ઓવરથ્રો ગણવામાં આવશે નહી.ટૂંકા રનની સ્થિતિમાં, ફિલ્ડિંગ ટીમને હવે નક્કી કરવાનો અધિકાર રહેશે કે આગામી બોલ પર કયો બેટ્સમેન સ્ટ્રાઈક લે. જો બોલ ફિલ્ડરના હાથમાં હોય અથવા જમીન પર સ્થિર હોય તો તેને 'સંપૂર્ણપણે બંધ' ગણવામાં આવશે.વિકેટકીપર સંબંધિત નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. હવે, જો બોલ ફેંકતા પહેલા વિકેટકીપર સ્ટમ્પ પર અથવા તેની બહાર ઊભો હોય, તો તેને નો-બોલ ગણવામાં આવશે નહી."જ્યાં સુધી બોલ બેટ્સમેનની વિકેટ પસાર ન કરે અથવા બેટ અથવા તેના શરીરને સ્પર્શ ન કરે ત્યાં સુધી વિકેટકીપર બોલ પકડવા માટે સ્ટમ્પની સામે આવી શકતો નથી. જોકે, હવે નિયમ મુજબ બોલ છૂટે ત્યાં સુધી વિકેટકીપર સંપૂર્ણપણે સ્ટમ્પની પાછળ હોવો જોઈએ," એમસીસીએ જણાવ્યું હતું.

# WPL ૨૦૨૬ : ગુજરાત સામે જીત મેળવી દિલ્હી કેપિટલ્સે ફાઈનલમાં સ્થાન મેળવ્યું

## કાલે દિલ્હી કેપિટલ્સ અને RCB વચ્ચે મહાજંગ થશે

વિમેન્સ પ્રીમિયર લીગની એલિમિનેટર મેચમાં દિલ્હી કેપિટલ્સે શાનદાર પ્રદર્શન કરતા ગુજરાત જાયન્ટ્સને ૭ વિકેટે પરાજય આપ્યો છે. આ જીત સાથે દિલ્હીની ટીમે સતત ચોથી વખત ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કરીને ઈતિહાસ રચ્યો છે. હવે ગુરુવારે રમાનારી ફાઈનલમાં દિલ્હીનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે.




૧૬૯ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સને ઓપનર લિઝેલ લી અને શેફાલી વર્માએ વિસ્ફોટક શરૂઆત અપાવી હતી. લિઝેલ લીએ માત્ર ૨૪ બોલમાં ૪૩ રન ફટકાર્યા હતા, જેમાં રેણુકા સિંહ સામેની એક જ ઓવરમાં ચોગ્ગાની હેટ્રિક સામેલ હતી.શેફાલી વર્માએ પણ આક્રમક મૂડમાં ૨૧ બોલમાં ૩૧ રન બનાવ્યા હતા. બંનેએ પાવરપ્લેમાં વિના વિકેટે ૭૫ રન જોડીને આ સીઝનનો સર્વશ્રેષ્ઠ સ્કોર બનાવ્યો હતો.ત્યારબાદ કેપ્ટન જેમીમા રોડ્રિગ્સના ૪૧ રન અને લૌરા વોલ્વાર્ડના અણનમ ૩૨ રનની મદદથી દિલ્હીએ ૧૫.૪ ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. મેરિઝેન કેપે વિજયી ચોગ્ગો ફટકારી ટીમને ફાઈનલમાં પહોંચાડી હતી.અગાઉ બેટિંગ કરતા ગુજરાત જાયન્ટ્સની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. નંદિની શર્માએ એક જ ઓવરમાં બે વિકેટ ઝડપી ગુજરાતને મુશ્કેલીમાં મૂક્યું હતું. જોકે, કેપ્ટન બેથ મૂનીએ એક છેડો સાચવી રાખીને ૫૧ બોલમાં અણનમ ૬૨ રનની લડાયક ઈનિંગ રમી હતી. તેને જ્યોર્જિયા વેરહેમના ૩૫ રનનો સાથ મળતા ગુજરાતે ૭ વિકેટે ૧૬૮ રનનો સ્કોર બનાવ્યો હતો. દિલ્હી તરફથી શેનેલ હેનરી અને નંદિની શર્માએ ૨-૨ વિકેટ ઝડપી હતી.

# ઓલિમ્પિક્સ માટેના એશિયન શૂટિંગ ક્વોલિફાયર્સની યજમાની ભારતને ફાળે

## ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે આ ઇવેન્ટમાંથી આઠ શૂટર ક્વોલિફાઈ થશે

ભારત આવતા વર્ષે (૨૦૨૭) એશિયન રાઈફલ/પિસ્તોલ શૂટિંગ ચેમ્પિયનશિપની યજમાની કરશે જેમાંથી ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે આઠ શૂટર્સ ક્વોલિફાઈ થશે. ભારતના શૂટિંગ કેલેન્ડરમાં આ પ્રથમ ઈવેન્ટ છે જ્યાં વર્લ્ડ કપમાં ઓલિમ્પિક્સ ક્વોલિફાયર્સ ભાગ લેનારા છે.

વર્લ્ડ કપમાં (રાઈફલ/પિસ્તોલ/શોટગન)એશિયન શૂટિંગના આઠ સ્થાન ઉપરાંત વધારાના ૧૨ ક્વોટા પણ સામેલ કરવામાં આવ્યા છે. એશિયન ક્વોલિફાયર શૂટિંગ ૨૦૨૭માં ૨૧થી ૩૦ એપ્રિલ દરમિયાન દિલ્હીમાં યોજાશે.

નેશનલ રાઈફલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (NRAI)ના પ્રમુખ કાલિકેશ સિંઘ દેવને એક પત્ર પાઠવીને એશિયન શૂટિંગ કન્ફેડરેશને ભારતની યજમાનીને સમર્થન આપ્યું હતું. જોકે નેશનલ રાઈફલ એસોસિયેશને જણાવ્યું હતું કે એશિયન ક્વોલિફાયર માટેની તારીખો ટૂંક સમયમાં નક્કી કરાશે.

એશિયન શૂટિંગ કન્ફેડરેશને જણાવ્યું હતું કે એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપના આયોજનના અધિકાર હાંસલ કરવા બદલ અમે નેશનલ રાઈફલ એસોસિયેશન ઓફ ઈન્ડિયાને અભિનંદન પાઠવીએ છીએ. આ ઈવેન્ટમાં ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે આઠ ક્વોટા નક્કી થશે. આ ઈવેન્ટ ૨૦૨૭માં યોજાશે.

અમને ભરોસો છે કે ભારત આ ચેમ્પિયનશિપનું સફળતાપૂર્વક અને સર્વોચ્ચ ધોરણો જાળવી રાખીને આયોજન કરશે અને તેને ઘણી સફળતા મળે તેવી શુભેચ્છાઓ છે તેમ તેમણે ઉમેર્યું હતું.



# ATPLની દસમી સિઝનનો ચોથો દિવસ નિર્ણાયક બની ગયો

શહેરમાં વિવિધ ટેનિસ કોર્ટ પર યોજાયેલી એટીપીએલ ટેનિસની દસમી સિઝનમાં મંગળવારનો ચોથો દિવસ નિર્ણાયક બની ગયો હતો. જ્યાં પ્રભુત્વ ફરીથી સ્થાપિત થયું. વિવિદ ટીમોના પોઈન્ટ વચ્ચેનું માર્જીનનું અંતર ઘટી ગયું હતું. કુલ પોઈન્ટ અને સરેરાશ દ્વારા રેન્કિંગ હવે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું હોવાથી, કોર્ટ પર દરેક સ્કોર સ્ટેન્ડિંગમાં મોટા ફેરફાર લાવી રહ્યા છે.ગ્રૂપ મ્માં ૧૫૮ કુલ પોઈન્ટ અને ૩૯.૫૦ની ટુર્નામેન્ટ-શ્રેષ્ઠ સરેરાશ સાથે અગ્રણી, ACTF સુપર સ્ટાર ફરી એક વાર તેમના બિલિંગ પર ખરા ઉતર્યા, ગાંધીનગર ટાઈટન્સ સામે આક્રમક પ્રદર્શન કર્યું જે ૭૮ પોઈન્ટ અને ૨૬.૦૦ ની સરેરાશ સાથે ત્રીજા ક્રમે છે. ACTF સુપર સ્ટારે મેચ ૩૭-૧૫ થી સ્વિપ કરી અને ચારેય મેચ જીતી અને ટોચ પર વધતા અંતર વિશે કોઈ શંકા છોડી દીધી.

તેજસ શાહ અને આદિત્ય પટેલે ડૉ. લાલન અને ડૉ. જયેશ ગોહેલને ૧૧-૨થી હરાવીને રમતની લય મજબૂત બનાવી હતી. ખુશ બકેરીએ હર્ષદ લાલવાણી સામે સિંગલ્સ મુકાબલામાં ૯-૪થી પ્રભુત્વ મેળવ્યું હતું. મિતુલ શાહ અને આશિષ પટેલની ડબલ્સ જોડીએ તેજસ પટેલ અને સંજય પટેલ પર ૮-૫થી વિજય મેળવીને લીડ વધારી દીધી હતી જ્યારે સમ્રાટ દવે અને પરાગ ખત્રીએ રવિરાજસિંહ જાડેજા અને પ્રણવ પટેલ સામે ૯-૪થી વિજય મેળવીને વ્હાઈટવોશ કર્યો હતો. આ જોરદાર સ્કોરલાઈને ગ્રૂપ બી પર ACTF સુપર સ્ટારનો અધિકાર વધુ મજબૂત બનાવ્યો.



બીજા ગ્રુપ B મુકાબલામાં, ACTF સુપર કિંગ્સ, ૧૭.૩૩ ની સરેરાશ સાથે કુલ બાવન પોઈન્ટ ધરાવતા અને નિયોન એવેન્જર્સ, જે ૪૩ પોઈન્ટ અને ૧૪.૩૩ની એવરેજ સાથે નજીકથી અનુસરતા હતા. આ બેં વચ્ચે રોમાંચક મેચ રમાઈ હતી. સર્વાઈવલ પોઈન્ટ દાવ પર હોવાથી ACTF સુપર કિંગ્સ વધુ મજબૂત બનીને ૨૮-૨૪ની મહત્વપૂર્ણ જીત મેળવી હતી. કિંજર દેસાઈએ શરૂઆતના તણાવપૂર્ણ મુકાબલામાં હિરેન ગજ્જરને ૭-૬થી હરાવી દીધા, ત્યારબાદ નિયોન એવેન્જર્સે વળતો પ્રહાર કર્યો અને વિવેક મધુ-પ્રશાંતે પાયંક પટેલ અને હિતેશ પટેલ પર ૧૦-૩થી પ્રભુત્વ મેળવ્યું. કમલ લાહોટી અને મૃષાદ પટેલે અભિ પટેલ અને મનીષ મોતિયાણી પર ૯-૪થી મજબૂત વિજય મેળવ્યો ત્યારે વળાંક આવ્યો. મેહુલ પટેલ અને સંતોષ ઓસ્તવાલે સંકેત અને ધવલ પેશાવરિયા સામે ૯-૪થી વધુ જીત મેળવીને સ્પર્ધાનો અંત કર્યો હતો.ગ્રૂપ છ એ દિવસનો સૌથી આકર્ષક રમત દાખવી હતી. ACTF રાઈઝિંગ સ્ટાર્સ અને YMCA લક્ષ્ય ફાઈટર્સ વચ્ચે રોમાંચક મુકાબલો થયો. ૮૫ કુલ પોઈન્ટ અને ૨૧.૨૫ ની સરેરાશ સાથે ત્રીજા સ્થાને રહેલા YMCA એ ACTF રાઈઝિંગ સ્ટાર્સનો સામનો ૫૭ પોઈન્ટ અને ૧૯.૦૦ સરેરાશ સાથે પાંચમા સ્થાને રહેલા ACTF રાઈઝિંગ સ્ટાર્સ સાથે કર્યો. YMCA એ પ્રથમ મેચમાં રાકેશ વ્યાસે પરાગ શાહને ૮-૫થી હરાવ્યો. ACTF એ વળતો પ્રહાર કરીને મૌલિક શાહ અને જૈનિત શાહે દેવર્ષિ ઠક્કર અને ચિંતન પટેલ પર ૯-૪થી પ્રભાવશાળી વિજય મેળવ્યો. YMCA એ દ્વિજલ મામતોરા અને કપિલ ખન્ના દ્વારા ફરીથી લીડ મેળવી, જેમણે રાજીવ અરોરા અને મેહુલ ચૌધરીને ૯-૪થી હરાવ્યા. ગોકુલ શોધન અને ભાસ્કર નરુલાએ પોતાની હિંમત જાળવી રાખી, ચંદ્રશેખર નિમ્બાલકર અને દિનેશ ચંદ્રા સામે ૮-૫થી જીત મેળવીને મેચ ૨૬-૨૬ પર બંધ કરી.અંતિમ સ્પર્ધામાં GUTC હોટશોટ્સ, ૯૮ પોઈન્ટ અને ૩૨.૬૭ ની શક્તિશાળી સરેરાશ સાથે ટેબલ પર બીજા ક્રમે, AB કોર્ટ ડોમિનેટર દ્વારા કગાર પર ધકેલાઈ ગઈ, જે ૭૫ પોઈન્ટ અને ૨૫.૦૦ સરેરાશ સાથે ચોથા ક્રમે છે. અનિંદિતો ગુહાએ હોટશોટ્સને ૯-૪થી હરાવીને શાનદાર શરૂઆત અપાવી. એબી કોર્ટ ડોમિનેટર્સે ડો. ગૌરાંગ કદમ અને રોહિત પટેલ દ્વારા વળતો પ્રહાર કર્યો, જેમણે દીપન ગજ્જર અને કૌશલ થિરાનીને ૮-૫થી હરાવ્યા, ત્યારબાદ મયુર પટેલ અને જીગર પટેલે અવતાની અને ગિરીશ અવતાનીને સમાન ૮-૫ના માર્જિનથી હરાવ્યા. સ્પર્ધા સંતુલિત રહી ત્યારે, આદિત્ય સારાભાઈ અને પંકજ અરોરાએ દબાણ હેઠળ પ્રદર્શન કર્યું, પ્રતીક ઓઝા અને પ્રગ્નેશ પટેલ પર ૮-૫થી વિજય મેળવ્યો અને GUTC હોટશોટ્સને ટાઈટલ રેસમાં મજબૂતીથી જાળવી રાખ્યો.

# કલા ઉત્સવ ઝોન કક્ષાએ બાળ કવિ મહેન્દ્ર મકવાણા પ્રથમક્રમે

## અંકલેશ્વરની તક્ષશીલા વિદ્યાલયનું ગૌરવ

અંકલેશ્વર, તા.૪

GCERT, ગાંધીનગર પ્રેરિત કલાઉત્સવ ૨૦૨૫-૨૬ કે જે દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય વ્યારા ખાતે તારીખ ૨-૨-૨૦૨૬ ના રોજ યોજાયેલ હતો. જેમાં તક્ષશિલા વિદ્યાલયમાં ઉચ્ચતર માધ્યમિક ધોરણ ૧૧ કોમર્સમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી મહેન્દ્ર નીતિનભાઈ મકવાણાએ સમગ્ર દક્ષિણ ગુજરાત ઝોન વિભાગ કે જેમાં કુલ સાત જિલ્લાઓના પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો તેમાં ઉચ્ચતર માધ્યમિક બાળ કવિ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને તક્ષશિલા વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે તેઓના માર્ગદર્શક શિક્ષક શ્રી કુલદીપભાઈને પણ ખુબ ખુબ અભિનંદન. મહેન્દ્ર મકવાણા રાજ્ય કક્ષાએ આગામી દિવસોમાં ભરૂચ જિલ્લા તથા દક્ષિણ ઝોન વિભાગ તરફથી પ્રતિનિધિત્વ કરવા જશે. શાળાના વડીલ પ્રમુખ ગોમનભાઈ પટેલ,



ચેરમેન વિમલભાઈ પાઠક, શૈક્ષણિક માર્ગદર્શક પી.બી. પટેલ, આચાર્ય ઘનશ્યામભાઈ બી પટેલ તથા શાળાના પરિવાર દ્વારા મહેન્દ્ર મકવાણાને આ સિદ્ધિ બદલ પ્રોત્સાહિત કરી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# માંડવીની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ટ્રાફિક જાગૃતિ સેમિનાર

સુરત, તા.૪

માંડવીની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ટ્રાફિક જાગૃતિ અને સાયબર ક્રાઈમ અંગે માહિતીસભર સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રોડ અકસ્માતો ઘટાડવા તેમજ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો અને ડિજિટલ સુરક્ષા અંગે જાગૃત કરાનો હતો.

પી.આઈ.શ્રી સી.બી.ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ટ્રાફિક પી.એસ.આઈ. શ્રી સિસોદિયાએ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોના પાલનનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે રોડ અકસ્માતો કેવી રીતે અટકાવી શકાય, રાહબીર યોજના તેમજ હિટ એન્ડ રન કેસમાં મૃત્યુ પામેલા કે ઈજાગ્રસ્તોને મળતી સરકારી સહાય અંગે વિસ્તૃત સમજ આપી હતી. સાથે જ વધતા જતા સાયબર ગુનાઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને ઑનલાઈન છેતરપિંડીથી બચવાનાં ઉપાયો, સોશિયલ મીડિયા ઉપયોગ દરમિયાન રાખવાની સાવચેતીઓ અને શંકાસ્પદ લિંક્સથી દૂર રહેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં માંડવી પોલીસ જવાનો તેમજ ટ્રાફિક કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# માઇક્રો તેમજ સ્મોલ એકમોને પાંચ શ્રેણીમાં એવોર્ડ એનાયત કરાશે

## ‘વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ’ના બીજા દિવસે સુરત ખાતે એમએસએમઈ કોન્કલેવ’ યોજાશે

સુરત, તા.૪

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ગુજરાતમાં મજબૂત પાયો નાખવામાં આવ્યો હતો. રાજ્યમાં અગાઉ ૧૦ વાઈબ્રન્ટ સમિટના સફળ આયોજન બાદ રાજ્ય સરકારે પ્રથમવાર ગુજરાતના ચાર ઝોનમાં “વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સીસ”નું આયોજન કર્યું છે.

આ આયોજનના ભાગરૂપે સુરત ખાતે આગામી તા. ૯ અને ૧૦ એપ્રિલ-૨૦૨૬ના રોજ દક્ષિણ ગુજરાત ઝોનની ‘વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ’નું આયોજન કરવામાં આવશે. આ ઝોનમાં તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને ભરૂચ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સુરત ખાતે યોજાનાર બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ દરમિયાન વિવિધ વિષયો પર સેમિનારો, B2B અને B2G બેઠકો, પ્રદર્શનો વગેરે બહુ આયામી આયોજનો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત કોન્ફરન્સના બીજા દિવસે એટલે કે, તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ‘MSME કોન્કલેવ’નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માહિતીસભર સેમીનાર, પેનલ ડીસ્કશન, એક્ઝીબિશન તથા વેન્ડર ડેવલપમેન્ટ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

ઉપરાંત, આ કોન્ક્લેવમાં દક્ષિણ ઝોનમાં સમાવિષ્ટ ૦૬ જિલ્લાઓમાં કાર્યરત માઈક્રો તથા સ્મોલ એકમો માટે ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ કરનારા વિવિધ એકમોને આ મુજબની કુલ પાંચ શ્રેણીમાં એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેમાં ૧.મહિલા ઉદ્યોગ સાહસિક : ૫૧ ટકા અને તેથી વધુ મહિલાઓની માલિકી ધરાવતા એકમો ૨. યુવા ઉદ્યોગ સાહસિક : ૩૫ વર્ષની ઓછી આયુ ધરાવતા ફર્સ્ટ જનરેશન એન્ટરપ્રેનીયર્સ ૩. અનુસૂચિત જાતિ ઉદ્યોગ સાહસિક ૪. અનુસૂચિત જનજાતિ ઉદ્યોગ સાહસિક ૫. જનરલ કેટેગરી એવોર્ડ : જે ઉદ્યોગકારોનો ઉપર દર્શાવેલ ૧ થી ૪ કેટેગરીમાં સમાવેશ થતો નથી તે ઉદ્યોગકારો જનરલ કેટેગરીમાં અરજી કરી શકશે દા.ત. SEBC ઉદ્યોગકાર વગેરે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય અને પાત્રતા ધરાવતા MSME એકમો ઉપરોક્ત એવોર્ડ માટે શ્રેણી મુજબ અરજી કરી શકે છે. જે સંદર્ભે વધુ માહિતી માટે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરવાનો રહેશે. રાજ્યના ઉદ્યોગ વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં આવતા મહત્તમ MSME ઉદ્યોગો અને ઉદ્યોગકારોને આ કાર્યક્રમનો સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિદ્યાર્થી કૈયુમ ખલીફાનું ગુજરાત સારસ્વત એવોર્ડથી વડે સન્માન



સુરત , તા.૪

તા. ૧૧-૦૧-૨૦૨૬નારોજનોલેજવેલીફાઉન્ડેશન એન્ડ ધી સ્કૂલ ઓફ સાયન્સ પાલનપુરખાતેઆયોજિત ગુજરાત રાજયના ૩૪ જિલ્લાઓમાં “ગુજરાત સારસ્વત શિક્ષક સન્માન ૨૦૨૬“ કાર્યક્રમ અંતર્ગત ગુણવત્તાયુક્ત અને આધુનિક શિક્ષણક્ષેત્રે ગુજરાત રાજયના વિવિધ વિષયોના કુલ ૨૧૨૧ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જે શિક્ષકોએન્દ્ઈ-૨૦૨૦ અંતર્ગત શિક્ષણની ગુણવત્તા વધારવા નવીન અભિગમ અપનાવી અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણક્ષેત્રેનોંધપાત્ર ઈનોવેટીવ તથા વર્ગખંડમાં ગુણવત્તાસભર શિક્ષણનું અને સમાજસેવા ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ સુરત શહેર સિમ્ગા હાઇસ્કૂલ ઉર્દુ માધ્યમનાં કલા શિક્ષક શ્રી કૈયુમ ઉસ્માનભાઈ ખલીફાની પસંદગી થઇ હતી. તેમને ગુજરાત સારસ્વત પ્રમાણપત્ર, મેડલ, શિલ્ડ,મોમેન્ટો એવોર્ડ રૂપે આપી સન્માનિત કરવામાંઆવ્યા હતા. કાર્યક્રમમાં પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર અન્ય મહાનુભવો રાજકુવારબા, ચિનુભારતી મહારાજ, દોલતપૂરી ગોસ્વામી, રામેશ્વરાનંદગીરી, સંજય દવે, ડૉ.સુરેન્દ્રપ્રાજી, ડૉ.એસ.ડી. જોષી ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન વેલી ફાઉન્ડેશનનાં પ્રણેતા અને ડાયરેક્ટર શ્રી અપૂર્વ ગુર્જર સાહેબ અને કાર્યક્રમનાં માર્ગદર્શક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડના પૂર્વ નાયબ સચિવ ડૉ.પુલંકિત જોષી સાહેબનાં સાનિધ્યમાં યોજાયો હતો.

શાળાનેઐતિહાસિક સિદ્ધિ અને ઉમદા સારાહનીય કામગીરી કરવા બદલ ૨૬મી જાન્યુઆરીનાં રોજ ૭૭માપ્રજાસત્તાક દિને સિમ્ગા ટ્રસ્ટી મંડળ ઉપપ્રમુખશ્રી શકીલભાઈ હાલાવાલાનાવરદ હસ્તે શાળાનાકલા શિક્ષકશ્રી કૈયુમ ખલીફાને વિશેષ સન્માનીત કરવામાં આવ્યા હતા. શાળા અને સુરત જિલ્લાને ગૌરવ અપાવવા બદલ શાળાના આચાર્યશ્રી યાકુબ શેખ સાહેબ, સંસ્થાના પ્રમુખ શ્રી બખ્તીયારભાઈ નાતાલી સાહેબ, સંસ્થાના સેક્રેટરી શ્રી મઝહરભાઈ નાતાલવાલા સહેબ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, તથા મેનેજમેન્ટ કમિટીઓના સભ્યો,શાળા પરિવાર,ઉપરોક્ત સિદ્ધિ બદલ ગૌરવ સાથે હર્ષની લાગણી અનુભવી કલા શિક્ષક કૈયુમ ખલીફા સાહેબને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે. અને ભવિષ્યમાં પણ આજ રીતે ઉમદા અને ઉત્સાહથી ખંતપૂર્વકકાર્ય કરતા રહી રાજ્યકક્ષા અને રાષ્ટ્રીયકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ પ્રાપ્ત કરી સંસ્થા અનેસમાજનોગૌરવાન્તિ કરો તેવી શુભકામના પાઠવે છે.

# વિદ્યાર્થી અર્નવ વાઘમારેનું લોન ટેનિશમાં શ્રેષ્ઠ પ્રદર્શન



અંકલેશ્વર, તા.૪

શ્રી ગટ્ટુ વિદ્યાલય, CBSE વિભાગ, જીઆઈડીસી અંકલેશ્વર ના વિદ્યાર્થી અર્નવ વાઘમારે એ રોટરી ક્લબ ઓફ ભરૂચ દ્વારા આયોજિત લૉન ટેનિસ ટુર્નામેન્ટમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. અંડર-૧૪ ડબલ્સ કેટેગરીમાં ભાગ લઈ તેમણે પોતાની મહેનત, શિસ્ત અને રમત પ્રત્યેની નિષ્ઠાનો શ્રેષ્ઠ પરિચય આપ્યો છે. લૉન ટેનિસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને અર્નવ વાઘમારેએ શાળા, પરિવાર તેમજ સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિ પાછળ વિદ્યાર્થીની અવિરત મહેનત ઉપરાંત તેમના માર્ગદર્શક શિક્ષકો, કોચ તથા માતા-પિતાનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે. આ પ્રસંગે શાળાના કેમ્પસ ડાયરેક્ટર તથા આચાર્યશ્રી શ્રીમતી મિશેલ ગણેશાણી, ઉપાચાર્ય શ્રીમતી સુચિતા રૉય, પી.ઈ. શિક્ષક શ્રી પ્રિન્સ વિશ્વકર્મા તેમજ અન્ય શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળાના આચાર્યશ્રીએ જણાવ્યું કે, આવી સિદ્ધિઓ અન્ય વિદ્યાર્થીઓને પણ રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા આપે છે.શાળા પરિવાર તરફથી અર્નવ વાઘમારેને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે તથા આવનારા સમયમાં પણ તેઓ આવી જ ઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી કામના વ્યક્ત કરવામાં આવે છે.

# ત્રણ વર્ષથી ફરાર વાહનચોરને ઝડપી પાડતી સુરત ક્રાઈમ બ્રાંચ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

ક્રાઈમ બ્રાંચના નાસતા ફરતા સ્કોડએ વર્ષ ૨૦૨૨માં કતારગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહનચોરીના ગુનામાં છેલ્લા ૩ વર્ષથી વોન્ટેડ આરોપી કુવરસીગ રંગલાભાઈ મંડલોઈ (ઉ.વ. ૪૧) ને મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના અંધારકાર ગામેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી કુંવરસિંગ મંડલોઇ ૨૦૨૨માં સુરતના હીરાબાગ વિસ્તારમાં રહી હીરા ઘસવાનું કામ કરતો હતો. તેણે પોતાના ગામના સુરેશ મંડોલાઈ સાથે મળીને ૨૦/૧૨/૨૦૨૧ના રોજ વેડરોડ પરથી એક બજાજ પલ્સર બાઈકની ચોરી કરી હતી. ચોરી કર્યા બાદ આ બંને ઈસમો મોટર સાયકલના સ્પેરપાર્ટ્સ સસ્તા ભાવે ગ્રાહકોને વેચી દેતા હતા.અગાઉ સુરેશ મંડોલાઈ પકડાઈ જતા તેણે કુવરસીગનું નામ આપ્યું હતું, પરંતુ કુવરસીગ સતત પોતાની ધરપકડ ટાળવા અલગ-અલગ જિલ્લાઓમાં મજૂરી કામ કરી નાસતો ફરતો હતો. ૨૦૨૫માં કોર્ટે તેની સામે ધરપકડ વોરંટ પણ ઈશ્યુ કર્યું હતું. બાતમી મળી હતી કે તે હાલમાં જ પોતાના વતન આવ્યો છે, જેના આધારે ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી તેને ઝડપી લીધો છે અને આગળની કાર્યવાહી માટે કતારગામ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

### ઉધમપુરમાં ગુફામાં

પહેલા પાનાનું ચાલુ

પોલીસ અને CRPF સાથે મળીને ઉધમપુરના બસંતગઢ વિસ્તારમાં ઓપરેશન 'કિયા' શરૂ કર્યું છે. વિસ્તારમાં ઘેરાબંધી કરવામાં આવી છે અને અથડામણ ચાલુ છે.ઉધમપુરની સાથે-સાથે કિશ્તવાડ જિલ્લામાં પણ ઓપરેશન ત્રાશી-૧ ચાલી રહ્યું છે. આ ઓપરેશન ૧૮ જાન્યુઆરીના રોજ ચતરુ બેલ્ટના મંડરાલ-સિંહપોરા નજીક સોનાર ગામના જંગલોમાં શરૂ કરવામાં આવ્યું હતું.

ઓપરેશન ત્રાશી-૧ દરમિયાન છેલ્લા ૧૫ દિવસમાં આતંકવાદીઓ સાથે ચાર વખત અથડામણ થઈ ચૂકી છે. ૧૮ જાન્યુઆરીના રોજ થયેલા પહેલા એન્કાઉન્ટરમાં ૮ જવાન ઘાયલ થયા હતા, જેમાંથી હવાલદાર ગજેન્દ્ર સિંહનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ત્યારબાદ ૨૨ અને ૨૪ જાન્યુઆરીના રોજ અલગ-અલગ અથડામણો થઈ, જ્યારે ૩૧ જાન્યુઆરીના રોજ ડોલગામ વિસ્તારમાં ફરીથી ગોળીબાર થયો.જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં ૨૩ જાન્યુઆરીના રોજ સુરક્ષા દળોએ પાકિસ્તાનના આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના કમાન્ડર ઉસ્માનને ઠાર માર્યો હતો. આતંકવાદીઓની શોધમાં છેલ્લા એક અઠવાડિયાથી ઓપરેશન ચાલી રહ્યું હતું.ઉસ્માન છેલ્લા ૨ વર્ષથી અન્ય આતંકવાદીઓ સાથે ડોડા-ઉધમપુર-કૌથા વિસ્તારમાં એક્ટિવ હતો. એન્કાઉન્ટર સ્થળ પરથી અમેરિકામાં બનેલી સ્જ રાઈફલ, હથિયારો અને દારૂગોળો મળી આવ્યો હતો.

૧૮ જાન્યુઆરીના રોજ કિશ્તવાડના જંગલોમાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આતંકવાદીઓના ગ્રેનેડ હુમલામાં ૮ જવાન ઘાયલ થયા હતા.

૧૯ જાન્યુઆરીના રોજ એક જવાન હવાલદાર ગજેન્દ્ર સિંહ સારવાર દરમિયાન શહીદ થયા હતા. કિશ્તવાડના તરુ બેલ્ટમાં મંડરાલ-સિંહપોરા નજીક સોનાર ગામના જંગલોમાં ઓપરેશન ત્રાશી-૧ ચાલુ છે.

### ત્રણ સગીર સગી

પહેલા પાનાનું ચાલુ

દોડીને નીચે પહોંચ્યા. જોયું તો દીકરીઓ નીચે પડેલી હતી.SP અતુલ કુમાર સિંહે જણાવ્યું-પોલીસને રાત્રે ૨:૧૮ વાગ્યે સૂચના મળી, જેના પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જે ઊંચાઈએથી ત્રણેય બાળકીઓ કૂદી હતી, ત્યાંથી જમીનનું અંતર ૮૦ ફૂટ છે. ત્રણેય બાળકીઓ જમીન પર પડેલી મળી આવી હતી અને ગંભીર રીતે ઘાયલ હતી. તેમને એમ્બ્યુલન્સ મારફતે લોનીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ ત્રણેયને મૃત જાહેર કરી હતી.

### બાંગ્લાદેશમાં હિન્દુઓ

પહેલા પાનાનું ચાલુ

પ્રદર્શનકારીઓએ મૌન પાળ્યું અને પ્રાર્થના કરી. મીડિયા રિલીઝ અનુસાર, તેઓએ સંવેદનશીલ લઘુમતીઓના રક્ષણ માટે શાંતિપૂર્ણ અપીલ પણ જારી કરી.મધ્યપશ્ચિમથી પૂર્વ અને પશ્ચિમ કિનારા સુધી, પ્રદર્શનકારીઓએ પ્રદર્શન કર્યું અને લિંચિંગ, આગચંપી, જાતીય હિંસા અને લક્ષિત હત્યાની ઘટનાઓ અંગે જાગૃતિ ફેલાવી. આ રાષ્ટ્રવ્યાપી ઝુંબેશનું સંકલન દિપાયન દેબ, દીપ્તિ મહાજન, ગીતા સિકંદ અને દિવ્યા જૈન દ્વારા કરવામાં આવ્યું હતું. દૈપાયન દેબે કહ્યું, "આ રેલીઓ શાંતિપૂર્ણ, ગૌરવપૂર્ણ હતી અને માનવતાવાદી હેતુ ધરાવતી હતી." દીપ્તિ મહાજને કહ્યું કે આ ઘટનાઓ કરુણાથી પ્રેરિત હતી, રાજકારણથી નહીં. તેમણે કહ્યું, "તે માનવ ગૌરવ માટે ઉભા રહેવા વિશે હતું, રાજકારણથી નહીં. જ્યારે નિર્દોષ લોકોને નિશાન બનાવવામાં આવે છે, ત્યારે ભય અથવા અગવડતા પર કરુણાનો વિજય થવો જોઈએ." ગીતા સિકંદે કહ્યું કે રેલીઓએ સમુદાયો અને ધર્મોમાં એકતા દર્શાવી. "બાંગ્લાદેશી હિન્દુ અમેરિકનોએ પણ રેલીઓમાં ભાગ લીધો હતો. તેમણે બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા વચ્ચે હિન્દુઓના અસ્તિત્વ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી," ગીતા સિકંદે કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે બાંગ્લાદેશ સરકારની ઉદાસીનતા ચિંતાજનક છે, કારણ કે તેણે હિન્દુઓ અને અન્ય લઘુમતીઓના રક્ષણ માટે અસરકારક પગલાં લીધા નથી.

### સોનામા ૬ હજાર અને

પહેલા પાનાનું ચાલુ

વ્યકત થવા લાગી છે.અમેરિકી ડોલર ફરી વખત નબળો પડયાને પગલે સોના-ચાંદી સળગ્યા છે. બ્લુમબર્ગના રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા ચારેક દિવસ દરમ્યાન વાયદામાં જોવાયેલી આક્રમક વેચવાલી ખત્મ થઇ ગઇ છે અને ફરી વખત નવેસરથી લેવાલીનો દૌર શરૂ થઇ ગયો છે.કેટલાક દિવસોથી મોટી ઉથલપાથલ થઇ તેમાં સામાન્ય ઈન્વેસ્ટરો મોટા ભાગે દુર રહ્યા હતા. અમેરિકાએ ઈરાનનું ડ્રોન તોડી પાડયાના રીપોર્ટ આવ્યાના પગલે પણ તેજીને ટેકો મળી ગયો હતો.દરમ્યાન બેંક ઓફ અમેરિકાએ રીપોર્ટમાં એવી ચોંકાવનારી આગાહી કરી છે કે, સોના-ચાંદીમાં આવતા દિવસોમાં પણ ઉથલપાથલનો દર યથાવત રહી શકે છે. લાંબાગાળે બંને કિંમતી ધાતુમાં તેજી યથાવત રહેશે. ડચ બેંક દ્વારા સોનાનો ભાવ ૬૦૦૦ ડોલરને આંબવાની આગાહી કરવામાં આવી છે.

### અમેરિકી યુદ્ધ જહાજ ૫

પહેલા પાનાનું ચાલુ

સાથે જ તુર્કીયે, કતાર અને મિસરના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહે તેવી સંભાવના છે. કેટલાક સૂત્રો અનુસાર, સાઉદી અરબ, સંયુક્ત અરબ અમીરાત, ઓમાન અને પાકિસ્તાન જેવા અન્ય દેશોના પ્રતિનિધિઓ પણ તેમાં ભાગ લઈ શકે છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૮ જાન્યુઆરીએ ઈરાનને પરમાણુ કાર્યક્રમ પર સમજૂતી કરવા જણાવ્યું હતું. આમ ન કરવા પર તેમણે ચેતવણી આપી હતી કે ઈરાન પરનો આગામી હુમલો પહેલા કરતા ક્યાંય વધુ ખતરનાક હશે.

ટ્રમ્પના મતે, અમેરિકી જહાજોનો એક મોટો કાફલો ઈરાન તરફ આગળ વધી રહ્યો છે અને જો સમજૂતી નહીં થાય તો ખરાબ પરિસ્થિતિ સર્જાઈ શકે છે. અમેરિકી રક્ષા મંત્રી પીટ હેગસેથે પણ કહ્યું છે કે સેના રાષ્ટ્રપતિના કોઈપણ સૈન્ય આદેશ માટે તૈયાર છે.

ગયા મહિને ઈરાનમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં હજારો લોકોના મોત થયા હતા. ટ્રમ્પે ત્યારે પણ હસ્તક્ષેપની ધમકી આપી હતી. તેઓ ઈરાનમાં શાસન પરિવર્તનની વાત પણ કરી ચૂક્યા છે. ઈરાનના નેતાઓ ધમકીઓ વચ્ચે વાતચીત કરવાનો ઈનકાર કરી રહ્યા હતા.

જોકે, હવે તેઓ વાત કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. અહીં, ઈરાની અધિકારીઓ કહી રહ્યા છે કે તેમનો પરમાણુ કાર્યક્રમ ફક્ત ઊર્જા માટે છે, હથિયારો માટે નહીં. તેઓ અમેરિકા તરફથી આપવામાં આવેલા પ્રસ્તાવ પર વિચાર કરવા તૈયાર છે.

### ચીને ૩ વર્ષમાં સોનાના

પહેલા પાનાનું ચાલુ

દેખરેખમાં વીતી છે, જે ચીનના પરમાણુ અને પરંપરાગત મિસાઈલ કાર્યક્રમોને નિયંત્રિત કરે છે. શી એ તેમને ગયા વર્ષે CMCના ઉપાધ્યક્ષ બનાવ્યા હતા.જનરલ ઝાંગ અને કમાન્ડર લિયુ ઝેનલીને હટાવવાથી તે નેતાઓ બહાર થઈ ગયા છે જેઓ સીધા જ સેનાને યુદ્ધ માટે તૈયાર કરવાની જવાબદારી નિભાવતા હતા.આવા સંજોગોમાં, આ પ્રક્રિયાએ વિશ્વની બીજી સૌથી શક્તિશાળી સેનાના શીર્ષ પર એક મોટો શૂન્યવકાશ પેદા કર્યો છે. આનાથી શી જિનપિંગનો પીપલ્સ લિબરેશન આર્મી પર થોડા સમય માટે વિશ્વાસ ઓછો થઈ શકે છે.ચીનમાં સેન્ટ્રલ મિલિટરી કમિશન (CMC)ના વાઇસ ચેરમેન ઝાંગ યુક્સિયા વિરુદ્ધ તપાસ શરૂ થઈ ગઈ છે. અમેરિકી અખબાર વોલ સ્ટ્રીટ જર્નલના એક રિપોર્ટ અનુસાર, તેમના પર ચીનના ન્યુક્લિયર હથિયાર સંબંધિત ગુપ્ત માહિતી અમેરિકાને લીક કરવાનો આરોપ છે.ઝાંગને ૨૪ જાન્યુઆરીએ પદ પરથી હટાવવામાં આવ્યા હતા. ચીનના સંરક્ષણ મંત્રાલયે તેમના પર શિસ્ત અને કાયદાના ગંભીર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે. ઝાંગ પર CMCની અંદર પોતાની અલગ જૂથબંધી કરવા અને પાર્ટીમાં ભાગલા પાડવાનો પણ આરોપ છે.

### સોનાનો ભાવ રૂ. બે લાખે

પહેલા પાનાનું ચાલુ

આ જ રીતે પેપર એસેટસ કરતા ફિઝીકલ સોના તરફનો અભિગમ જાળવી રાખે તેવી સંભાવના છે. આ સંજોગોમાં સોનાનો ભાવ બે લાખને વટાવી શકે છે. બીજી તરફ ચાંદી વિશે જે.પી.મોર્ગને સાવધાની રાખવાની સલાહ આપી છે.

એક સમયે ૧૨૦ ડોલર પર પહોંચી ગયેલી ચાંદીનો ભાવ ૮૭ ડોલર પર આવી ગઇ છે. સોનાની સરખામણીએ વૈશ્વિક બેંકો ચાંદીમાં ખાસ રસ લેતી નથી. તે સંજોગોમાં ચાંદીનો ભાવ અસ્થિર રહી શકે છે.

### ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી

પહેલા પાનાનું ચાલુ

કરવામાં આવશે.વિદેશમાં સાંસ્કૃતિક કેન્દ્રોમાં અનિયમિતતાઓ: વોશિંગ્ટન અને પેરિસમાં ભારતીય મિશન દ્વારા ભારતીય સાંસ્કૃતિક કેન્દ્રોની સ્થાપનામાં અનિયમિતતાઓ અંગેનો ૩૭મો અહેવાલ ગૃહમાં રજૂ કરવામાં આવશે.પાક વીમા યોજના પર સરકારની કાર્યવાહી: પ્રધાનમંત્રી પાક વીમા યોજનાના પ્રદર્શન ઓડિટ પર છઝની અગાઉની ભલામણો પર સરકારે લીધેલા પગલાં અંગેનો ૩૮મો અહેવાલ ગૃહમાં રજૂ કરવામાં આવશે.

### ‘સર’ના મુદ્દે મુખ્યમંત્રી

પહેલા પાનાનું ચાલુ

૨૦૨૫ના `SIR' સંબંધી જે આદેશો ચૂંટણી પંચે જાહેર કર્યા છે તેને રદ કરવાની માંગણી કરી છે અને એ પણ અરજીમાં જણાવ્યું છે કે આ પ્રક્રિયામાં જે રીતે મતદારોને સાબિત કરવાનું રહે છે કે તેઓ ભારતના નાગરિક છે તે પ્રક્રિયા બંધારણની વિરુધ્ધ છે અને નાગરિકતા સાબિત કરવાની જવાબદારી સામાન્ય લોકો ઉપર લાદીને બિનજરુરી વિવાદ ઉભા કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ટીએમસીના અન્ય બે સાંસદોની અરજી પણ સુપ્રિમ કોર્ટમાં છે. મમતા બેનરજી અગાઉ જ આ મુદ્દે આક્રમક છે. ગઈકાલે તેઓ SIR પ્રક્રિયા મુદ્દે ચૂંટણીપંચમાં મુખ્ય ચૂંટણી કમિશ્નરને પણ મળ્યા હતા અને મમતા બેનરજીએ ચૂંટણી પંચ પક્ષપાત બની રહેવાનો આક્ષેપ કર્યો હતો. આમ આજનો મમતા બેનરજીનો મુદ્દો સુપ્રિમ કોર્ટ કેટલો સ્વીકારે છે તેના પર સૌની નજર છે.

### લઘુ-મધ્યમ

પેજ-૨ પાનાનું ચાલુ

rity & Cyber Resilience Framewrok (CSCRF) અંગે મહત્વપૂર્ણ માહિતી મળી હતી, જે તેઓને પોતાના ડિજિટલ વ્યવસાયને વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવા ઉપયોગી બની હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાએ મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની સાયબર સિક્યુરીટી કમિટીના ચેરમેન ડૉ. ચિંતન પાઠકે કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપી હતી. જયારે સાયબર સિક્યુરીટી કમિટીના એડવાઇઝર ડૉ. સ્નેહલ વકીલનાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### સેતુ ફાઉન્ડેશન

પેજ-૨ પાનાનું ચાલુ

નીતિગત સહાય આપવા પ્રતિબદ્ધ છે.SETU ફાઉન્ડેશનની IPFCના હેડ CS. વિજયા મહેશ્વરીએ વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે પેટન્ટ, ટ્રેડમાર્ક, કૉપિરાઇટ, ડિઝાઇન રજિસ્ટ્રેશન તેમજ MSME મંત્રાલય દ્વારા મળતી IPR સંબંધિત સબસિડી અને સહાય યોજનાઓ અંગે માહિતી આપી હતી.

IP નિષ્ણાત ડૉ. અનિલ સરાવગીએ પોતાના સંબોધનમાં Intellectual Property Rightsના વ્યવહારુ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉદ્યોગકારોને ઈને ખર્ચ તરીકે નહી પરંતુ રોકાણ તરીકે જોવાની સલાહ આપી હતી અને અનેક ઉદાહરણો દ્વારા પ્રોટેક્શનના ફાયદા સમજાવ્યા હતા.નિષ્ણાત ડૉ. પંકજ ગાંધીએ MSME માટે IPRની વ્યૂહાત્મક મહત્વતા સમજાવતા કહ્યું હતું કે, નવીનતા અને બૌદ્ધિક સંપત્તિનું સંરક્ષણ ઉદ્યોગના મૂલ્યવર્ધન માટે અત્યંત આવશ્યક છે. તેમણે ફાઈલિંગની પ્રક્રિયા સરળ ભાષામાં સમજાવી હતી.

SETU ફાઉન્ડેશનના ડિરેક્ટર તથા SGCCI મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી પંકજ ત્રિવેદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગકારો, વ્યવસાયિકો તથા સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન SGCCIના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠિયાએ કર્યું હતું.

### જરી કલાને

પેજ-૨ પાનાનું ચાલુ

થતું હતું. ગોપીપુરા, નવાપુરા, વાડીફળીયા જેવા વિસ્તારો જરી ઉદ્યોગના કેન્દ્રબિંદુ હતા. સમય જતાં ઉદ્યોગ થોડો મંદ પડ્યો, પરંતુ હવે ફરીથી તેમાં નવી ઉર્જા જોવા મળી રહી છે.વિશેષ વાત એ છે કે આજે પણ સુરતમાં તૈયાર થતી જરી બનારસ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, બેંગ્લોર જેવા રાજ્યોમાં મોકલવામાં આવે છે, જ્યાં તેને સાડીમાં ગૂંથવામાં આવે છે. સોના અને ચાંદીના તારથી બનેલી આ જરી સાડીઓ આજે ફરીથી યુવા પેઢીની પસંદ બની રહી છે.

મોર્ડનાઈઝેશન સાથે પરંપરાનો સંગમ કરી જરી ઉદ્યોગને જીવંત રાખતા ચેતનકુમાર પ્રવિણભાઈ જરીવાલા જણાવે છે કે, અમારો પરિવાર ૧૦૦ થી ૧૨૦ વર્ષથી પરંપરાગત વ્યવસાય જરી ઉદ્યોગ સાથે સંકળાયેલ છે. પહેલાં જૂની પદ્ધતિથી કામ થતું હતું, પરંતુ સમયની સાથે અમે નવી ટેક્નોલોજી અને મશીનો અપનાવ્યા છે. પરિવારના દરેક સભ્યને અલગ અલગ જવાબદારી સોંપવામાં આવી છે, જેના કારણે વ્યવસાય સરળતાથી આગળ વધી રહ્યો છે. જરી બનાવવાની સાથે સાથે સોના-ચાંદીના તારની સાડીઓનું ઉત્પાદન અને વેચાણ પણ પરિવાર પોતે જ કરે છે. ઘરેથી જ મેન્યુફેક્ચરિંગ થતું હોવાથી ખર્ચમાં બચત થાય છે અને ગુણવત્તા પર નિયંત્રણ રહે છે.

તેઓ વધુમાં કહે છે કે, આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં જ્યાં દેશી પદ્ધતિથી સંચા ચલાવવામાં આવતાં, ત્યાં આજે આધુનિક મશીનોનો ઉપયોગ થઈ રહ્યો છે. ચેતનભાઈ પોતે બી.કોમ એલ.એલ.બી.નો અભ્યાસ કરી ચૂક્યા છે, છતાં વકીલાત છોડીને વારસામાં મળેલા જરી ઉદ્યોગને આગળ વધારવાનું પસંદ કર્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, “લોકોને લાગે છે કે જરી ઉદ્યોગ લુપ્ત થઈ રહ્યો છે, પરંતુ હકીકત એ છે કે અમે નવી પદ્ધતિઓ અપનાવી આ ઉદ્યોગને નવી દિશા આપી રહ્યા છીએ.”

### જરી ઉદ્યોગનો

પેજ-૨ પાનાનું ચાલુ

ગ્રીક ઈતિહાસકાર મેગેસ્થનીઝના ગ્રંથોમાં પણ ભારતીય સોનાચાંદીના તારોથી બનેલા વસ્ત્રો અને કઢાઈનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન સમયમાં રાજા-મહારાજાઓ, નવાબો અને દરબારીઓ માટે તૈયાર થતી વસ્ત્રસજ્જામાં જરીનો વિશેષ ઉપયોગ થતો હતો. મુઘલકાળ દરમિયાન જરીઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું હતું. આ સમયગાળામાં સુરત દેશનું મહત્વપૂર્ણ વેપારી બંદર હોવાથી અહી તૈયાર થતી જરી અને જરીથી બનેલું કાપડ દેશ-વિદેશમાં નિકાસ થતું હતું. સુરત, બનારસ, કાંચીપુરમ અને દક્ષિણ ભારતના વિવિધ પ્રદેશોમાં જરી કળા લોકપ્રિય બની હતી.

સુરતમાં તૈયાર થતી જરી તેની બારીકાઈ, શુદ્ધ સોના-ચાંદીના તાર અને દીર્ઘકાળ સુધી ટકાઉ ગુણવત્તા માટે જાણીતી રહી છે. પરંપરાગત રીતે ઘરઆંગણે થતા લઘુઉદ્યોગરૂપે વિકસેલા જરી વ્યવસાયમાં પેઢી દર પેઢી કારીગરોએ પોતાની કુશળતા અને અનુભવનો નિચોડ આપ્યો છે. સમયાંતરે ટેક્નોલોજી અને ફેશનમાં ફેરફાર થવા છતાં જરીઉદ્યોગે પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખ્યું છે. આધુનિક યુગમાં પરંપરાગત કળા અને આધુનિક ડિઝાઈનના સંયોજનથી જરીઉદ્યોગ ફરી નવી ઓળખ મેળવી રહ્યો છે. GI ટેગ મળવાથી સુરતની જરીને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે, અને આ પરંપરાગત હસ્તકળાના સંરક્ષણ અને સંવર્ધનને નવી દિશા મળી છે.

છેલ્લા પાનાનું ચાલુ

### હિન્દુ યુવતીને

પીડિતા હિંમત કરી રાંદેર પોલીસ મથકે પહોંચી હતી અને પોતાની આપવીતી જણાવી હતી.

યુવતીની ફરિયાદના આધારે રાંદેર પોલીસ દ્વારા તાત્કાલિક એક્શનમાં આવી તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. પોલીસે મુખ્ય આરોપી તોહીદુલ અને તેના સાથીદારની ધરપકડ કરી લીધી છે. આ કેસમાં 'લવ જેહાદ'નો એંગલ પણ સામે આવતા પોલીસે તે દિશામાં તપાસ તેજ કરી છે. હાલમાં પીડિતાને સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ છે, અને આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. લવ જેહાદ અને માનવતાને શર્મસાર કરતી આવી ઘટનાને પગલે સુરત શહેરના લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ સાથે આવા આરોપીઓને ફાંસીની સજા આપવાની માગ કરી રહ્યા છે.

### વર્ષ ૨૦૨૫માં

હતો, પરંતુ હવે તેનું નિદાન અને સારવાર સરળ બની છે. કેટલાક લોકો માને છે કે, આ રોગ સ્પર્શ કરવાથી ફેલાય છે. જો કે આ વાત તદ્દન ખોટી છે. રક્તપિત સ્પર્શ કરવાથી ફેલાતો નથી. સંક્રમિત રોગ હોવા છતાં પણ સ્પર્શ કરવાથી, હાથ મિલાવવાથી કે સાથે ઉઠાવા-બેસવાથી ફેલાતો નથી. સુરત અને તાપી જિલ્લામા છેલ્લા આઠ વર્ષમા અનુક્રમે ૪૩ અને ૧૧ જેટલી રિકન્સ્ટ્રકટીવ સર્જરી કરી દર્દીઓની વિકૃતિ દૂર કરવામાં આવી છે. સુરત અને તાપી જીલ્લામા વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૫-૨૬ (ડીસેમ્બર - ૨૦૨૫ અંતિત) સુધીમા અનુક્રમે રક્તપિતના કારણે પગમાં બધિરતા ધરાવતાં કુલ ૭૩૭૨ અને ૩૪૮૩ રક્તપિતગ્રસ્તોને માઈક્રો સેલ્યુલર રબર શુઝ (એમ.સી.આર.) પૂરા પાડવામાં આવ્યા છે. જેના કારણે પગમાં બધિરતા ધરાવતાં રક્તપિતગ્રસ્તોને પગમાં ન રૂઝાય તેવા ચાંદા (અલ્સર) થી બચાવી શકાય છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૦૪ ફેબ્રુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ગજેરા બંધુઓ પર આઈટીના દરોડામાં મુન્ના ઓલપાડી કનેકશન : ઈડીની એન્ટ્રીની શક્યતા

## આવકવેરાની તપાસમાં સેંકડો કરોડોના બેનામી આર્થિક વ્યવહારો મળી આવ્યા હોવાનો સૂત્રોનો દાવો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**

વસંત ગજેરા લક્ષ્મી ડાયમંડ ગ્રુપ તેમજ રીયલ એસ્ટેટ ગ્રુપ પર ચાલી રહેલી તપાસમાં હવે નવો ફળંગો ફુટ્યો છે. મિલેનીયમ માર્કેટના ડેવલોપર વસંત ગજેરા દ્વારા તૈયાર કરાયેલી ૨૦૦ દુકાનોનો સુરતમાં આવેલા સને ૨૦૦૯-૦૭ના ફ્લડ બાદ સોદો થયો હતો. પ્રતિ દુકાનના રૂ. ૩૦ લાખ લેખે ૨૦૦ દુકાન પ્રવિણ ભુત ઉર્ફે પ્રવિશ અગ્રવાલે ખરીદી લીધી હતી અને આ દુકાનો ૯૦ લાખ પ્રતિ દુકાનના ભાવે બિલટાવી દેવામાં આવી હતી. ૧૦૦ કરોડથી વધુના ટ્રાન્જેકશનો જે-તે સમયે થયા હતા. ત્યારબાદ રાજસ્થાનનાં જયપુર શહેર અને સીકરની વચ્ચે જયારે જમીનનું વેલ્યુએશન ડાઉન થયું હતું ત્યારે પ્રવિણ અગ્રવાલે ૫૦૦ વિંઘા જમીન ખરીદી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ જમીનની હાલની કિંમત ૩૦૦ કરોડથી વધુની થાય છે. આ બાબતે પણ ડીડીઆઈ વિંગ દ્વારા ડોક્યુમેન્ટ શોધવામાં આવી રહયા હોવાનું જાણવા મળ્યું છે.

### સટ્ટા બેટિંગ અને હવાલા નેટવર્ક ભેદવાના પ્રયાસો

ઈન્ટરનેશનલ સટ્ટા બેટીગમાં મુન્ના ઓલપાડીનું નામ પણ ડીડીઆઈ વિંગની તપાસ બાદ ચર્ચાઈ રહયુ છે ત્યારે ક્રેટોસ ક્લબથી માંડીને જુનોમોમેન્ટો ટાવર સુધીની લીકમાં આવતા મુત્રા ઓલપાડી દુબઈથી સુરત અને સુરતથી દુબઈ પણ હવાલાનું નેટવર્ક ધરાવતો હોવાની દિશામાં આવકવેરા વિભાગ તપાસ કરે તો હજી ઘણી બાબતો સપાટી પર આવે તેમ છે.

ડેપ્યુટી ડાયરેક્ટોરેટ ઓફ ઈન્કમટેક્ષની તપાસ દરમિયાન ૩૦ કરોડની રોકડ, જવેલરી સહિતના કરોડો રૂપીયાના જમીન પ્રોજેક્ટના ડોક્યુમેન્ટ મળ્યા છે ત્યારે હવાલા કૌભાંડની દિશામાં કેન્દ્રીત થયેલી તપાસમાં હવે ઈડીની પણ એન્ટ્રીની રાહ જોવાઈ રહી છે. મુત્રા ઓલપાડી ઉર્ફે બ્રિજેશનું નામ પણ આ તપાસમાં ઉછળ્યું છે. ડીડીઆઈ વિંગની તપાસ દરમિયાન એવું ચર્ચાઈ રહયું છે કે હવાલા કિંગ તરીકે જાણીતા મુન્ના ઓલપાડીએ પાલ આરટીઓની સામે આવેલા જુનોમોમેન્ટો ટાવરનો રૂ.૪૦૦ કરોડથી વધુની રકમમાં ઘોડદોડ રોડના એક ઉચ્ચા ગજાના જવેલર્સ મહાવીર કાલીયા સાથે કર્યો હતો. જુનો મોમેન્ટો ટાવરની ખરીદીની આટલી મોટી રકમ ક્યાંથી આવી તે બાબતે પણ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ ડોકીયુ કરી રહ્યા છે.



ગોપી તળાવ પાસે આવેલું મનપાનું મલ્ટી લેવલ પાર્કિંગ રિક્ષા સ્ટેન્ડ બની ગયું હોય જે સ્પષ્ટ જોઈ શકાય છે. પાર્કિંગના મેઈન ગેટ પર જ રિક્ષાચાલકો અડિંગો જમાવીને રાત-દિવસ પડ્યા પાથરિયા રહે છે. ટ્રાફિક પોલીસ આ ન્યુસન્સ વહેલી તકે દૂર કરાવે તે જરૂરી થઈ પડ્યું છે. (તસવીર : હનીફ મલેક)

# ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર લાગેલી આગ ૪૮ કલાક બાદ પણ બેકાબુ

## ફાયર બ્રિગેડની ૮ ગાડીઓ સાથે મોટી સંખ્યામાં ફાયર ફાઈટરો દ્વારા આગને કાબુમાં લેવા પ્રયાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**

ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર સોમવારે વહેલી સવારે લાગેલી આગ ૪૮ કલાક બાદ પણ કાબુમાં આવી નથી. આગને આજે ત્રીજો દિવસ થવા આવ્યો છે ત્યારે ફાયર બ્રિગેડ દ્વારા આગ ઓલવવાના પ્રયાસો આ લખાઈ રહયુ છે ત્યારે ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. અત્રે નોંધવું ઘટે કે એકતો શહેરની હવા પાછલા થોડા દિવસોથી પ્રદુષિત છે તેવામાં બળતામાં ઘી હોમાયું હોય તેમ ખજોદ ડિસ્પોઝલની આગને કારણે આસપાસના વિસ્તારોમાં હવા પ્રદુષિત બની છે. આ બાબતે જીપીસીબી દ્વારા સ્થલ તપાસ કરીને રિપોર્ટ ગાંધીનગર પણ મોકલવામાં આવ્યો

સુરત ફાયર કંટ્રોલ પાસેથી મળતી વિગત અનુસાર ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર સોમવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ કચરામાં લાગેલી આગ આજે ત્રીજા દિવસે પણ કાબુમાં આવી નથી. ફાયર બ્રિગેડની ૮ ગાડીઓ મોટા સ્ટાફ સાથે આગ ઓલવવાની કામગીરીમાં લાગ્યું છે. કચરાના ઢગલા પર લાગેલી આગને કાબુમાં લેવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. ૪૮ કલાક ઉપરાંતનો સમય વિતી ગયો છે તેમ છતાં આ આગ કાબુમાં આવી નથી. પ્લાસ્ટીક સહિતનો કચરો સળગી ઉઠ્યો હોય ખજોદ સહિત આસપાસના વિસ્તારોમાં હવા પ્રદુષિત બની છે./

# ઉધનાની સોનલ ઈન્ડસ્ટ્રીઝના કારખાનામાં લાગેલી આગ

## આગની દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**

શહેરના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા ઉધનામાં આજે વહેલી સવારે આગની એક દુર્ઘટના સામે આવી હતી. ઉધના સ્થિત સોનલ ઈન્ડસ્ટ્રીયલ વિભાગમાં આવેલા એક કારખાનામાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે ડાયરે સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો

મળતી માહિતી મુજબ, આજે વહેલી સવારે સોનલ ઈન્ડસ્ટ્રીયલ વિભાગના અચાનક એક કારખાનામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સવારના સમયે કામ પર જતા સેંકડો કારીગરો પણ આ દ્રશ્ય જોઈને ઘટના સ્થળે થંભી ગયા હતા, જેના કારણે રસ્તા પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

ઘટનાની જાણ તાત્કાલિક ફાયર વિભાગને કરવામાં આવતા, ફાયર ફાઈટરની ટીમ કાફલા સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, પરંતુ કારખાનામાં રહેલો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

# હિન્દુ યુવતીને ૨૦ દિવસ સુધી ગોંધી રાખી બે વિધર્મી યુવકોનો સામૂહિક બળાત્કાર

## હિન્દુ નામ ધારણ કરનાર બંને વિધર્મી યુવકો યુવતીને નશાના ઈન્જેકશન આપતા હતા : તોહીદુલ સહિત બેને ઝડપી પાડતી રાંદેર પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**



ડાયમંડ સિટી સુરતના રાંદેર વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. સોશિયલ મીડિયા પર થયેલી મિત્રતા યુવતી માટે કાળ સાબિત થઈ છે. વિધર્મી યુવકે પોતાની અસલી ઓળખ છુપાવી, હિન્દુ નામ ધારણ કરી યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી અને ત્યારબાદ તેના પર ગુજારવામાં આવેલી હેવાનિયતે સુરત પોલીસને પણ દોડતી કરી દીધી છે.

રાંદેર પોલીસના જણાવ્યા મુજબ, મુખ્ય આરોપી તોહીદુલ દ્વારા પોતાની અસલી ઓળખ છુપાવી 'રોહિત' નામ જણાવી યુવતી સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક કેળવવામાં આવ્યો હતો. યુવતીને વિશ્વાસમાં લીધા બાદ, જન્મદિવસની ઉજવણી કરવાના બહાને તેને બોલાવવામાં આવી હતી. અહીંથી જ યુવતી માટે ૨૦ દિવસ લાંબી નરકયાતનાની શરૂઆત થઈ હતી. જ્યાં યુવતીને બે નરાધામો દ્વારા ૨૦ દિવસ સુધી હવસનો શિકાર બનાવવામાં આવી હતી. આ દરમિયાન તેને નશાના ઈન્જેકશન પણ આપવામાં આવ્યા હતા.

નરાધમોએ યુવતીને એક અજાણી જગ્યાએ બંધક બનાવી દીધી હતી. યુવતી પ્રતિકાર ન કરે તે માટે તેને સતત નશીલા ઈન્જેકશન આપવામાં આવતા હતા. અર્ધબેભાન અવસ્થામાં તેની સાથે સતત ૨૦ દિવસ સુધી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આખરે, આરોપીઓની ચુંગાલમાંથી છૂટીને

અનુસંધાન પાના ૭ પર



સુરત શહેરના રિંગરોડ ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારમાંથી પસાર થતી નહેર હાલ બંધ હોવાથી ગંદકીથી તરબતર બની ગઈ છે. નહેરમાં ગંદકીના કારણે આસપાસના વિસ્તારોમાં મચ્છરોનો પણ ઉપદ્રવ વધી ગયો છે. (તસવીર : હનીફ મલેક)

# ડીંડોલીમાં લોનના હપ્તા નહીં ભરી શકતા આધેડનો આપઘાત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

ડિંડોલીમાં લોનના હપ્તા સમયસર ભરી નહી શકતા યુવકે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ મહેસાણા વડનગરના વતની રોહિત બાબુલાલ પટેલ (૪૫ વર્ષ) હાલ ડીંડોલી મધુરમ સર્કલ પાસે આવેલ શ્રી રેસીડેન્સીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે સાડી ફોલ્ડિંગનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. રોહિતે વિવિધ પ્રકારની લોન લીધી હતી. તેના સમયસર હત્યા નહી ભરી શકતા તે ટેન્શનમાં આવીને ૨૦મી જાન્યુઆરીના રોજ બપોરે તેએ ઘરમાં ઝેર પી લીધું હતું. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે સવારે મોત નિપજ્યું હતું.

# જમીન વિવાદમાં ખેડૂતની આગોતરા જામીન અરજી રદ

## તપાસ નાજુક તબક્કામાં હોવાથી જામીન આપવા કોર્ટનો ઈનકાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૪**

સુરતના જીખાવ ગામના રહીશ ખેડૂતની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી વિરુદ્ધ હાલમાં તપાસ ચાલી રહી હોય કોર્ટે આ તબક્કે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

આરોપી કલ્પેશકુમાર મણીલાલ પટેલ સામે જમીન વિવાદમાં સંડોવણી હોવાનો આરોપ છે. કલ્પેશ પટેલે આ આરોપસર ધરપકડની આશંકાએ આગોતરા જામીન માંગવામાં આવ્યા હતા. જેની સામે સરકારી વકીલ દીપેશ દવેએ વિરોધ કરતા જણાવ્યું હતું કે, આ ગુનામાં અરજદારની સક્રિય ભૂમિકા જણાય છે અને જો તેમને જામીન આપવામાં આવે તો તપાસમાં અવરોધ ઊભો થઈ શકે તેમ છે. મૂળ ફરિયાદીના વકીલ જય દેસાઈએ પણ સોગંદનામું રજૂ કરી જામીનનો વિરોધ કર્યો હતો.

કોર્ટે તમામ દલીલો સાંભળ્યા બાદ નોંધ્યું હતું કે હાલમાં પોલીસ તપાસ ચાલુ છે.આવા સંજોગોમાં આગોતરા જામીનનો સામાન્ય આદેશ આપી શકાય નહી.

ગુનાની ગંભીરતા જોતા આ તબક્કે કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન જરૂરી છે કે નહી તે FIR નોંધાયા બાદ જ નક્કી થઈ શકે.અંતે, તપાસ પ્રારંભિક અને મહત્વના તબક્કે હોવાથી કોર્ટે BNSS ની કલમ ૪૮૨ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરવાનો ઈનકાર કરી જામીન અરજી રદ કરી હતી.

# વર્ષ ૨૦૨૫માં રક્તપિત્તના ૪૫૯ નવા દર્દીઓ મળી આવ્યા

## સુરત અને તાપી જિલ્લામા અનુક્રમે ૪૩ અને ૧૧ દર્દીઓની રિકન્સ્ટ્રકટીવ સર્જરી

**સુરત, તા.૪**

સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન(SLAC)-વર્ષ -૨૦૨૬ અન્વયે કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દર વર્ષે તા.૩૦મી જાન્યુ.થી તા.૧૩મી ફેબ્રુઆરી દરમ્યાન રક્તપિત વિશે લોકોમાં જનજાગુતિ આવે તે માટે કામગીરી હાથ ધરવામાં આવનાર છે, જેના આયોજન અર્થે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ, જિલ્લા રક્તપિત્ત અધિકારી જિજ્ઞેશ પટેલ સહિત તાલુકા આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં રક્તપિત્ત રોગને નાથવા અને રોગને નાબુદ કરવાના સક્રિય પગલાઓ, માટે વધુમાં વધુ જનજાગૃતિ કાર્યો હાથ ધરવા કલેકટરશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો. આ વર્ષે રક્તપિત અંગે જનજાગૃતિ પખવાડિયા અન્વયે એન્ટી લેપ્રસી ડેની થીમ "Ending Discrimination, Ensuring Dignity" એટલેકે "ઘૃણાનો અંત લાવવા, ગૌરવને સ્વીકારવા" માટે તેમજ "ઘૃણા અને ભેદભાવ પ્રત્યે શુન્ય સહિષ્ણુતા" દાખવવા તમામ જિલ્લાઓમાં ગ્રામસભાના માધ્યમથી રક્તપિત વિશે જનજાગૃતિ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી જિજ્ઞેશ પટેલે જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં રક્તપિત રોગનો પ્રમાણદર ડિસેમ્બર-૨૦૨૫ની સ્થિતીએ ૧૦,૦૦૦ની વસ્તીએ ૦.૬૪ અને તાપી જિલ્લામાં આ પ્રમાણદર ૧૦૦૦૦ ની વસ્તીએ ૨.૧૬ છે. જ્યારે ગુજરાત રાજ્યનો રક્તપિત રોગનો પ્રમાણદર ૧૦૦૦૦ ની વસ્તીએ ૦.૪૫ છે. વર્ષ ૨૦૨૫ના ડિસેમ્બર સુધીમાં સુરત શહેર-જિલ્લામાં ૪૫૯ જેટલા રક્તપિત્તના દર્દીઓ મળી આવ્યા છે. જેની સારવાર શરૂ છે. ડિસેમ્બર-૨૦૨૫ અંતિત કુલ ૧૨ માંથી ૪ હાઈએન્ડેમિક જિલ્લાઓ (વડોદરા, પંચમહાલ, મહીસાગર, સુરત)માં રોગનું પ્રમાણદર ૧ કરતા ઓછું લાવવામાં સફળતા મળી છે. ઘણા સમય સુધી રક્તપિતને અસાધ્ય રોગ માનવામાં આવતો

અનુસંધાન પાના ૭ પર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ફેબ્રુઆરી - ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ફેબ્રુઆરી-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.